ગુજરાતનું વિશ્વસનિય દૈનિક

# પાક્કો ગુજરાત

RNI NO. : GUJGUJ/2016/67425

28 DECEMBER, 2025 SUNDAY



પેજ 2



ભારત માટે પોતાના જ દેશના વિદેશ મંત્રી સાથે બાખડી પડ્યા ન્યૂઝીલેન્ડના PM

પેજ 3



'દરજી પ્રીમિયર લીગ (DPL-12)' નું ભવ્ય આયોજન

પેજ 7



ગોધરાના અંબાલિમાં જિલ્લા વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

પેજ 5

ગોધરા ખાતે ભારતના સર્વ પ્રથમ આલ્કલાઈન એટીએમનો પ્રારંભ

I Pakkogujarat/ I VOL : 10 I Issue : 282 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN • MO : 9662420070 • E-Mail : pakkogujarat7@gmail.com

### સિંધુ જળ સંધિ રદ કર્યા બાદ ભારતનો બીજો મોટો નિર્ણય

# ચિનાબ નદી પર બીજા પ્રોજેક્ટને આપી મંજૂરી

## ચિનાબ નદી પર વધુ 260 મેગાવોટના પ્રોજેક્ટને મંજૂરી : સિંધુ ખીણમાં અનેક પ્રોજેક્ટ પર ચાલી રહ્યાં છે કામ

• જમ્મુ

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં 22 એપ્રિલ-2025ના રોજ આતંકવાદી હુમલો થયો હતો, ત્યારબાદ ભારત આતંકવાદને પ્રોત્સાહન આપતા પાકિસ્તાન વિરુદ્ધ એક પછી એક કાર્યવાહી કરી રહ્યું છે. ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર હેઠળ પીઓકે અને પાકિસ્તાન સ્થિત આતંકવાદી ઠેકાણાઓને નષ્ટ કરી નાખ્યા હતા, એટલું જ નહીં ભારતે સિંધુ જળ સમજૂતી પણ રદ કરી દીધી હતી, જેના કારણે પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય મંચો પાસે જઈને ભારત વિરુદ્ધ ઝેર ઓકવાની સાથે પાણી માટે ભીખ માગી રહ્યું છે. એટલું જ નહીં, બિલાવ ભુટ્ટો સહિતના પાકિસ્તાની નેતાઓ ભારત પર પરમાણુ હુમલો કરવાની પણ ધમકી આપતા રહ્યા છે. હવે ભારતે પાકિસ્તાનને વધુ એક મોટો પાઠ ભણાવ્યો છે અને એક મોટા પ્રોજેક્ટને મંજૂરી આપી દીધી છે, જેના કારણે પાકિસ્તાનના ટેન્શનમાં વધુ વધારો થયો છે.

ભારતના પર્યાવરણ મંત્રાલયની એક સમિતિએ જમ્મુ-કાશ્મીરના કિશ્તવાડ જિલ્લા સ્થિત ચિનાબ નદી પર 260 મેગાવોટની 'દુલહસ્તી જળવિદ્યુત પ્રોજેક્ટ'ના બીજા તબક્કાને મંજૂરી આપી દીધી છે. હવે આ 3200 કરોડ રૂપિયાના 'રન ઑફ ધ રિવલ' પ્રોજેક્ટ માટે ટેન્ડર જારી કરવાનો રસ્તો સાફ થઈ ગયો છે. ભારત દ્વારા સિંધુ જળ સંધિને સ્થગિત કરવાનો અને દુલહસ્તી પ્રોજેક્ટના બીજા તબક્કાને મંજૂરી આપવાનો નિર્ણય પાકિસ્તાન માટે અનેક રીતે નુકસાનકારક સાબિત થઈ શકે છે. 'રન ઑફ ધ રિવલ' જળવિદ્યુત પ્રોજેક્ટના ધ્યેય સાથે સંકળાયેલો બીજા તબક્કાનો પ્રોજેક્ટ એક એવો પ્રોજેક્ટ છે, જેમાં નદીઓના જળ પ્રવાહમાં કોઈપણ અડચણ ઊભી કર્યા વગર વીજળીનું ઉત્પાદન કરી શકાય છે. પ્રોજેક્ટની ખાસિયત એ છે કે, નદીમાં કોઈપણ અચડણ કર્યા વગર કુદરતી પ્રવાહનો ઉપયોગ કરી શકાય છે.

દુલહસ્તી જળવિદ્યુત પ્રોજેક્ટ પર વર્તમાનમાં 390 મેગાવોટ વીજળીનું ઉત્પાદન કરવા પર કામ થઈ રહ્યું છે. વર્ષ 2007માં NHPCએ આ પ્રોજેક્ટ ચાલુ કર્યો હતો, જે હાલમાં પણ સફળતાપૂર્વક ચાલી રહ્યો છે. હવે પ્રોજેક્ટના બીજા તબક્કાને મંજૂરી મળ્યા બાદ વધુ 260 મેગાવોટ વીજળીનું ઉત્પાદન કરી શકાશે. જ્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચે સિંધુ જળ સંધી લાગુ હતી, ત્યાં સુધી પાકિસ્તાનનો સિંધુ, જેલમ અને ચિનાબ નદી પર અધિકાર હતો, જ્યારે રાવી, બ્યાસ અને સતલુજ નદી પર ભારતનો અધિકાર હતો. હવે સંધિ રદ કરી દેવાઈ છે, તેથી ભારત સરકારે સિંધુ બેસિન પર અનેક જળવિદ્યુત પ્રોજેક્ટની કામગીરી આગળ વધારી રહી છે.




### મનરેગાને ખતમ કરવા વિરુદ્ધ દેશવ્યાપી અભિયાનની જરૂર: ખડગે

# 'મનરેગાને લઈને દેશવ્યાપી આંદોલન કરીશું', CWCની બેઠક બાદ કોંગ્રેસનું મોટું એલાન

• નવી દિલ્હી

કોંગ્રેસનો સર્વોચ્ચ નિર્ણય લેનારી સંસ્થા કોંગ્રેસ વર્કિંગ કમિટી (CWC) ની શનિવારે (27 ડિસેમ્બર, 2025) બેઠકનું આયોજન કરાયું હતું. આ બેઠકમાં રાહુલ ગાંધી, સોનિયા ગાંધી, મલ્લિકાર્જુન ખડગે અને શશિ થરૂર સહિત કોંગ્રેસમાં લગભગ તમામ દિગ્ગજ સામેલ થયા હતા. શશિ થરુર પણ આ બેઠકમાં સામેલ થયા. ત્યારે હવે કોંગ્રેસ મનરેગા (MGNREGA) નું નામ VB- જી રામ જી કરવાને લઈને દેશવ્યાપી વિરોધ પ્રદર્શન કરશે. 5 જાન્યુઆરીથી તેના વિરુદ્ધ અભિયાન ચલાવવામાં આવશે. આ માહિતી શનિવારે કોંગ્રેસ વર્કિંગ કમિટી (CWC)ની બેઠક બાદ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આપી હતી.




કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ કહ્યું કે, 'મનરેગા માત્ર યોજના નહીં, આ અધિકારોનો સિદ્ધાંત હતો. એટલે તેનાથી દેશના કરોડો લોકોને લઘુતમ વેતન મળતું હતું. મનરેગા બંધ કરવી ડાયરેક્ટ રાઈડ બેઝડના કોન્સેપ્ટ પર આક્રમણ છે. આ જે પૈસા લેવાઈ રહ્યા છે, તે રાજ્યો પાસેથી છીનવીને કેન્દ્ર સરકાર લઈ રહી છે. આ પાવર ઓફ ફાઈનાન્સ કોન્ટ્રાક્ટ છે. આ નિર્ણય સીધા વડાપ્રધાન હાઉસથી લેવાયો છે.' આ દરમિયાન કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, 'મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (મનરેગા)ને ખતમ કરવા વિરુદ્ધ દેશવ્યાપી અભિયાનની જરૂરિયાત છે.' મલ્લિકાર્જુન ખડગેએ CWC બેઠકમાં મોદી સરકાર દ્વારા મનરેગાને ખતમ કરીને ગરીબો પર 'ક્રૂર પ્રહાર' ગણાવ્યો છે. તેમણે કહ્યું કે, 'આ લોકશાહી, બંધારણ અને નાગરિક અધિકારો પર ગંભીર સંકટ છે. ખડગેએ મનરેગાને મહાત્મા ગાંધીના સર્વોદય વિચાર વિરુદ્ધ ગણાવ્યું છે.

# હું મંજૂર નહીં કરૂં ત્યાં સુધી ઝેલેન્સ્કીને કશું મળવાનું નથી : ટ્રમ્પ

વોશિંગ્ટન : પ્રમુખ ટ્રમ્પે શુક્રવારે (સ્થાનિક સમય પ્રમાણે) સ્પષ્ટ સંકેત આપ્યો હતો કે રશિયા-યુક્રેન યુદ્ધ બંધ કરવા માટેના ઝેલેન્સ્કીનો પ્રસ્તાવ સ્વીકાર્ય નથી.

ઝેલેન્સ્કી ફ્લોરિડામાં ટ્રમ્પને મળવાના છે, તે પહેલાં પ્રમુખે પોતાનું મંતવ્ય જણાવી દીધું હતું. પ્રમુખે બહુ સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું હતું કે, ''હું જ્યાં સુધી મંજૂર નહીં કરૂં ત્યાં સુધી ઝેલેન્સ્કીને કશું મળવાનું નથી.'' પોલિટિકોને આપેલી મુલાકાતમાં તેઓએ કહ્યું, ''જોઈએ તેની પાસે શું છે ?'' (ક્યો પ્રસ્તાવ છે ?) ઉલ્લેખનીય તો તે છે કે ગત વર્ષે જાન્યુઆરી ૨૦મીએ પ્રમુખ પદના શપથ લીધા પછી અને તે પહેલાં પણ ચૂંટણી પ્રચાર સમયે ટ્રમ્પ વારંવાર કહેતા આવ્યા છે કે યુક્રેન યુદ્ધ બંધ કરવું મારી સૌથી પહેલી પ્રાથમિકતા છે. આ યુદ્ધ બંધ કરવાના પહેલા પ્રયાસ રૂપે ટ્રમ્પે ઓગસ્ટમાં પ્રમુખ પુતિન સાથે આલાસ્કામાં મંત્રણા કરી હતી. જોકે આ મંત્રણા સફળ તો થઈ જ હતી. છતાં પ્રમુખ ટ્રમ્પ પુતિન સાથે સતત સંપર્કમાં રહ્યાં છે. રશિયા સાથે મડાગાંઠ પડવાનું યુક્રેનનું મુખ્ય કારણ ડોનબાસના બે પ્રાંતો લુહાન્સ્ક અને ડોનોત્સક ઉપર રશિયાનો કબજો છે. યુક્રેન તે પાછા મેળવવા માગે છે, જ્યારે રશિયા કહે છે. તે રશિયન-ભાષી વિસ્તારોમાં રશિયનો જ વધુ રહે છે માટે તે વિસ્તારો રશિયાને મળવા જ જોઈએ. અત્યારે તે પ્રાંતો રશિયન દળોના તાબા નીચે હોઈ ડી-ફેક્ટો રીતે તે રશિયાના છે જ. જેને રશિયા ડી-જ્યુરે કબજો મેળવવા માગે છે. જે અંગે ટ્રમ્પ પણ મહદ્અંશે સહમત છે. ઝેલેન્સ્કીને તે સ્વીકાર્ય નથી. તેમજ દક્ષિણનો દ્વિપકલ્પ ક્રીમીયા પણ રશિયાના તાબામાં છે.

### પોલીસે બળજબરીથી ઘરમાંથી કાઢ્યા હોવાનો દાવો

# કર્ણાટકમાં કોંગ્રેસની સરકારે 400 મુસ્લિમોના ઘરો પર ચલાવ્યું બુલડોઝર

• બેંગ્લુરુ

કર્ણાટક સરકારે બેંગલુરુમાં 400થી વધુ ઘરો પર બુલડોઝર ફેરવી નાખ્યા બાદ ભારે વિવાદ ઉભો થયો છે. આ અઠવાડિયાની શરૂઆતમાં મકાનો તોડી પડાતા અનેક લોકો, જેમાં મોટાભાગે મુસ્લિમ સમાદના લોકો છે, તેઓ બેઘર થઈ ગયા છે. આ કાર્યવાહી બાદ સત્તાધારી કોંગ્રેસ અને કેરળ લેફટ ફ્રન્ટ યુનિટ વચ્ચે શાબ્દિક પ્રહારો શરૂ થઈ ગયા છે.

રિપોર્ટ મુજબ, શહેરમાં વર્ષની સૌથી વધુ ઠંડી પડી રહી છે, ત્યારે બેંગલુરુ સૉલિડ વેસ્ટ મેનેજમેન્ટ લિમિટેડની ટીમ ચાર જેસીબી અને 150થી વધુ પોલીસ કર્મચારીઓને લઈને 22 સપ્ટેમ્બરે સવારે 4.00 કલાકે કોગિલુ ગામના ફકીર કૉલોની અને વસીમ લેઆઉટમાં પહોંચી ગઈ હતી, જ્યાં તેમણે અનેક મકાનો તોડી નાખતા 400 પરિવારો બેઘર થઈ ગયા છે.

કર્ણાટક સરકારે કહ્યું કે, જે ઘરો તોડી પાડવામાં આવ્યા છે, તે ઉર્દૂ ગર્વમેન્ટ શાળા પાસે એક સરકારી જમીન પર ગેરકાયદે ઘરો બનાવવામાં આવ્યા હતા. જોકે ત્યાંના રહેવાસીઓએ દાવો કર્યો છે કે, તેમને કોઈપણ નોટિસ આપવામાં આવી નથી અને પોલીસે તેમને ઘરમાંથઈ બળજબરીથી કાઢ્યા છે. આ કારણે સેંકડો લોકોએ કડકડતી ઠંડીમાં રસ્તા પર અને કામચલાઉ શેલ્ટર હોમમાં રાત વિતાવવી પડી રહી છે. મીડિયા રિપોર્ટમાં કેટલાક રહેવાસીઓને ટાંકીને કહેવાયું છે કે, તેઓ 25 વર્ષથી તે વિસ્તારમાં રહેતા હતા અને તેમની પાસે આધાર કાર્ડ અને મતદાર આઈડી કાર્ડ પણ છે. હવે આ મુદ્દે કોંગ્રેસ સરકાર વિવાદમાં ઘેરાઈ ગઈ છે. બુલડોઝર કાર્યવાહીના કારણે લોકો સરકારના વિરોધમાં દેખાવો અને પ્રદર્શનો કરી રહ્યા છે. કેટલાક લોકો મહેસૂલ મંત્રી કૃષ્ણા બાગરે ગોડના ઘર પાસે પણ પહોંચી ગયા છે અને દેખાવો કર્યા છે. એટલું જ નહીં દલિત સંઘર્ષ સહિત અનેક સંગઠનો પણ વિરોધમાં જોડાયા છે. કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયને ટીકા કરી, બુલડોઝર કાર્યવાહીને કોંગ્રેસની લઘુમતી વિરોધી નીતિ ગણાવી છે. જ્યારે કેરળના મંત્રી વી.શિવનકુટ્ટીએ કહ્યું કે, કોંગ્રેસે અમાનવીય કાર્યવાહી કરી છે, જે ઈમરજન્સીની યાદ અપાવે છે. જે લોકો ધર્મનિરપેક્ષતા અને લોકશાહીના નામે સત્તામાં આવ્યા છે, તેઓ ગરીબ લોકોના ઘરો તોડીને ફરી પોતાનો પાખંડ દેખાડી રહ્યા છે.

# બે વર્ષમાં હજ્જારો ડૉક્ટરો, ઈજનેરો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સે દેશ છોડી દીધો

## આસીમ મુનીર મૂંઝાયા હવે શુ કરીએ

• નવી દિલ્હી

પાકિસ્તાન અસામાન્ય આર્થિક ભીંસ ભોગવી રહ્યું છે. નોકરી-ધંધા તૂટતા જાય છે. બીજી તરફ નવા ઉદ્યોગો આવવાની કોઈ સંભાવના દેખાતી નથી. દેશનું સમગ્ર અર્થતંત્ર લગભગ વિદેશો સાઉદી અરબ અને ચીન તથા આઈએમએફની લોન ઉપર તો ટકી રહ્યું છે. ભાવો આસમાને જતા જાય છે. આ પરિસ્થિતિ છેલ્લાં બે વર્ષથી ચાલે છે. પરિણામે છેલ્લાં બે વર્ષમાં હજ્જારો ડૉક્ટરો, એન્જિનીયર્સ અને ચાર્ટર્ડ એકાઉન્ટન્સ દેશ છોડી રહ્યાં છે. આથી ફરી તેની આર્થિક હાલત નબળી થવા સંભવ છે. કારણ કે તેઓ તો સોસાયટીનાં બેકબોન છે.

પાકિસ્તાનની બ્યુરો ઓફ એમીગ્રેશન એન્ડ ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટના રિપોર્ટ પ્રમાણે છેલ્લાં બે વર્ષમાં પાકિસ્તાનમાંથી ૫ હજાર તબીબો, ૧૧ હજાર ઈજનેરો અને ૧૩ હજાર એકાઉન્ટન્ટસ દેશ છોડી જતા રહ્યાં છે.

પહેલી જ દ્રષ્ટિએ આ આંકડા ડરાવનારા લાગે છે. તેવામાં સેના પ્રમુખ અસીમ મુનીરે તેને બ્રેઈન ડ્રેઈન નહીં પરંતુ બ્રેઈન ગેઈન તરીકે જણાવતું. આ કઈ રીતે કહી શકાય ? તેવા પ્રશ્નનો તેઓ જવાબ આપી શકતા નથી.

આ પરિસ્થિતિમાં પાકિસ્તાનના પૂર્વ સેનેટર મુસ્તફા નવાઝ શેવરે શહબાઝ સરકાર ઉપર જ સીધું નિશાન તાક્યું છે. તેમણે આ આંકડા સોશ્યલ મિડીયા ઉપર શેર કરતાં લખ્યું કે, ''રાજનીતિ સુધારશો તો જ ઈકોનોમી સુધરશે'' આ સાથે તેઓએ વધુમાં કહ્યું કે પાકિસ્તાન દુનિયાનું ચોથું સૌથી મોટું ફ્રી-લાસિંગ હબ છે. પરંતુ ઈન્ટરનેટ બંધ થવાને લીધે તેને ૧.૬૨ અબજ ડોલરનું નુકસાન વેઠવું પડયું છે. સાથે ૨૩.૭ લાખ લોકોની નોકરીઓ ઉપર ખતરો ઝળુંબી રહ્યો છે.

રિપોર્ટ પ્રમાણે ૨૦૨૪માં ૭ લાખ ૨૭ હજાર ૩૮૧ પાકિસ્તાનીઓએ વિદેશમાં જોબ માટે અરજી કરી. ૨૦૨૫ના નવેમ્બર સુધીમાં ૬ લાખ ૮ હજાર ૨૦૬ લોકો જોબ માટે રજીસ્ટર થયા છે.

### 22,350થી વધુ ફ્લાઈટ વિલંબમાં મૂકાઈ

# અમેરિકામાં તોફાની બરફ વર્ષા : 2100 ફ્લાઈટ રદ

બોસ્ટન : અમેરિકામાં ઉત્તર-પૂર્વમાં બરફના તોફાન સાથે વાવાઝોડું ત્રાટકશે, જેને પગલે ૮ ઈંચ સુધી બરફ પડી શકે છે, જેથી ક્રિસમસની રજા પછીના વીકએન્ડમાં જનજીવન ખોરવાઈ શકે છે. ન્યૂયોર્કથી ફિલાડેલ્ફિયા સુધીમાં ૬ કરોડ લોકો પર વિન્ટર સ્ટોર્મ ડેવિનના અસરની શક્યતા છે. આ વાવાઝોડાના કારણે રજાઓના પીક ટ્રાવેલ સમયે એરલાઈન્સે ૨૧૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ કરવી પડી અથવા ૨૨,૩૪૯થી વધુ ફ્લાઈટ વિલંબથી ચાલી રહી છે જ્યારે અનેક રાજ્યોમાં હિમવર્ષાની આશંકાથી કમર્શિયલ માર્ગ વાહન-વ્હવહાર અટકાવી દેવાયો છે. ન્યૂ જર્સી, પેન્સિલવેનિયાએ વાહન વ્યવહાર પર નિયંત્રણો નાંખી દીધા છે.

ફ્લાઈટ ટ્રેકિંગ વેબસાઈટ ફ્લાઈટઅવેર મુજબ સમગ્ર અમેરિકામાં એરલાઈન્સે શુક્રવારે હજારો ફ્લાઈટ્સ રદ કરી અથવા વિલંબથી ચલાવી હતી. અમેરિકામાં ગ્રેટ લેક્સથી લઈને ઉત્તર-પૂર્વ સુધી હવામાન ખતરનાક બનતા મોટા એરપોર્ટ્સ પર કામકાજમાં અવરોધો ઊભા થાય હતા. હવામાન વિભાગે શુક્રવારથી લઈને રવિવાર સુધી બરફીલા તોફાનની આગાહી કરી છે. ન્યૂયોર્ક સિટીમાં વર્ષ ૨૦૨૨ બાદ વિક્રમી સ્તરે બરફ પડવાની આશંકા છે. ગવર્નર કેથી હોચુલે શુક્રવારે કહ્યું કે, ઈમર્જન્સી જાહેરાત મુજબ પ્રતિ કલાક બે ઈંચથી વધુ વરસાદ પડી શકે છે. વિન્ટર સ્ટોર્મ ડેવિનના કારણે ન્યૂ યોર્ક, ન્યૂ જર્સીએ ઈમર્જન્સી જાહેર કરી છે. ન્યૂયોર્કના ગવર્નર કાથી હોચુલેએ અડધા રાજ્યમાં ઈમર્જન્સી જાહેર કરી છે. એ જ રીતે ન્યૂ જર્સીના કાર્યકારી ગવર્નર તાહેશા વેએ જોખમી શિયાળુ તોફાનના કારણે સંપૂર્ણ રાજ્યમાં ઈમર્જન્સી જાહેર કરી છે.

# બાંગ્લાદેશમાં ગાયક જેમ્સનો કાર્યક્રમ રદ કરાયો : ટોળાંનો ભારે પથ્થરમારો

## કટ્ટરપંથીઓએ 'છાયા-નૌત' સાંસ્કૃતિક કેન્દ્ર સળગાવ્યું

• ઢાકા

અહીંથી આશરે ૧૨૦ કી.મી. દૂર આવેલા ફરીદપુરમાં લોકપ્રિય ગાયક-સંગીતકાર અને બંદીશકાર જેમ્સનો સંગીત કાર્યક્રમ રદ કરવો પડયો હતો. કારણ કે કટ્ટરપંથી ઈસ્લામિસ્ટે કાર્યક્રમ જ્યાં યોજાયો હતો તે નાટયગૃહ છાયા-નૌત તરફ ધસી જઈ ભારે પથ્થરમારો અને ઈંટ મારો કર્યો હતો. તેથી જેમ્સ અને તેના સાર્જિદાઓ સ્થળ છોડી ચાલ્યા ગયા પછી ટોળાંએ તે સાંસ્કૃતિક કેન્દ્ર 'છાયા-નૌત' પણ સળગાવી દીધું હતું.

ગત શુક્રવારે બનેલી આ ઘટના અંગેની વિગતો તેવી છે કે, ત્યાંની એક શાળાના વાર્ષિકોત્સવ નિમિત્તે આ કાર્યક્રમ યોજાયો હતો. શુક્રવારે રાત્રે નવ કલાકે તે શરૂ થવાનો હતો ત્યારે ઈસ્લામિક કટ્ટરપંથીઓ અંદર ઘૂસી ગયા હતા અને કાર્યક્રમ સ્થળ ઉપર પથ્થરો અને ઈંટો ફેકવી શરૂ કરી. કલાકારોનો સમુહ તુર્તજ ત્યાંથી ચાલ્યા ગયા પછી આતંકીઓએ તે કાર્યક્રમ યોજ્યો હતો, તે 'છાયા-નૌત' ઓડીટોરિયમ પણ સળગાવી દીધું હતું.

આ માહિતી લંડનમાં દેશવટો ભોગવતાં ખ્યાતનામ લેખિકા તસ્લીમા નસરીએ 'ટ' પોસ્ટ પર લખ્યું. 'છાયા-નૌત' સાંસ્કૃતિક કેન્દ્ર ભસ્મીભૂત કરાયું. તે વાસ્તવમાં સંગીત, ગીત, નૃત્ય, નાટક દ્વારા બાંગ્લાદેશની સંસ્કૃતિ તેમજ આદિવાસી સંસ્કૃતિને પુષ્ટિ આપવા રચવામાં આવ્યું હતું. તેને ભસ્મીભૂત કરાયું તે અત્યંત દુ:ખદ છે.

ઉલ્લેખનીય છે કે જેમ્સ એક શ્રેષ્ઠ ગાયક, સંગીતકાર અને બંદીશકાર પણ છે. તેણે બોલીવૂડની હિન્દી ફિલ્મો, ગેંગસ્ટર, લાઈફ ઈન એમેટ્રો, ભીગી-ભીગી અને અલવિદામાં ગીત-સંગીત પણ આપ્યાં છે.

આવા સંગીતકાર, ગીતકાર અને ગાયકના કાર્યક્રમો રક્ષી શકી નથી. બે દિવસ પૂર્વે ઉસ્તાદ રશીદખાનના પુત્ર અરમાનખાને તો ઢાકાનાં આમંત્રણનો પણ સ્વીકાર કર્યો ન હતો.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# સત્ય નદેલા-સુંદર પિચાઈને પાછળ છોડી દુનિયાની સૌથી ધનિક ભારતીય મૂળની CEO બની જયશ્રી ઉલ્લાલ

### અરિસ્ટા નેટવર્ક્સની સફળતા અને ઉલ્લાલની ભૂમિકા

• નવી દિલ્હી

વૈશ્વિક ટેકનોલોજી ઉદ્યોગમાં જ્યારે પણ ભારતીય મૂળના સૌથી ધનિક CEOની વાત થતી, ત્યારે વર્ષોથી માઈક્રોસોફ્ટના સત્યા નદેલા અને ગૂગલના સુંદર પિચાઈનું નામ સૌથી પહેલા આવતું હતું. પરંતુ હવે આ તસવીર સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે. હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ 2025એ આ યાદીમાં એક નવું અને ઐતિહાસિક નામ જોડ્યું છે - અરિસ્ટા નેટવર્ક્સના અધ્યક્ષ અને CEO જયશ્રી ઉલ્લાલ.Hurunના રિપોર્ટ મુજબ, જયશ્રી ઉલ્લાલની કુલ સંપત્તિ 50,170 કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. આ આંકડો તેમને માત્ર સત્યા નદેલા અને સુંદર પિચાઈથી આગળ નથી લઈ જતો, પરંતુ તેમને દુનિયાના સૌથી ધનિક ભારતીય મૂળના પ્રોફેશનલ CEO બનાવે છે. સરખામણી કરીએ તો, સત્યા નદેલાની સંપત્તિ લગભગ 9,770 કરોડ રૂપિયા અને સુંદર પિચાઈની સંપત્તિ લગભગ 5,810 રૂપિયા કરોડ આંકવામાં આવી છે.જયશ્રી ઉલ્લાલ 2008થી અરિસ્ટા નેટવર્ક્સનું નેતૃત્વ કરી રહ્યા છે. ક્લાઉડ નેટવર્કિંગ અને હાઈ-પર્ફોર્મન્સ ડેટા સેન્ટર્સના ક્ષેત્રમાં આ કંપની આજે વૈશ્વિક લીડર તરીકે ઓળખાય છે. ફોર્બ્સ અનુસાર, 2024માં અરિસ્ટા નેટવર્ક્સની વાર્ષિક આવક લગભગ 7 બિલિયન ડોલર રહી હતી, જે પાછલા વર્ષની સરખામણીમાં લગભગ 20 ટકાનો મજબૂત વધારો દર્શાવે છે. કંપનીની આ સફળતામાં ઉલ્લાલની વ્યૂહાત્મક વિચારસરણી અને ટેક્નિકલ સમજની મોટી ભૂમિકા માનવામાં આવે છે. તેમની પાસે અરિસ્ટા નેટવર્ક્સના લગભગ 3 ટકા શેર છે અને કંપનીના શેરમાં આવેલા જબરદસ્ત ઉછાળાએ તેમની નેટવર્થને નવી ઊંચાઈ પર પહોંચાડી દીધી છે.જયશ્રી ઉલ્લાલનો જન્મ 27 માર્ચ, 1961ના રોજ લંડનમાં એક ભારતીય મૂળના પરિવારમાં થયો હતો. ખૂબ જ નાની ઉંમરે તેઓ ભારત આવી ગયા અને તેમનો પ્રારંભિક અભ્યાસ નવી દિલ્હીમાં થયો. તેમના પિતા એક પ્રતિષ્ઠિત ભૌતિકશાસ્ત્રી હતા અને IITsની સ્થાપના સાથે સંકળાયેલા શૈક્ષણિક માળખામાં તેમનું મહત્વનું યોગદાન હતું. દિલ્હીની જીસસ એન્ડ મેરી કોન્વેન્ટ સ્કૂલમાંથી શિક્ષણ મેળવ્યા બાદ તેમનો પરિવાર અમેરિકા સ્થાયી થયો, જ્યાંથી તેમની કારકિર્દીને આંતરરાષ્ટ્રીય દિશા મળી.

## અમેરિકામાં અભ્યાસ અને સિસ્કોમાં કારકિર્દીનો ટર્નિંગ પોઈન્ટ

અમેરિકામાં, જયશ્રી ઉલ્લાલે ઈલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયરિંગમાં સ્નાતકની ડિગ્રી અને બાદમાં એન્જિનિયરિંગ મેનેજમેન્ટમાં માસ્ટર્સની ડિગ્રી મેળવી. અભ્યાસ પૂર્ણ કર્યા પછી, તેમણે AMD અને ફેરચાઈલ્ડ સેમિકન્ડક્ટર જેવી દિગ્ગજ કંપનીઓમાં કામ કર્યું. જોકે, સિસ્કો (Cisco) સાથેનું જોડાણ તેમની કારકિર્દીનો મોટો વળાંક સાબિત થયું, જ્યાં તેમણે સ્વીચિંગ ડિવિઝનને કંપનીના સૌથી મજબૂત બિઝનેસ સેગમેન્ટમાં ફેરવી દીધું. 2008માં, તેમણે સિસ્કો છોડીને અરિસ્ટા નેટવર્ક્સની કમાન સંભાળી. તે સમયે અરિસ્ટા એક નાની કંપની હતી અને મર્યાદિત સંસાધનોમાં કામ કરી રહી હતી, પરંતુ તેમના નેતૃત્વ હેઠળ કંપનીએ વૈશ્વિક ટેક માર્કેટમાં પોતાની આગવી ઓળખ બનાવી.

**વિરોધ**

### પોલીસે કાર્યકરોની કરી અટકાયત

# અમદાવાદના પેલેડિયમ મોલમાં તોડફોડ: ભગવા સેનાએ ક્રિસમસ ટ્રી પાડ્યું

### ક્રિસમસ ટ્રી હટાવવાની માંગ સાથે દેખાવો

• અમદાવાદ

અમદાવાદના થલતેજ વિસ્તારમાં આવેલા પેલેડિયમ મોલમાં શનિવારે ક્રિસમસ અને 31 ડિસેમ્બરની ઉજવણીના ભાગરૂપે કરવામાં આવેલા શણગારનો વિરોધ થતા વાતાવરણ ગરમાયું હતું. ભગવા સેનાના કાર્યકરોએ મોલમાં લાગેલા ડેકોરેશન સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું અને ક્રિસમસ ટ્રીને તોડી પાડ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર, ભગવા સેનાના સભ્યોએ મોલની અંદર લગાવવામાં આવેલા ક્રિસમસ ટ્રી સામે વાંધો ઉઠાવ્યો હતો. પ્રદર્શનકારીઓનો દાવો હતો કે આ પ્રકારનું પ્રદર્શન તેમની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડે છે. પરિસ્થિતિ વધુ ન વણસે તે હેતુથી મોલ મેનેજમેન્ટ દ્વારા વિરોધ દરમિયાન જ ડેકોરેશન હટાવી લેવામાં આવ્યું હતું.

ઘટનાની જાણ થતા જ મોટી સંખ્યામાં પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. જાહેર વ્યવસ્થામાં ખલેલ પહોંચાડવા બદલ પોલીસે ભગવા સેનાના કેટલાક કાર્યકરોની અટકાયત કરી હતી. અટકાયત કરાયેલા કાર્યકરોને વધુ પૂછપરછ માટે વસ્ત્રાપુર



પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા. વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે 'સ્થિતિને તાત્કાલિક કાબૂમાં લેવામાં આવી છે અને કોઈ અપ્રિય ઘટના બની નથી. મોલ ખાતે પૂરતો પોલીસ બંદોબસ્ત તૈનાત કરી દેવામાં આવ્યો હતો અને મામલાને શાંતિપૂર્ણ રીતે ઉકેલી લેવાયો છે.' પોલીસ હાલમાં સમગ્ર મામલાની તપાસ કરી રહી છે અને પ્રદર્શનના સંદર્ભમાં કોઈ કાયદેસરની કાર્યવાહી કરવી કે કેમ તેની આકારણી કરવામાં આવી રહી છે. અત્યારે મોલ અને આસપાસના વિસ્તારમાં શાંતિપૂર્ણ માહોલ છે.

### અમેરિકામાં ગેરકાયદે પ્રવેશ અને દસ્તાવેજો સંબંધી ટ્રમ્પ સરકારની આકરી તપાસ હકાલપટ્ટીના મુખ્યકારણ

# સાઉદીએ સૌથી વધુ 11,000 ભારતીયોને કાઢી મૂક્યા

**હકાલપટ્ટી** | દુનિયાના 81 દેશોમાંથી વર્ષ દરમિયાન કુલ 24,600 ભારતીયોની હકાલપટ્ટી

નવી દિલ્હી : અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બીજા કાર્યકાળની સત્તા સંભાળી ત્યારથી ગેરકાયદે વસાહતીઓ સામે આકરાં પગલાં લેતા ભારતીયોની હકાલપટ્ટી કરી હતી. જોકે, રાજ્યસભામાં રજૂ થયેલા એક અહેવાલ મુજબ છેલ્લા એક વર્ષમાં અમેરિકા નહીં પરંતુ સાઉદી અરબે સૌથી વધુ ૧૧,૦૦૦ ભારતીયોની હકાલપટ્ટી કરી છે. અમેરિકાએ આ સમયમાં ૩,૮૦૦ ભારતીયોને કાઢી મૂક્યા છે, જેમાં મોટાભાગના ખાનગી કંપનીના કર્મચારી હતા. વધુમાં દુનિયાના ૮૧ દેશોમાં કુલ ૨૪,૬૦૦થી વધુ ભારતીયોને ડિપોર્ટ કરાયા છે.

વિદેશ મંત્રાલયે રાજ્યસભામાં જાહેર કરેલા રિપોર્ટ મુજબ વિશેષરૂપે ખાડી દેશોમાંથી ભારતીયોની હકાલપટ્ટીના સામાન્ય કારણોમાં વિઝા અથવા રોકાણની મુદત કરતા વધુ સમય રહેવું, કાયદાકીય વર્ક પરમીટ વિના કામ કરવું, શ્રમ નિયમોનો ભંગ, એમ્પ્લોયર્સના ત્યાંથી ભાગીને બીજે કામ કરવું અને દીવાની અથવા ગુનાઈત કેસોમાં સંડોવણીનો સમાવેશ થાય છે.

વિદેશ મંત્રાલયે તેના રિપોર્ટમાં જણાવ્યું કે, દુનિયામાં સૌથી વધુ સાઉદી અરબે ૧૨ મહિનામાં ૧૧,૦૦૦ લોકોને નિર્વાસિત કર્યા હતા. ત્યાર પછી બીજા ક્રમે અમેરિકાએ એક વર્ષમાં ૩,૮૦૦ ભારતીયોને દેશમાંથતી કાઢી મૂક્યા હતા, જેમાંથી મોટાભાગના ખાનગી કંપનીના કર્મચારી હતા, પરંતુ આ સંખ્યા છેલ્લા પાંચ વર્ષમાં અમેરિકામાંથી ભારતીયોની હકાલપટ્ટીની સૌથી વધુ છે.

નિષ્ણાતોનું માનવું છે કે અમેરિકામાંથી ભારતીયોને કાઢી મુકવાનું કારણ ટ્રમ્પ સરકાર દ્વારા તાજેતરમાં જ કરાયેલી કડકાઈ અને દસ્તાવેજો, વિઝા સ્થિતિ, વર્ક ઓથોરિટી, નિશ્ચિત સમય કરતાં વધુ પ્રવાસ વગેરેની આકરી તપાસ છે. વોશિંગ્ટન ડીસીથી ૩,૪૧૪ જ્યારે હ્યૂસ્ટનમાં ૨૩૪ ભારતીયોને કાઢી મૂકવામાં આવ્યા હતા.

નિષ્ણાતોનું માનવું છે કે ભારતમાંથી મોટી સંખ્યામાં કામદારો ખાડી દેશોમાં પલાયન કરતા હોય છે. આ કામદારો બાંધકામ ક્ષેત્રમાં મજૂર તરીકે કામ કરે છે, સુપરવાઈઝર બને છે અથવા ઘરેલુ નોકર તરીકે કામ કરે છે. આ દેશોમાં વિવિધ કારણોસર ભારતીયોને દેશમાંથી કાઢી મૂકવા એ સામાન્ય બાબત છે.

તેલંગણા સરકારની અનિવાસી પ્રવાસી સલાહકાર સમિતિના ઉપાધ્યક્ષ ભીમા રેડ્ડીએ કહ્યું કે, ખાડી દેશોમાં કામ કરતા મોટાભાગના ભારતીયો ઓછા કુશળ કામદારો છે, જે એજન્ટોના માધ્યમથી ભારતમાંથી પલાયન કરે છે અને અનેક કિસ્સામાં વધુ નાણાં કમાવવાના પ્રયત્નમાં નાના-મોટા ગુનામાં સંડોવાઈ જાય છે. અન્ય કેટલાક કિસ્સામાં સ્થાનિક કાયદા અને નિયમો અંગે જાગૃતિ નહીં હોવું પણ તેમના માટે મુશ્કેલી ઊભી કરે છે.

જોકે, મ્યાંમાર અને કંબોડિયા જેવા દેશોમાંથી ભારતીયોના ડિપોર્ટેશનનીપેટર્નઅલગછે.રેડ્ડીએ કહ્યું કે, આ દેશોમાં ડિપોર્ટેશનના કેસો મોટાભાગે સાયબર ગુલામી સાથે સંકળાયેલા છે. આ દેશ મલ્ટી-બિલિયન ડોલરના સાયબર ક્રાઈમ ઉદ્યોગના મોટા હબ તરીકે ઊભરી આવ્યા છે, જ્યાં ભારતીયોને વધુ પગારની નોકરીની લાલચ આપીને લઈ જવાય છે, પરંતુ પાછળથી તેમને ફસાવીને તેમની પાસેથી ગેરકાયદે કામ કરાવવામાં આવે છે. અંતે સ્થાનિક પોલીસ દ્વારા તેમની અટકાયત કરીને તેમને ડિપોર્ટ કરી દેવાય છે.

તેલંગણા ઓવરસીઝ મેનપાવર કંપનીનાં નાગા ભરાનીએ કહ્યું કે, ભારતીય કામદારોને વિદેશી ધરતી પર પહોંચતા પહેલા નિયમો અંગે માહિતી આપવી અત્યંત જરૂરી છે. લોકોએ પોતાના વિઝાની સમય મર્યાદા પર ઝીણવટપૂર્વક નજર રાખવી જોઈએ અને સ્થાનિક નિયમોનું પાલન કરવું જોઈએ. વિઝા લંબાવવા માટે અરજી કરવાનો વિકલ્પ હંમેશા ઉપલબ્ધ હોય છે. આ બધા વચ્ચે ભારતીય વિદ્યાર્થીઓને સ્વદેશ પરત મોકલવાનું સૌથી વધુ ચલણ બ્રિટનમાં જોવા મળ્યું છે. બ્રિટનમાંથી વર્ષ ૨૦૨૫માં ૧૭૦ વિદ્યાર્થીઓને સ્વદેશ મોકલાયા હતા. ત્યાર પછી ઓસ્ટ્રેલિયા (૧૧૪), રશિયા (૮૨) અને અમેરિકા (૪૫)માંથી પણ વિદ્યાર્થીઓની હકાલપટ્ટી કરાઈ છે.

# એઆઈ 945 ટેરાવોટઅવર વીજળી વાપરશે, વર્ષે 15 ટકા વપરાશ વધશે

### વીજમાંગને પહોંચી વળવા જૂના વીજ પ્લાન્ટ ફરી ચાલુ કરવા પડશે

નવી દિલ્હી : દુનિયાભરમાં આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ-એઆઈ એજન્ટ્સ-દ્વારા કામ કરાવવાનો મોહ વધતો જાય છે તેની પાછળ વીજળી પણ મોટાં પ્રમાણમાં વપરાય છે. જેને કારણે સંજોગો એવા સર્જાયા છે કે વીજળીની ખપતના મામલે એઆઈની ગણતરી હવે એક દેશની જેમ કરવામાં આવે છે. હકીકત તો એ છે કે ઘણાં દેશના વીજવપરાશ કરતાં એઆઈનો વીજ વપરાશ અનેકગણો વધી ચૂક્યો છે અને યુરોપ અને યુએસમાં તો એઆઈ દ્વારા વીજ પુરવઠાની માંગને પહોંચી વળવા માટે વીજ કંપનીઓને જુના વીજ પ્લાન્ટ ફરી શરૂ કરવાની નોબત આવી છે.

ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી યાને આઈઈએના અંદાજ અનુસાર ૨૦૩૦ સુધીમાં એઆઈ અને તેને સંલગ્ન ડેટા સેન્ટર્સ દ્વારા વીજ વપરાશ ૯૪૫ ટેરાવોટ અવર સુધી પહોંચી જશે. હાલ નોર્વે જેવા દેશ વર્ષે ૧૩૦થી ૧૪૦ ટેરાવોટ અવર વીજળીનો વપરાશ કરે છે. જ્યારે પોર્ટુગલ ૫૦ અને ન્યુ ઝીલેન્ડ ૪૫ ટેરાવોટ અવર વીજળીનો વપરાશ કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો એઆઈને જો દેશ ગણીએ તો તે વીજ વપરાશને મામલે ઘણાં દેશોથી આગળ નીકળી જશે. નોર્વે જેવા દેશમાં પુરી વસ્તી, ઉદ્યોગ અને પરિવહન પાછળ વપરાતી કુલ વીજળી કરતાં ભવિષ્યમાં માત્ર એઆઈ અનેકગણી વધારે વીજળી વાપરશે.

એઆઈ ચલાવવા માટે વિશાળ ડેટા સેન્ટર્સની જરૂર પડે છે. જેમાં લાખો સર્વરચોવીસે કલાક ચાલે છે. આમ, જ્યારે તમે એઆઈને કોઈ સવાલ કરો ત્યારે સર્વર સક્રિય બને છે અને આ સર્વર જેટલું કામ કરે તેટલી ઝડપથી તે ગરમ થાય છે. આ સર્વરને પણ ઠંડા રાખવા માટે મોટા પ્રમાણમાં વીજળીની જરૂર પડે છે. આજ કારણે એઆઈનો વપરાશ વધવા સાથે વીજળીની માંગ પણ સતત વધી રહી છે. આઈઈએના અંદાજ અનુસાર ૨૦૨૪થી ૨૦૩૦ દરમ્યાન આ એઆઈ ડેટા સેન્ટર્સમાં વીજળીનો વપરાશ દર વર્ષે ૧૫ ટકાના દરે વધશે. અન્ય કોઈપણ સેક્ટર કરતાં વીજવપરાશની આ ગતિ અનેકગણી વધારે છે.

આજકાલ ડેટા સેન્ટર્સનો ઉપયોગ એઆઈ મોડલ્સ ચલાવવા માટે થાય છે. સંશોધન અનુસાર હાલ ડેટા સેન્ટર્સની કુલ વીજ ખપતનો એક મોટો હિસ્સો એઆઈ સર્વર્સમાં જાય છે. આગામી વર્ષોમાં આ હિસ્સો ઝડપથી વધતો જશે. તેમ તેમાં વપરાતી વીજનું પ્રમાણ પણ વધતું જશે. નવા એઆઈ ડેટા સેન્ટર્સની વીજ માંગ વધવાને કારણે યુએસ અને યુરોપમાં ઘણી જગ્યાએ વીજકંપનીઓને તેમના જુના વીજપ્લાન્ટ ફરી શરૂ કરવાની નોબત આવી છે. યુએસના ઘણાં રાજ્યોમાં ગ્રીડ પણ દબાણ એટલું વધી ગયું છે કે નવી ફેક્ટરીઓ અને હાઉસિંગ પ્રોજેક્ટને વીજજોડાણો આપવામાં મુશ્કેલી પડી રહી છે. સૌથી મોટો સવાલ એ છે કે આટલા મોટા પ્રમાણમાં વીજળી આવશે ક્યાંથી? જો આ વીજળી કોલસો કે ગેસ વાપરી મેળવવામાં આવશે તો કાર્બન ઉત્સર્જન વધશે જેના કારણે ગ્લોબલ વોર્મિંગની સમસ્યા ઓર વકરશે.

# કેન્દ્ર સરકારે ગરીબોના પેટ પર લાત મારી: CWC બેઠકમાં મનરેગા મુદ્દે ખડગેના પ્રહાર

• નવી દિલ્હી

મોદી સરકારે મનરેગાનું નામ બદલી નાખતા આજે કોંગ્રેસે કાર્યસમિતિની બેઠક યોજી હતી. જેમાં પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સોનિયા ગાંધી, રાહુલ ગાંધી સહિત અનેક નેતાઓએ હાજરી આપી હતી. જેમાં ખડગેએ કેન્દ્ર સરકારની નીતિઓની ઝાટકણી કાઢતા કહ્યું હતું કે 'દેશ આ સમયે એવા સમયમાંથી પસાર થઈ રહ્યો છે જ્યાં લોકતાંત્રિક સંસ્થાઓને કમજોર કરવામાં આવી રહી છે, સંવિધાનની ભાવનાઓને ઠેસ પહોંચાડી સામાન્ય નાગરિકના અધિકારોને સંકુચિત કરવામાં આવી રહ્યા છે. ખડગેએ કોંગ્રેસ નેતાઓને ટકોર કરી કે આ ફક્ત સમીક્ષા કરવાનો સમય નથી, પરંતુ આવનારા સંઘર્ષની દિશા નક્કી કરવાનો નિર્ણયાક મોડ છે. '

ખડગેએ શિયાળુ સત્રનો ઉલ્લેખ કરતાં કહ્યું, કે 'મોદી સરકારે મનરેગા જેવી ઐતિહાસિક યોજનાને કમજોર કરી કરોડો ગરીબ, મજૂર અને ગ્રામીણ પરિવારોની રોજી-રોટી પર સીધો પ્રહાર કર્યો છે. તેમણે ગરીબોના પેટ પર પાટુ મારી, પીઠ પાછળ ખંજર ઘોપ્યું છે. ખડગેએ કહ્યું મનરેગાનો અંત કરવો એક યોજનાનો અંત નથી પણ મહાત્મા ગાંધીના વિચારો અને તેમના સન્માન પર હુમલો છે.'કોંગ્રેસ અધ્યક્ષે અહીં સોનિયા ગાંધીના લેખનો પણ ઉલ્લેખ કર્યો હતો, 'મનરેગાએ ગાંધીજીના સર્વોદયના સપનાને જમીન પર ઉતારવાનું કામ કર્યું, આ યોજનાનો અંત સામૂહિક નૈતિક નિષ્ફળતાને દર્શાવે છે, જેના સામાજિક અને આર્થિક દુષ્પરિણામ લાંબા સમયે દેખાશે. ખડગેએ યાદ અપાવ્યું કે કામ કરવાનો અધિકાર બંધારણના નીતિ નિર્દેશક અધિકારોની આત્મા છે, જેને UPA સરકારે શિક્ષા, ભોજન, સ્વાસ્થ્ય અને રોજગારના અધિકારોના રૂપમાં મજબૂતી આપી હતી.'ખડગેએ આ સાથે આરોપ મૂકતા કહ્યું, 'વર્તમાન સરકારની નીતિઓ સામાન્ય નાગરિકના હિતમાં નથી, પરંતુ કેટલાક મોટા ઉદ્યોગપતિને ફાયદો પહોંચાડવા માટે બનાવવામાં આવી રહી છે. તેમણે આ સાથે મહાત્મા ગાંધીના એ વિચારને મૂક્યો હતો જે વિશેષાધિકાર અને એકાધિકારનો વિરોધ કરે છે. ગાંધીજીનું માનવું હતું કે જે વ્યવસ્થા સમાજ સાથે સહભાગી નથી થઈ શક્તિ તે નૈતિક રૂપે સ્વીકાર્ય હોઈ ન શકે, મોદી સરકાર કોઈ પણ ગંભીર અધ્યયન વગર જ રાજ્યો અને વિપક્ષ સાથે ચર્ચા કર્યા વગર મનરેગાને ખતમ કરી નવો કાયદો લાગુ કરી દીધો'

## જાપાનમાં 50થી વધુ વાહનની ટક્કર, અનેક કાર અગનગોળો બની, 1 મોત

ટોક્યો : જાપાનમાં નવા વર્ષની રજાઓ માણવા નીકળેલા લોકો માટે શુક્રવારની રાત કાળમુખી સાબિત થઈ હતી. ગુનમા પ્રાંતના મિનાકામી શહેર પાસે એક એક્સપ્રેસ-વે પર બરફના કારણે વાહનો એકબીજા સાથે ટકરાતા મોટો અકસ્માત સર્જાયો હતો. આ એક્સિડન્ટ એટલો ભયાનક હતો કે જોતજોતામાં વાહનોમાં આગ ફાટી નીકળી હતી, જેમાં એક વૃદ્ધ મહિલાનું મોત થયું છે અને અનેક લોકો ઘાયલ થયા છે.પોલીસના જણાવ્યા અનુસાર, પહેલા બે ભારે ટ્રકો વચ્ચે ટક્કરથી થઈ હતી. રસ્તા પર બરફની ચાદર હોવાને કારણે સપાટી અત્યંત લપસણી હતી. અકસ્માતને કારણે આગળ જામ થઈ ગયો હતો, પરંતુ પાછળથી પૂરઝડપે આવી રહેલા વાહનો બરફ પર સમયસર બ્રેક મારી શક્યા નહીં. પરિણામે એક પછી એક એમ કુલ 50થી વધુ વાહનો એકબીજા સાથે ટકરાયા હતા.અકસ્માત બાદ સ્થિતિ ત્યારે વધુ ગંભીર બની જ્યારે વાહનોમાં આગ લાગી. આગ એટલી ઝડપથી ફેલાઈ કે તેણે એક ડઝનથી વધુ ગાડીઓને પોતાની લપેટમાં લઈ લીધી. ફાયર બ્રિગેડને આ આગ પર કાબૂ મેળવતા આશરે 7 કલાકનો સમય લાગ્યો હતો. અનેક વાહનો બળીને રાખ થઈ ગયા છે. આ દુર્ઘટનામાં ટોક્યોની એક 77 વર્ષીય મહિલાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું છે. આ ઉપરાંત 26 લોકો ઘાયલ થયા છે, જેમાંથી 5 લોકોની હાલત અત્યંત ગંભીર હોવાનું હોસ્પિટલના સૂત્રોએ જણાવ્યું છે.

### ડેરી સેક્ટર અને ઈમિગ્રેશન મુદ્દે મોટો વિવાદ

# ભારત માટે પોતાના જ દેશના વિદેશ મંત્રી સાથે બાખડી પડ્યા ન્યૂઝીલેન્ડના PM

ઓકલેન્ડ : ન્યુઝીલેન્ડના પીએમ ક્રિસ્ટોફર લક્સને ભારત સાથેના મુક્ત વ્યાપાર કરાર(FTA)ને તેમની સરકારની મોટી સિદ્ધિ ગણાવી છે. લક્સને કહ્યું કે, 'અમે પ્રથમ ટર્મમાં ભારત સાથે FTA કરવાનું વચન આપ્યું હતું અને તે પૂરું કર્યું છે.' જોકે, આ જાહેરાતના ગણતરીના દિવસોમાં જ ન્યુઝીલેન્ડના વિદેશ મંત્રી વિન્સ્ટન પીટર્સે આ કરારનો સખત વિરોધ કરીને સરકારની મુશ્કેલી વધારી દીધી છે.પીએમ લક્સને આ સમજૂતીને આર્થિક વિકાસ માટે અત્યંત મહત્ત્વની ગણાવતા કહ્યું કે, 'આ કરારથી ન્યુઝીલેન્ડ માટે 1.4 અબજ ભારતીય ગ્રાહકોનું વિશાળ બજાર ખુલી જશે. તેનાથી દેશમાં રોજગારીની નવી તકો ઊભી થશે, આવકમાં વધારો થશે અને નિકાસને પ્રોત્સાહન મળશે.ન્યુઝીલેન્ડના વિદેશ મંત્રી અને 'ન્યુઝીલેન્ડ ફર્સ્ટ' પાર્ટીના નેતા વિન્સ્ટન પીટર્સે આ ડીલ સામે ગંભીર વાંધો ઉઠાવ્યો છે. તેમણે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને આક્ષેપ કર્યો કે સરકારે ગુણવત્તાને બદલે ઝડપને પ્રાથમિકતા આપી છે.

પીટર્સના મતે, આ કરાર ન તો મુક્ત છે અને ન તો ન્યાયી. તેમણે કહ્યું કે, 'ભારત સાથે ઉતાવળમાં નબળો કરાર ન કરવા મેં ગઠબંધન સહયોગીને ચેતવણી આપી હતી.'

વિદેશ મંત્રી પીટર્સના વિરોધ પાછળના મુખ્ય બે કારણો છે:1. ડેરી ઉદ્યોગ: પીટર્સનો આરોપ છે કે ન્યુઝીલેન્ડે ભારત માટે પોતાનું બજાર ખોલ્યું પણ બદલામાં ન્યુઝીલેન્ડના દૂધ, પનીર અને માખણ જેવા ઉત્પાદનો પર ભારત તરફથી ટેરિફમાં કોઈ મોટી રાહત મળી નથી. આ કરાર ખેડૂતોના હિતમાં નથી.

2. ભારતીય કામદારો: તેમણે એવો પણ દાવો કર્યો કે આ ડીલમાં વેપાર કરતા ભારતીય શ્રમિકોની



અવરજવર પર વધુ ધ્યાન અપાયું છે. ભારતીયો માટે ખાસ રોજગાર વિઝા કેટેગરી બનાવવામાં આવી છે, જે ઓસ્ટ્રેલિયા કે બ્રિટન જેવા દેશોને પણ અપાઈ નથી.

વડાપ્રધાન મોદી અને લક્સન વચ્ચેની વાતચીત બાદ જાહેર થયેલ આ FTA મુજબ, આગામી 15 વર્ષમાં ભારતમાં 20 અબજ ડોલરનું રોકાણ આવી શકે છે. વર્ષ 2024માં બંને દેશો વચ્ચે કુલ 2.07 અબજ ડોલરનો વેપાર થયો હતો, જેમાં ભારત દવાઓની નિકાસમાં અગ્રેસર છે, જયારે ન્યુઝીલેન્ડ કૃષિ ઉત્પાદનોની નિકાસ કરે છે.

ન્યુઝીલેન્ડ ઓશેનિયા ક્ષેત્રમાં ભારતનું બીજું સૌથી મોટું વ્યાપારિક ભાગીદાર છે, પરંતુ આ આંતરિક રાજકીય વિવાદ કરારના અમલીકરણમાં અવરોધ ઊભો કરી શકે છે.

શ્રી સૌરાષ્ટ્ર સઈ સુથાર જ્ઞાતિ હિતેચ્છુ મંડળ, અમદાવાદ દ્વારા

# ‘દરજી પ્રીમિયર લીગ (DPL-12)‘ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું



અમદાવાદ :શ્રીસૌરાષ્ટ્રસઈસુથાર જ્ઞાતિ હિતેચ્છુ મંડળ, અમદાવાદ દ્વારા સામાજિક એકતા અને યુવાનોના ઉત્સાહને વધારવા માટે ‘દરજી પ્રીમિયર લીગ (DPL-12)‘ ક્રિકેટ ટુર્નામેન્ટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટ તાજેતરમાં જ સાયન્સ સિટી પાસે આવેલા વી-૭ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાઈ હતી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય રમતગમત દ્વારા સમાજની એકતાને વધુ મજબૂત બનાવવાનો હતો. આ ટુર્નામેન્ટમાં ટોટલ 8 ટીમ એ ભાગ લીધો હતો, જેમાં પેન્થર ટીમ વિજેતા બની હતી અને વોરિયર્સ ટીમ રનર-અપ રહી હતી.દરજી ક્રિકેટ કમિટીના સભ્યો - વિમલ ગોહેલ, હિરેન વાઘેલા, હરેશભાઈ હીંગોળ, હેમીન ચૌહાણ, દ્વિજેન ગોહેલ અને સંજય ગોહેલ - દ્વારા તમામ ખેલાડીઓ, વોલન્ટિયર્સ અને સ્પોન્સર્સનો આ ટુર્નામેન્ટને સફળ બનાવવા બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે જ્ઞાતિના અનેક અગ્રણીઓએ ઉદારતાપૂર્વક સહયોગ આપ્યો હતો. જેમાં ખેલાડીઓ માટે ટી-શર્ટનો સહયોગ સ્વ. મનસુખભાઈ ગભરુભાઈ પીઠડીયા પરિવાર દ્વારા અને તમામ આકર્ષક ટ્રોફીઓ મનોજભાઈ બંસીભાઈ વાઘેલા (YOM Group of Companies) દ્વારા પૂરી પાડવામાં આવી હતી. રમતવીરોના ઉત્સાહ વધારવા માટે દલસુખભાઈ ગભરુભાઈ પીઠડીયાએ મેન ઓફ ધ મેચ, મેન ઓફ ધ સિરીઝ, બેસ્ટ બોલર અને બેસ્ટ બેટ્સમેનને રોકડ પુરસ્કાર તેમજ કેપ આપી નવાજ્યા હતા. આ ઉપરાંત, ફાઈનલ જીતનારી ટીમના ખેલાડીઓ માટેસમાજના ઘણાં દાતાશ્રીઓ એ રોકડ રકમનું ઈનામ આપીને પ્રોત્સાહન વધાર્યું.આ ટુર્નામેન્ટમાં સમગ્ર સમાજના ભાઈઓ-બહેનો અને યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા, જેમના ઉત્સાહથી મેદાન જીવંત બન્યું હતું. દરેક મેચમાં ખેલાડીઓએ શાનદાર સ્પોર્ટ્સમેનશિપ અને રમતનું પ્રદર્શન કર્યું હતું. સમગ્ર ઈવેન્ટની ફોટોગ્રાફી મયંકભાઈ રમેશભાઈ વાઘેલા (MAK Photography) દ્વારા કરવામાં આવી હતી.

**ઠગાઈ**

અમદાવાદનાં વેપારીઓ સાથે કરોડોની છેતરપિંડીનો ખેલ

# શાહીબાગમાં 1.58 કરોડ, કુબેરનગરમાં 91 લાખ અને નવરંગપુરામાં 1.29 કરોડની ઠગાઈ

## આર્થિક ગુના શાખામાં ફરિયાદો નોંધાઈ

• અમદાવાદ

અમદાવાદ શહેરના વેપારીઓ છેતરપિંડીનો ભોગ બની રહ્યા છે. છેલ્લા કેટલાક દિવસથી કાપડના વેપારીઓ સાથે અન્ય વેપારીઓ છેતરપિંડી આચરી રહ્યા છે. શાહીબાગમાં વેપારી સાથે 1.58 કરોડની, કુબેરનગરના વેપારી સાથે 91 લાખની અને નવરંગપુરા ના વેપારી સાથે 1.29 કરોડની અન્ય વેપારીઓ છેતરપિંડી આચરી છે. ફરિયાદી વેપારી પાસેથી માલ ખરીદ્યા બાદ ટુકડે ટુકડે રકમ આપી જે બાદ મોટું પેમેન્ટ આપ્યું નહીં. જ્યારે ફરિયાદીઓએ પેમેન્ટ માટેની માંગણી કરતા અન્ય વેપારીઓએ આપવાનો ઈનકાર કરી દીધો હતો. જેથી, ફરિયાદીઓએ આર્થિક ગુના નિવારણ શાખામાં ફરિયાદ નોંધાવી છે.શાહીબાગમાં રહેતા નીરવ કનોડિયાની 'કનોડિયા ડેનિમ' નામની ઓફિસ સારંગપુર વિસ્તારમાં આવેલી છે. નીરવ કનોડિયા બેનીમ ફેબ્રિકનો વેપાર કરે છે. નીરવ કનોડિયા પાસેથી નંદપ્રિયા ફેબ્રિક્સ પ્રાઈવેટ લિમિટેડના ડાયરેક્ટર સંજય પાંડે અને નિરૂપમા પાંડેએ વિશ્વાસ કેળવી જથ્થાબંધ ડેનિમ ફેબ્રિકનો માલ ખરીદ્યો હતો. 8.35 કરોડનો માલ ખરીદી 90 દિવસમાં પેમેન્ટ ચૂકવવાની ખાતરી આપી હતી.જે બાદ ટુકડે-ટુકડે 2019થી 2023 સુધીમાં 6.76 કરોડ રૂપિયા ચૂકવ્યા હતા તેમછતાં 1.58 કરોડ રૂપિયા લેવાના બાકી હોવાથી નીરવ કનોડિયાએ ઉઘરાણી કરતા બાકીના રૂપિયા આપવાની મનાઈ ફરમાવી દીધી હતી. જે બાદ તેની દુકાનના સરનામા પર જઈને તપાસ કરતા દુકાન બંધ કરી ભાગી ગયો હોવાનું સામે આવતા ફરિયાદીએ બંને લોકો સામે 1.58 કરોડની છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.નીરવ કનોડિયા પાસેથી કલરિધાન ટ્રેન્ડસ લિમિટેડના માલિક આદિત્ય નિરંજન અગ્રવાલે કંપનીના દલાલ મહેશ મારફતે નંદપ્રિયા ફેબ્રિક્સ પ્રાઈવેટ લિમિટેડમાં 64 લાખથી પણ વધુનો માલ ખરીદ્યો હતો. તેમજ શ્રી જય ગુરુદેવ ટેક્સટાઈલના દલાલ મયંક ખન્ના અને પુરુષોત્તમ શર્માએ 74 લાખનો માલ ખરીદ્યો હતો જેની રકમ અવાર નવાર ફરિયાદીએ માંગી છતાં આપવામાં આવી નહીં તો SRD ટેક્સટાઈલના માલિક રમેશ તાયલે 31 લાખનો માલ ખરીદ્યો હતો તેની રકમ પણ ફરિયાદીને ન આપતા છેતરપિંડીની ફરિયાદ નોંધવામાં આવી છે. નીરવ કનોડિયાને 5 જેટલા વેપારીઓએ કુલ 2.64 કરોડ રૂપિયાની ચૂકવણી ન કરતા પાંચેય લોકો સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.કુબેરનગર વિસ્તારમાં રહેતા વેપારી સાથે પણ છેતરપિંડી થઈ છે. દલાલ મીઠાલાલ ઉર્ફે મહેશ બગનાણી અને ઘનશ્યામ મહેશભાઈ બગનાણી પાંચકુવા વિસ્તારમાં રિતેશકુમાર નામની ફર્મ ચલાવે છે. જેમને ફરિયાદી વેપારીનો વિશ્વાસ કેળવી રિતેશકુમાર નામની ફર્મમાથી કે.એચ. ક્રિએશનમાંથી 2018થી 2021 સુધી 3.28 કરોડનો રેડીમેડ કુર્તી, રિ, કોટનનો કપડાનો માલ 30 દિવસની ઉધારીમાં ખરીદ્યો હતો. જે સમયમાં પેમેન્ટની ચૂકવણી કરવાનો વાયદો કર્યો હતો તે સમયમાં ચૂકવણી કરી નહતી.જે બાદ ટુકડે ટુકડે વર્ષ 2022માં 2.37 કરોડની ચૂકવણી હતી. પરંતુ તેમ છતાં 91 લાખ જેટલા રૂપિયા વેપારીને લેવાના નીકળતા હતા. જે બાદ ફરિયાદી વેપારીએ અનેક વખત રૂપિયાની માંગણી કરી હતી. પરંતુ માલ વહેંચી દીધા બાદ પણ બાકી રહેતું પેમેન્ટ ન કરતા ફરિયાદીએ દલાલ દલાલ મીઠાલાલ ઉર્ફે મહેશ બગનાણી અને ઘનશ્યામ મહેશભાઈ બગનાણી સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.55 વર્ષીય નિમિષભાઈ શાહ છેલ્લા 15 વર્ષથી લોખંડની અલગ-અલગ વસ્તુઓ ખરીદ વેચાણ કરવાનું કામ કરે છે. જેમનો હિતેશ પંચાલ નામના વ્યક્તિએ વિશ્વાસ જીત્યો હતો. ફરિયાદીનો ભરોસો જીતીને પાશ્વનાથ સ્ટીલ ટ્યૂબ ટ્રેડમાંથી 2024થી 2025 સુધીમાં લોખંડના પતરા, પ્લેટ, ગેલ્વેનાઈઝના પતરા, ગેલ્વેનાઈઝ પતરાની કોઈલ, ચેનલ, સી.આર.ના પતરા અલગ-અલગ 24 ટેક્સ ઈનવૉઈસ બિલ મારફતે 1.73 કરોડનો માલ લીધો હતો. જે બાદ 73 લાખ રૂપિયા ચૂકવ્યા બાદ એક કરોડની રકમ ચૂકવી નહીં તેમજ મનીષભાઈ પાસેથી કર્ણાવતી સ્ટીલ ટ્રેડર્સમાથી વર્ષ 2025માં 1.17 કરોડનો લોખંડની ચેનલ તથા એંગલ મળી સાથેનો માલ અલગ-અલગ કુલ 7 ટેક્સ ઈનવૉઈક્સ બિલ મારફતે ખરીદી કરી હતી.માલ લીધા બાદ રકમની ચુકવણી કરી ન હતી તેમજ આરોપી દિપક રાઠોડ ફરિયાદીની શ્રી પાર્શ્વનાથ સ્ટીલ ટ્યુબ ટ્રેડર્સમાંથી વર્ષ 2024માં પત્ર તથા લોખંડની પાઈપો મળી કુલ 24 લાખનો માલ ખરીદ્યો હતો. જે બાદ ફરિયાદીને 13 લાખ રૂપિયા ચૂકવી આપ્યા હતા. જે બાદ બાકીનું પેમેન્ટ ન આપતા માલ બીજા વેપારીઓને વેચી ફરિયાદીને નાણાં ન આપ્યા. કુલ 1.29 કરોડ રૂપિયા નહીં ચૂકવી ફરિયાદી સાથે છેતરપિંડી આચરતા ફરિયાદીએ દિપક રાઠોડ અને હિતેશ પંચાલ સામે ફરિયાદ નોંધાવી છે.

પ્રગતિશીલ ખેડુતોનું સન્માન કરીને તેમને પ્રોત્સાહન આપવામાં આવ્યું

# સિદ્ધપુરમાં ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂતની ઉપસ્થિતિમાં જૈવિક ખેતી જાગૃતિ અભિયાન કાર્યક્રમ યોજાયો

**અભિયાન**

સફળ ખેડુતોએ પોતાના અનુભવો શેર કર્યા અને નિષ્ણાતો સાથે પ્રશ્નોત્તરી સત્ર યોજાયું

• સિદ્ધપુર

સિદ્ધપુર ગોકુલ ગ્લોબલ યુનિવર્સિટીમાં જૈવિક ખેતી જાગૃતિ અભિયાન કાર્યક્રમ ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂતની ઉપસ્થિતિમાં યોજાયો આ કાર્યક્રમ થકી વતનના ખેડૂતોમાં ઓર્ગેનિક ખેતી પ્રત્યે જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂત તેમજ દેશ-વિદેશથી આવેલા નિષ્ણાતોએ જૈવિક ખેતીના ફાયદા, માટીની ગુણવત્તા વધારવા તેમજ ટકાઉ કૃષિ પદ્ધતિ તથા વિવિધપદ્ધતિઓઅંગેવિગતવારમાહિતી આપી, જેના પરિણામે વધુમાં વધુ ખેડૂતોને જૈવિક ખેતી શરૂ કરવા પ્રોત્સાહન મળ્યું. આ ઉપરાંત જૈવિક ઈનપુટ્સના યોગ્ય ઉપયોગ અંગે પ્રાયોગિક માર્ગદર્શન આપવામાં આવ્યું. સફળ ખેડુતોએ પોતાના અનુભવો શેર કર્યા અને નિષ્ણાતો સાથે પ્રશ્નોત્તરી સત્ર યોજાયું. કાર્યક્રમના અંતે ઓર્ગેનિક ખેતી કરતા પ્રગતિશીલ ખેડુતોનું સન્માન કરીને તેમને પ્રોત્સાહન આપવામાં આવ્યું.

આ કાર્યક્રમમાં ડૉ. કરીમભાઈ મરેડિયા - પ્રોફેસર અને ડાયરેક્ટર, વર્લ્ડટૅપ, મિશિગન સ્ટેટ યુનિવર્સિટી (અમેરિકા), રિઝવાન આડતિયા, સ્થાપક અને અધ્યક્ષ, કોગેક ગ્રુપ (આર.એ.એફ. ગ્લોબલ ગ્રુપ), ઉમેશભાઈ દેસાઈ - (ભૂતપૂર્વ લીડર, આગાખાન રૂરલ સપોર્ટ પ્રોગ્રામ, ઈન્ડિયા), ઈસ્માઈલભાઈ શેરુ - (કૃષિ નિષ્ણાત), જે.પી. ઘરીયા, અર્જુનસિંહ રાજપૂત, વિષ્ણુભાઈ પટેલ, સોમાજી ઠાકોર, વિક્રમસિંહ ઠાકોર, જગદીશભાઈ પટેલ તેમજ મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.



# ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચ દ્વારા 10 જિલ્લાઓમા પરિક્ષા માર્ગદર્શન

ટુંકા સમયમાં આ સંસ્થાએ અનેકવિધ કાર્યક્રમો અને મુહિમો થી પોતાની સુગંધ પ્રસરાવી

• ભાવનગર

ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચ એક એવી શિક્ષણ સમર્પિત સેવા સંસ્થા કે જે સામાજિક દાયિત્વ માટે હંમેશા કટ્ટીબધ્ધ છે. દરવર્ષેજાહેરપરીક્ષાનામાર્ગદર્શનના કાર્યક્રમનું વિશેષ આયોજન સંસ્થાના માધ્યમથી યોજાઈ રહ્યું છે.ચાલુ વર્ષે આ કાર્યક્રમનું શીર્ષક આપવામાં આવ્યું છે ‘ગણતરથી ભણતરની કથા‘ એટલે કે આયોજનબધ્ધ રીતે કેવી રીતે પરીક્ષામાંથી પસાર થઈ શકાય તેનો સુગ્રથિત આલેખ.તેમાં ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં સ્વયંસેવકો અને શિક્ષણસેવીઓ આ કાર્યને આગળ વધારી રહ્યાં છે.જેમાં આણંદમાં મુકેશસિંહ મહિડા, ડો.કિરીટ ચૌહાણ અને પ્રદિપસિંહ સિંધા, જામનગરમાં મમતાબેન જોશી, બોટાદમાં વિનોદભાઈ શિયાળ, કચ્છમાં બાબુભાઈ મોર અને વિજયભાઈ ચૌધરી, તાપી જિલ્લામાં હિતેશભાઈ માહ્યાવંશી,ભાવનગરમા તખુભાઈ સાંડસુર, અમદાવાદ શહેરમા ડો. સંગીતા પટેલ, અમદાવાદ જિલ્લામા શ્રી અમૃતભાઈ કુમારખણિયા, બનાસકાંઠામા દુધાભાઈ પરમાર, ખેડામાં મિનેષભાઈ પ્રજાપતિ વગેરે આ કાર્યક્રમનો હિસ્સો બની વિધાર્થીઓનો હોસંલો અને વિશ્વાસ બની રહ્યાં છે.



ગુજરાતના અન્ય જિલ્લાઓમા પણ આ અભિયાનને વેગ મળે તેવા પ્રયાસો થઈ રહ્યા છે.પરિક્ષા આખરી નથી પણ આરંભ છે તે વાત આ શિક્ષણ સાધકો સૌ વિધાર્થીઓ સુધી પહોંચાડી રહ્યા છે.ખુબ ટુંકા સમયમાં આ સંસ્થાએ અનેકવિધ કાર્યક્રમો અને મુહિમો થી પોતાની સુગંધ પ્રસરાવી છે.સંયોજક શ્રી તખુભાઈ સાંડસુર આ આયોજનને ઓપ આપી રહ્યાં છે.

# શિયાળામાં સર ટી.હોસ્પિટલમાં ઓશિકા, ચાદર નહી હોવાથી દર્દીઓને મુશ્કેલી



ભાવનગર : શહેરની સર ટી.હોસ્પિટલમાં દર્દીઓને પડતી અસુવિધા મુદ્દે આમ આદમી પાર્ટીના નેતાઓ હોસ્પિટલમાં રૂબરૂ જઈ દર્દીઓના પ્રશ્નો જાણ્યા હતા અને તેના નિરાકરણ મુદ્દે તબીબી અધિક્ષકને રજૂઆત કરવામાં આવી હતી.શહેરની સર ટી.હોસ્પિટલમાં દર્દીઓને પડતી અસુવિધા મુદ્દે ભાવનગર આમ આદમી પાર્ટીના નેતાઓ આજે હોસ્પિટલમાં રૂબરૂ પહોંચ્યા હતા અને હોસ્પિટલમાં દર્દીને પુરતી સુવિધા મળે છે કે કેમ તેની માહિતી દર્દીઓ પાસેથી મેળવી હતી. હાલ શિયાળાની ઋતુમાં હોસ્પિટલમાં દર્દીઓ માટે ઓશિકા, ચાદર અને બેડશીટ ઉપલબ્ધ નહી હોવાથી દર્દીઓને ઠંડીમાં ભારે મુશ્કેલી વેઠવી પડે છે અને દર્દીઓએ ઘરેથી ચાદર, ઓશિકા લાવવા પડે છે. ઉપરાંત હોસ્પિટલમાં મોટાભાગના સ્ટ્રેચર, ટ્રાઈસિકલ, વ્હિલચેર પણ તુટેલી સ્થિતિમાં હોવાનું જાણવા મળતા આ અસુવિધાના નિરાકરણ માટે તબીબી અધિક્ષકને રજૂઆત કરવામાં આવી હતી. જ્યારે હોસ્પિટલ તંત્ર દ્વારા દર્દીઓના આ પ્રશ્નોના નિરાકરણના માટેની હૈયાધારણા આપવામાં આવી છે.

# ના. મામલતદાર બાદ તેમના ડ્રાઇવરને ભૂમાફિયાઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી

સુરેન્દ્રનગર : ચોટીલામાં ભૂમાફિયાઓ બેફામ બન્યાં છે. જેમાં નાયબ મામલતદાર બાદ તેમના ડ્રાઈવરને જાનથી મારી નાખવાની ધમકી આપી છે. આ મામલે વધુ એક ફરિયાદ નોંધાઈ છે. ચોટીલા નાયબ મામલતદાર સહિતની ટીમ ખનીજના ગેરકાયદે ખનન અને વહન સામે કાર્યવાહી કરી રહી છે. જે દરમિયાન મામલતદાર કચેરી સામે આવેલી હોટલમાં બેસીને કેટલાક ભૂમાફિયાઓ દ્વારા અધિકારીઓની રેકી કરવામાં આવી હતી. તેમજ વોટ્સએપ ગુરપમાં તેમની હિલચાલ અંગેના સંદેશો કરવામાં આવ્યા હતા. આ મામલે નાયબ મામલતદારે પાંચ ખનિજ માફિયાઓ સામે ચોટીલા પોલીસ મથકે ગુનો નોંધાવ્યો હતો. આ ગુનો નોંધાયા બાદ ભૂમાફિયાઓ ઉશ્કેરાયા હતા.

જેમાં નાયબ મામલતદારને ધમકી આપનાર લાલભાઈ ઉર્ફે પ્રતાપ બોરીચાએ નાયબ મામલતદારના ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા દર્શન દવેનો ટેલિફોનિક સંપર્ક કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ડ્રાઈવર દર્શનભાઈ દવે દ્વારા ચોટીલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ધમકી આપનાર શખ્સ સામે વધુ એક ગુનો નોંધાયો છે.

## સુરક્ષિત ઉજવણી માટે પોલીસ તંત્રને સહયોગ આપે

# અમદાવાદના સી.જી. રોડ અને સિંધુ ભવન પર વાહન પ્રતિબંધ, ન્યુ યર સેલિબ્રેશનની ટ્રાફિક એડવાઈઝરી જાહેર

• અમદાવાદ

નવા વર્ષની ઉજવણીમાં ઉમટી પડતી ભીડને ધ્યાનમાં રાખીને અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર જી.એસ. મલિક દ્વારા એક વિસ્તૃત ટ્રાફિક નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું છે. 31મી ડિસેમ્બરની સાંજથી 1લી જાન્યુઆરીની વહેલી સવાર સુધી શહેરના મુખ્ય માર્ગો પર વાહનોની અવરજવર પર પ્રતિબંધ અને ડાયવર્ઝન લાગુ કરવામાં આવ્યા છે. 31મી ડિસેમ્બર સાંજે 6:00થી 1લી જાન્યુઆરી વહેલી સવારે 3:00 વાગ્યા સુધી સ્ટેડિયમ સર્કલથી પંચવટી સુધીનો સી. જી. રોડ તમામ વાહનો માટે બંધ રહેશે તેમજ સી. જી. રોડની બંને બાજુએ પાર્કિંગ પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. રાત્રે 8 વાગ્યા પછી આ માર્ગ પર વાહનોની અવરજવર સદંતર બંધ કરવામાં આવશે. વાહનચાલકો મીઠાખળી સર્કલ, ગિરીશ કોલ્ડ ડ્રિંક્સ, સેન્ટ ઝેવિયર્સ કૉલેજ રોડ અથવા નવરંગપુરા બસ સ્ટેન્ડથી કોમર્સ છ રસ્તાના માર્ગનો ઉપયોગ કરી શકશે. 31મી ડિસેમ્બર રાત્રે 8:00થી 1લી જાન્યુઆરી મોડી રાત્રે 3:00 વાગ્યા સુધી જાજરમાન ક્રોસ રોડથી તાજ સ્કાયલાઈન ક્રોસ રોડ સુધીનો રોડ બંને તરફથી બંધ રહેશે. વાહનોને જાજરમાન ચાર રસ્તાથી ઉમિયા ટ્રેડર્સ થઈ તાજ સ્કાયલાઈન તરફ અને આંબલી ઓવરબ્રિજથી શિલજ સર્કલ તરફ ડાયવર્ટ કરવામાં આવશે. સમગ્ર શહેરમાં મધ્યમ અને ભારે માલવાહક વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ રહેશે. એસ.જી. હાઈવે પર માત્ર પરમિટ ધરાવતા પેસેન્જર વાહનોને મંજૂરી મળશે. અન્ય વાહનોએ એસ.પી. રિંગ રોડનો ઉપયોગ કરવાનો રહેશે. પકવાન ચાર રસ્તાથી સાણંદ ચોકડી અને નેહરુનગરથી શિવરંજની-ઈસ્કોન ચાર રસ્તા સુધીના સર્વિસ રોડ પર પાર્કિંગ કરી શકાશે નહીં. પોલીસ કમિશ્નરના જાહેરનામા મુજબ, એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ અને સરકારી ફરજ પરના વાહનોને આ નિયમોમાંથી મુક્તિ આપવામાં આવી છે. જો કોઈ નાગરિક આ નિયમોનો ભંગ કરશે, તો તેની સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) અને ગુજરાત પોલીસ ઍક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. અમદાવાદ પોલીસે નાગરિકોને અપીલ કરી છે કે તેઓ પોતાની મુસાફરીનું આયોજન અગાઉથી કરે અને સુરક્ષિત ઉજવણી માટે પોલીસ તંત્રને સહયોગ આપે.



# ગાંધીનગર : હવે ST બસમાં પણ મળશે 'સીટ પર જમવાનું'!

### ઓનલાઈન ટિકિટ બુક કરાવતા ફૂડ પણ ઓર્ડર કરી શકશે

• અમદાવાદ

ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ (GSRTC) દ્વારા મુસાફરોને વધુ સુવિધા આપવા એક નવી પહેલ હાથ ધરવામાં આવી છે. હવે એક્સપ્રેસ ST બસોમાં મુસાફરી કરતી વખતે મુસાફરોને જમવાનું પણ મળશે. વિમાન અને રેલવેની જેમ હવે બસમાં બેઠા બેઠા પેકડ ફૂડ મેળવવાની સુવિધા શરૂ થવા જઈ રહી છે. 'Food On Bus' નામની આ સેવા પ્રાયોગિક ધોરણે અમદાવાદથી શરૂ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ હેઠળ અમદાવાદના વિવિધ પિકઅપ પોઈન્ટ્સ જેમ કે પાલડી, સી.ટી.એમ, કૃષ્ણનગર, નરોડા પાટીયા, નારોલ ક્રોસ રોડ, સરખેજ, રાણીપ, નેહરુનગર, ઓઢવ, અડાલજ અને જશોદાનગર સહિતના સ્ટેન્ડ પરથી પસાર થતી એક્સપ્રેસ બસોમાં મુસાફરોને ચાલુ બસે જ પેકડ ફૂડ પૂરૂં પાડવામાં આવશે. મુસાફરો હવે STની ઓનલાઈન પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ (OPRS) પર ટિકિટ બુક કરતી વખતે જ ફૂડ પણ ઓર્ડર કરી શકશે. મુસાફરી દરમિયાન પણ ઓનલાઈન ફૂડ બુક કરવાની સુવિધા રહેશે. જે સ્થળે ફૂડ લેવાનું હોય, તે સ્થળે પહોંચતા ઓછામાં ઓછા ત્રણ કલાક પહેલાં ઓર્ડર કરવો ફરજિયાત રહેશે. ST નિગમના જણાવ્યા અનુસાર, આ સેવા માટે અલગ-અલગ એજન્સીઓ પાસેથી Expression of Interest મારફતે ભાવ મંગાવવામાં આવ્યા છે. પસંદ થયેલી એજન્સીને કડક નિયમોનું પાલન કરવું પડશે. બસમાં તમાકુ, ગુટકા, બિડી, નોનવેજ અથવા પ્રતિબંધિત વસ્તુઓ આપવાની મંજૂરી નહીં મળે. સમયસર ફૂડ ન પહોંચાડવા કે અનિયમિતતા જણાય તો રૂ.5,000 થી રૂ.10,000 સુધીનો દંડ પણ વસૂલવામાં આવશે.

## ખુલ્લી જગ્યાનો પાર્કિંગ માટે ઉપયોગ કરવા તાકીદ:હાઈકોર્ટ

અમદાવાદ : અમદાવાદમાં છેલ્લા કેટલાક દિવસથી મ્યુનિસિપલ કોર્પોરેશન ટ્રાફિકની સમસ્યા હળવી કરવા કોર્પોરેશન તરફથી ઝૂંબેશ શરુ કરાઈ છે.શહેરના દરેક બિલ્ડિંગની બહાર કે રોડ તથા ફૂટપાથ ઉપર લોકો વાહન પાર્ક કરી શકશે નહીં.ગુજરાત હાઈકોર્ટના આદેશના પગલે બે દિવસમાં ૩૮૪ નોટિસ આપવામાં આવી છે. કોર્પોરેશન દ્વારા કરવામા આવેલી તપાસમાં શહેરમા અનેક રહેણાંક તથા કોમર્શિયલ બિલ્ડિંગમાં પ્લોટની અંદર જરુરી પાર્કિંગ વ્યવસ્થા નહીં રાખીને જાહેર રસ્તા, ફૂટપાથ તથા અન્ય જાહેર જગ્યાએ રોડ ઉપર પરવાનગી વગર વાહનો પાર્ક કરાઈ રહયા છે.આ કારણથી ટ્રાફિકને ભારે અડચણ થઈ રહી છે.આ સ્થિતિને નિયંત્રિત કરવા સંબંધિત તમામ માલિકો, હાઉસિંગ એસોસિએશન, ચેરમેન, સેક્રેટરી, બિલ્ડિંગ માલિકો, કબજેદારો તથા વપરાશ કર્તાઓને નિતી નિયમ મુજબ તેમના વાહનનુ પાર્કિંગ પ્લોટમાં અથવા પ્રિમાઈસીસની અંદર કરવા તાકીદ કરાઈ છે.જયાં અમલ થતો નથી ત્યાં નોટિસ આપવામા આવી છે. અમદાવાદના દરેક રહેણાંક તથા કોમર્શિયલ બિલ્ડિંગની અંદર પાર્કિંગ સાઈનેઝ ઉપરાંત પાર્કિંગ માટેની વ્યવસ્થા ઉભી કરવી પડશે.બિલ્ડિંગના ફ્રન્ટ માર્જિન વિસ્તારમાં માલસામાન મુકી દબાણ ના થાય તેમજ પાર્કિંગમાં અવરોધરુપ ઓટલાં સહિતની અન્ય અડચણ દુર કરી ખુલ્લીજગ્યાનોઉપયોગવાહનપાર્કિંગમાટેકરવાનોરહેશે.

**તપાસનો વિષય** બાળકોને શાળાએ ન મોકલવાની ચીમકી પણ કેટલાક વાલીઓએ ઉચ્ચારી

# ગાંધીનગરના વાવોલની સરકારી શાળાના આચાર્ય પર વિદ્યાર્થીઓને માર મારવાનો આક્ષેપ

### ગાડીનો કાચ તૂટ્યો તો ત્રણ વર્ગના નિર્દોષ બાળકોને સામૂહિક માર માર્યો, વાલીઓમાં રોષ-હોબાળો



• ગાંધીનગર

ગાંધીનગરના નજીક આવેલા વાવોલ ગામની સરકારી શાળામાં શિસ્તના નામે માનવતા નેવે મૂકાઈ હોય એવી ઘટના સામે આવી છે. શાળાના આચાર્ય દ્વારા વિદ્યાર્થીઓને સામૂહિક રીતે ઢોરમાર મારવામાં આવ્યો હોવાના આક્ષેપ સાથે વાલીઓએ શાળા પરિસરમાં ભારે હોબાળો મચાવ્યો હતો. આચાર્યની આ જોહુકમી અને ત્યારબાદ શિક્ષકોના ઉદ્ધત વર્તનને પગલે વાલીઓમાં ભારે રોષ વ્યાપી ગયો છે અને તાત્કાલિક આચર્યને સસ્પેન્ડ કરી કડક પગલા ભરવાની વાલીઓએ માગ કરી છે. ગાંધીનગરના વાવોલની સરકારી પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને આચાર્ય દ્વારા માર મારવામાં આવ્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. શાળાના કોઈ વિદ્યાર્થી દ્વારા અજાણતા આચાર્યની ખાનગી ગાડીનો કાચ તૂટી ગયો હતો. આ બાબતથી આચાર્ય એટલા રોષે ભરાયા હતા કે તેમણે કયા વિદ્યાર્થીએ કાચ તોડ્યો છે તે શોધવાને બદલે ત્રણ અલગ-અલગ વર્ગના તમામ વિદ્યાર્થીઓને એકત્ર કરી માર માર્યો હોવાનો આક્ષેપ વાલીઓ ધ્વારા કરવામાં આવ્યો છે. વાલીઓના કહેવા મુજબ આચાર્યએ પિત્તો ગુમાવીને નિર્દોષ બાળકોને બેરહેમીપૂર્વક માર માર્યો હતો. જેના કારણે અનેક બાળકોના શરીર પર આંગળા ઉઠી આવ્યા હતા અને બાળકો ફફડી ઉઠ્યા હતા. આ ઘટનાના પગલે આજે વાલીઓ શાળાએ પહોંચી ગયા હતા પરંતુ, પોતાની ભૂલ સ્વીકારવાને બદલે અથવા વાલીઓને જવાબ આપવાને બદલે આચાર્ય રજા પર ઉતરી ગયા હોવાનું સામે આવ્યું હતું. શાળાએ પહોંચેલા વાલીઓએ જ્યારે અન્ય શિક્ષકો પાસે આ બાબતે ખુલાસો માંગ્યો, ત્યારે ત્યાં હાજર સ્ટાફે જવાબદારી સ્વીકારવાને બદલે વાલીઓ સાથે ગેરવર્તણૂક કરી હોવાના આક્ષેપ થયા છે. વાલીઓનો આરોપ છે કે, શિક્ષકો અમને યોગ્ય જવાબ આપવાને બદલે ઉદ્ધતાઈપૂર્વક વાત કરી રહ્યા છે અને આચાર્યના બચાવમાં ઉતર્યા છે. શાળાના પટાંગણમાં કલાકો સુધી ચાલેલા આ હોબાળાને કારણે અભ્યાસ કાર્ય ખોરવાયું હતું. આ અંગે એક વિદ્યાર્થીના વાલી રાજુભાઈ નાડિયાએ કહ્યું કે,કાલે મને ખબર પડી કે આ રીતે મારા છોકરાને વગાડ્યું છે એટલે હું આજે સ્કૂલમાં આવ્યો છું. શિક્ષકોને પૂછપરછ કરી પણ શિક્ષકો કોઈ સાચો અને વ્યવસ્થિત જવાબ આપતા નથી. મારા છોકરાને એટલા માટે મારવા માં આવ્યો કે ઉપરથી કોઈ છોકરાએ પથ્થર માર્યો હશે અને ગાડીનો કાચ તૂટ્યો હશે. આ ઘટનાને પગલે પ્રિન્સિપાલ સાહેબે ધોરણ 6, 7 અને 8 ના ત્રણેય વર્ગના છોકરાઓને ભેગા કરીને માર માર્યો છે. ખૂબ જ બેરહેમીપૂર્વક બાળકોને મારવામાં આવ્યા છે. આવું કૃત્ય તો કોઈ તાલિબાની પણ ન કરી શકે એવી રીતે બાળકોને માર્યા છે. ખરેખર સરકારે આ બાબતે યોગ્ય અને કડક પગલાં લેવા જોઈએ. જ્યારે અન્ય એક વાલી સોલંકી આનંદીબેને કહ્યું કે, મારો છોકરો અહીંયા ધોરણ-7માં અભ્યાસ કરે છે. કાલે સાંજે પ્રિન્સિપાલની ગાડી અહીં પડી હતી અને કોઈ છોકરાએ પતંગ માટે પથ્થર માર્યો હશે જેનાથી ગાડીનો કાચ તૂટી ગયો.આ વાત પર પ્રિન્સિપાલ એટલા ગુસ્સે થઈ ગયા કે તેમણે ધોરણ-6થી 8ના તમામ બાળકોને લોબીમાં ઉભા રાખીને ઢોર માર માર્યો છે. મારા બાબાને પણ વાગ્યું છે અને તે એટલો ડરી ગયો હતો કે, આજે સ્કૂલે આવવા પણ તૈયાર નહોતો પણ અમે મહામુસીબતે તેને મોકલ્યો છે. શાળાના બહેનોએ બાળકોને એવી પણ ધમકી આપી છે કે, જો આ વાત ઘરે કરશો તો તમારું નામ કમી કરી દઈશું. અને સર્ટિફિકેટ આપીને ઘરે વળાવી દઈશું. અમે જ્યારે પ્રિન્સિપાલ વિશે પૂછ્યું તો અન્ય સ્ટાફે કહ્યું કે સાહેબને છાતીમાં દુખાવો ઉપડ્યો છે એટલે તેઓ સિવિલ હોસ્પિટલમાં દાખલ થયા છે. અમને તો ન્યાય જોઈએ ઉલ્લેખનીય છેકે,બાળકોને શારીરિક સજા કરવી એ કાયદેસરનો ગુનો છે. તેમ છતાં સરકારી શાળામાં આ રીતે માસૂમ બાળકો પર અત્યાચાર ગુજારવામાં આવતા શિક્ષણ વિભાગની કામગીરી સામે પણ સવાલો ઉઠી રહ્યા છે. વાલીઓએ માંગ કરી છે કે આવા અત્યાચારી આચાર્યને તાત્કાલિક સસ્પેન્ડ કરવામાં આવે. વાલીઓ આ મામલે જિલ્લા શિક્ષણ અધિકારીને લેખિત રજૂઆત કરવાની તૈયારી કરી રહ્યા છે. જ્યાં સુધી ન્યાય નહીં મળે ત્યાં સુધી બાળકોને શાળાએ ન મોકલવાની ચીમકી પણ કેટલાક વાલીઓએ ઉચ્ચારી છે.

### ૧૦૮ની ટીમે એક નહીં પરંતુ ત્રણ જીંદગી બચાવી હતી

# ગાંધીનગર : 108 એમ્બ્યુલન્સમાં જોડિયા બાળકની નોર્મલ ડિલીવરી : ત્રણ જીંદગી બચાવાઈ

**હાશકારો** ડિલિવરી બાદ ઈએમટીએ બંને નવજાતને રૂટિન કેર તથા ઓક્સિજન સપોર્ટ આપ્યો હતો

• ગાંધીનગર

ગાંધીનગરના સચિવાલય પાસે આવેલા વિસ્તારોમાં રહેતી એક ૨૦ વર્ષીય સગર્ભાને આજે સવારે અચાનક પ્રસુતિનો દુઃખાવો થતા ૧૦૮ ઈમરજન્સી સેવાનો સંપર્ક કરવામાં આવ્યો હતો. સમયસર પહોંચેલી એમ્બ્યુલન્સમાં જ ઈએમટીએ કુશળતાપૂર્વક જોડિયા બાળકોની નોર્મલ ડિલિવરી કરાવી હતી તેમજ માતા અને બંને નવજાતને સુરક્ષિતરીતે હોસ્પિટલ પહોંચાડયા હતા. સેક્ટર-૧૭માં સ્ટેન્ડ ટુ રહેતી ૧૦૮ એમ્બ્યુલન્સના ઈએમટી બલેશ પરમાર અને પાઈલોટ ભરતપુરીને આજે સવારે લગભગ ૪:૧૦ કલાકે કોલ આવ્યો હતો કે, સચિવાલય સે-૧૦ પાસે રહેતી એક ૨૦ વર્ષિય પ્રસુતાને દુઃખાવો થાય છે. મેસેજ મળતાની સાથે એમ્બ્યુલન્સ તુરંત સ્થળે પહોંચી અને સગર્ભાને લઈને હોસ્પિટલ તરફ રવાના થઈ હતી પરંતુ થોડી જ વારમાં દુઃખાવો અસહ્ય બનતાં એમ્બ્યુલન્સને રોકવી પડી હતી અને ઈએમટી બલેશ પરમારે તુરંત પરિસ્થિતિને અનુસરીને તાત્કાલિક ડિલીવરી કરાવવાની જરૂર હોવાનો નિર્ણય લીધો હતો.ડો.તુષારના ટેલિફોનિક માર્ગદર્શન હેઠળ તેમણે એમ્બ્યુલન્સમાં જ કુશળતાથી પ્રથમ બાળકની ડિલિવરી કરાવી હતી ત્યારબાદ ખબર પડી કે જોડિયા બાળકો છે, તેથી તુરંત બીજા બાળકની પણ સફળ ડિલિવરી કરવામાં આવી હતી. ડિલિવરી બાદ ઈએમટીએ બંને નવજાતને રૂટિન કેર તથા ઓક્સિજન સપોર્ટ આપ્યો હતો જ્યારે માતાને જરૂરી ઓક્સિટોસિન ઈન્જેક્શન આપીને સ્થિતિ સ્થિર કરી હતી. ત્યારબાદ માતા અને બંને બાળકોને સુરક્ષિત રીતે ગાંધીનગર સિવીલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ડોક્ટર્સે ત્રણેયની તબિયત સારી હોવાનું જણાવ્યું હતું.આમ, ૧૦૮ની ટીમે એક નહીં પરંતુ ત્રણ જીંદગી બચાવી હતી.



# બોરીસણા અને સઈજ ગામને કલોલ પાલિકામાં સમાવાતાં ગ્રામજનોનો વિરોધ



• ગાંધીનગર

ગાંધીનગર જીલ્લાના કલોલ નગરપાલિકામાં બોરીસણા ગામ અને સઈજ ગામનો સમાવેશ કરવામાં આવ્યો છે બંને ગામોને કલોલ નગરપાલિકામાં ભેળવી દેવામાં આવ્યા છે જેના કારણે આ બંને ગ્રામજનોમાં રોષ જોવા મળી રહ્યો છે આજરોજ પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર સરકાર દ્વારા તાજેતરમાં જાહેરનામું બહાર પાડીને સઈજ અને બોરીસણા ગામને પાલિકામાં સમાવી વહિવટી પ્રક્રિયા શરૂ કરાઈ છે ત્યારે બંને ગામોના વિકાસ માટે તાજેતરમાં ગ્રામપંચાયતની ચૂંટણી યોજાઈ હતી. જેમાં નવી વહિવટી પાંખ દ્વારા ચાર્જ સંભાળવામાં આવ્યો હતો અને ગામના વિકાસ માટે જરૂરી તમામ પગલાં સરપંચ અને સભ્યો દ્વારા કરવામાં આવતાં હતા. આ ઉપરાંત બંને ગામના રોજીંદા જીવન વ્યવહાર અને રોજગારી સામાજીક વ્યવસ્થાઓને પણ મુશ્કેલીનો સામનો કરવો પડે તેમ હોવાનો આક્ષેપ કર્યો હતો. કલોલ નગરપાલિકા દ્વારા પણ વહીવટીય કામગીરી હાથ ધરવામાં આવી છે અને બંને ગ્રામ પંચાયતોમાંથી કામગીરી શરૂ કરી દેવામાં આવી છે ત્યારે આ બંને ગામોના લોકોમાં વિરોધનો વંટોળ જોવા મળી રહ્યો છે નગરપાલિકામાં સમાવેશ કરવામાં આવતા ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# થર્ટી ફર્સ્ટની ઉજવણીમાં નશામાં છાકટા કે સ્ટંટ કર્યો તો પોલીસ છોડશે નહિ

### 11 એન્ટ્રી પોઇન્ટ અને શહેરના 55 પોઇન્ટ પર પોલીસ ગોઠવાશે, ડ્રોન થી પણ નજર

• વડોદરા

થર્ટી ફર્સ્ટની ઉજવણી નિમિત્તે શહેર પોલીસ દ્વારા બંદોબસ્તની સ્કીમને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.નવા વર્ષની ઉજવણી દરમિયાન કોઈ અનિચ્છનિય બનાવ ના બને તે માટે શહેર પોલીસના ૨ હજાર થી વધુ જવાનો તૈનાત રહેશે.

વિદાય લેતા વર્ષને ગુડબાય અને નવા વર્ષને આવકારવા માટે વડોદરા શહેરમાં પણ ફતેગંજ સહિતના સ્થળોએ હજારો લોકો ઉમટી પડતા હોવાથી ટ્રાફિકની પણ સમસ્યા સર્જાતી હોય છે. લોકો શાંતિપૂર્ણ રીતે નવાવર્ષની ઉજવણી કરી શકે તેમજ કોઈ પણ અનિચ્છનિય બનાવ ના બને તે હેતુથી પોલીસ કમિશનર દ્વારા બંદોબસ્તની સ્કીમ તૈયાર કરવામાં આવી રહી છે.

થર્ટી ફર્સ્ટની રાતે દારૂના નશામાં કોઈ યુવકો છાકટા ના બને તેમજ બ્રિજ કે રસ્તાઓ પર સ્ટંટબાજી ના કરે તે માટે પોલીસ વિશેષ તકેદારી રાખશે.પોલીસ દ્વારા સીસીટીવી ફૂટેજની સાથે ડ્રોન કેમેરા નો પણ ઉપયોગ કરવામાં આવશે.આ દિવસે તમામ ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ હાજર રહેશે.

પ્રાથમિક વિગતો મુજબ,શહેરના ૧૧ જેટલા એન્ટ્રી પોઈન્ટ તેમજ બીજા ૫૫ જેટલા પોઈન્ટ પર પોલીસની ટીમો ચેકિંગ કરશે.જેમાં મહિલા પોલીસનો પણ સમાવેશ થાય છે.આ ઉપરાંત નવલખી જેવા ગ્રાઉન્ડો પર પણ પોલીસ પેટ્રોલિંગ કરશે.

થર્ટી ફર્સ્ટની ઉજવણી માટે લોકો ભેગા થતા હોય કે વધુ અવરજવર હોય તેવા સ્પોટને પોલીસ અલગ તારવી રહી છે.આવા સ્પોટમાં ફતેગંજ, સયાજીગંજ, ડેરીડેન,અકોટા બ્રિજ, ફતેગંજ બ્રિજ જેવા સ્થળો મુખ્ય છે.અગાઉની સ્કીમ મુજબ અંદાજે ૨૧ જેટલા સ્પોટ પર પોલીસ વિશેષ નજર રાખતી હોય છે.પોલીસ દ્વારા ડ્રોન કેમેરા મારફતે પણ નજર રાખવામાં આવનાર છે.

## વટામણ ચોકડી પાસેથી કારમાંથી દારૂ સાથે બે શખ્સ પકડાયા



બગોદરા : થર્ટી ફર્સ્ટને લઈ દારૂની હેરાફેરી વધી છે જે વચ્ચે વટામણ ચોકડી પાસેથી કારમાંથી દારૂની ૪૭૮ બોટલ સાથે બે શખ્સો પકડાયો હતો. પોલીસે દારૂ, કાર સહિત ૩.૮૪ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે પોલીસે તપાસ હાથ ધરી છે.

વટામણ ચોકડી પાસેથી કોઠ પોલીસે ગાડીમાંથી બાતમી આધારે તપાસ કરી હતી. કારમાં દરવાજા સહિતમાં છુપાવેલી વિદેશી દારૂની ૪૭૮ બોટલ કબજે કરી હતી. પોલીસે ૮૦ હજારથી વધુનો દારૂ, મોબાઈલ, કાર સહિતનો ૩.૮૪ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે ઉમેશ અરજલ બાલસ (રહે, જેપુર ગામ, તાલાલા, જિ, ગીરસોમનાથ) અને રાજન સવદાર નામના આરોપીઓની ધરપકડ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

### ગાંધીનગર : માણસાના ખડાતમાં LCBનો દરોડો

# છાપરામાં લાકડા અને ઘઉંના ભુસા નીચે સંતાડેલો દારૂ જપ્ત, બે બૂટલેગર ફરાર

• ગાંધીનગર

ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ ટીમે માણસા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે ખડાત ગામે દરોડો પાડ્યો હતો. એક રહેણાંક મકાનની બાજુમાં આવેલા છાપરામાંથી લાકડા અને ઘઉંના ભુસા નીચે સંતાડેલી 2 લાખ 47 હજારની કિંમતની અલગ-અલગ બ્રાન્ડની દારૂની 888 નંગ બોટલો જપ્ત કરી ફરાર બે બૂટલેગરો વિરુધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ગાંધીનગરમાં ન્યૂ યરની ઉજવણી દરમ્યાન દારૂની રેલમછેલ રોકવા લોકલ ક્રાઈમ બ્રાંચ દ્વારા જિલ્લામાં સઘન પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું છે. જે અન્વયે એલસીબી



પીઆઈ એચ.પી.પરમારની ટીમ માણસા પોલીસ મથકની હદમાં પેટ્રોલિંગ કરી રહી હતી. દરમ્યાન ચોક્કસ બાતમી મળી હતી કે, ખડાત ગામના ભારથરવાસમાં રહેતા શૈલેન્દ્રસિંહ જીતેન્દ્રસિંહ રાઠોડ અને મહેશસિંહ ઉર્ફે માલુભા નાથુસિંહ રાઠોડ પોતાના ઘરની બાજુમાં આવેલા કાચા છાપરામાં દારૂનો જથ્થો સંતાડી વેચાણ કરે છે. આ બાતમીના આધારે એલસીબીએ ઉપરોક્ત સ્થળે પોલીસે ઓચિંતી રેઈડ કરી હતી. પોલીસની તપાસ દરમિયાન છાપરામાં લાકડાના ઢગલા પાછળ અને ઘઉંના ભુસાના પાર્સલો નીચે સિફતપૂર્વક સંતાડવામાં આવેલો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જેમાં અલગ અલગ બ્રાન્ડની કુલ 21 પેટીઓ (888 નંગ બોટલ) મળી આવી હતી. જોકે પોલીસ રેઈડ દરમિયાન બંને બૂટલેગરો શૈલેન્દ્રસિંહ અને મહેશસિંહ હાજર મળી આવ્યા ન હતા. પોલીસે રૂ .2.47 લાખનો દારૂનો તમામ મુદ્દામાલ કબ્જે કરી ફરાર આરોપીઓ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તેમની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

# આહવા માં નકલી આઈકાર્ડ બતાવી પોલીસને ગેરમાર્ગે દોરનાર શખ્સ ઝડપાયો

• આહવા



ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવા ખાતે ક્રિસમસ બંદોબસ્ત દરમિયાન પોલીસને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરનાર એક શખ્સની આહવા પોલીસે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઘટનાની વિગત: સુરત વિભાગના પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીરસિંહ અને ડાંગ પોલીસ અધિક્ષક પૂજા યાદવના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ આહવા વિસ્તારમાં સુરક્ષા બંદોબસ્તમાં હતી. આ દરમિયાન નિલેશ વિનયભાઈ ગાયકવાડ (ઉં.વ. ૫૪, રહે. આહવા, નામના ઈસમે પોતાની ઓળખ 'દિલ્હી ક્રાઈમ બ્રાંચના ઉચ્ચ અધિકારી' તરીકે આપી હતી. તેણે ફરજ પરના પોલીસ અને હોમગાર્ડના જવાનોને શંકાસ્પદ ઓળખપત્ર બતાવી રુઆબ છાંટવાનો અને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો. આહવા પી.આઈ. આર.એસ. પટેલ અને તેમની ટીમે શંકા જતાં આ શખ્સની સઘન પૂછપરછ કરી હતી. તપાસ દરમિયાન તેની પાસેથી 'ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટ્સ પ્રોટેક્શન કાઉન્સિલ' લખેલું આઈકાર્ડ મળી આવ્યું હતું, જેમાં તેનો હોદ્દો 'જનરલ સેક્રેટરી (ક્રાઈમ પ્રિવેન્શન ડિપાર્ટમેન્ટ)' દર્શાવ્યો હતો.

આ અંગેના જરૂરી દસ્તાવેજો માંગતા તે સંતોષકારક જવાબ આપી શક્યો ન હતો. પોલીસે આ મામલે ગંભીરતા દાખવી આરોપી નિલેશ ગાયકવાડ સામે BNS કલમ ૨૦૫ મુજબ ગુનો નોંધી તેની ધરપકડ કરી છે. આ કામગીરીમાં પી.આઈ. આર.એસ. પટેલ, પી.એસ.આઈ. એસ.બી. ટંડેલ અને અન્ય પોલીસ કર્મચારીઓ જોડાયા હતા. ખોટી ઓળખ આપી કાયદાનો ભંગ કરનાર સામેની આ કામગીરીને સ્થાનિક સ્તરે બિરદાવવામાં આવી છે.

## બાલાસિનોર શહેરનો ચેપ રાજપૂર ગામમાં લાગ્યો, કમળાના 7 કેસ

બાલાસિનોર : મહીસાગર જિલ્લાના તાલુકા મથક બાલાસિનોર શહેરમાં ડિસેમ્બર મહિનામાં કમળાના રોગચાળાએ કહેર મચાવ્યો છે. ત્યારે અહીંનો ચેપ નજીકમાં આવેલા રાજપૂર ગામ સુધી પહોંચ્યો છે. રાજપૂર ગામમાં પણ ડિસેમ્બર મહિનામાં કમળાના સાત કેસ નોંધાયા હોવાનું આરોગ્ય તંત્રએ સ્વીકાર્યું છે.બાલાસિનોરમાં શહેરમાં ડિસેમ્બર મહિના દરમિયાન કમળાના સવા ત્રણસોથી વધારે કેસ નોંધાઈ ચૂક્યા છે. જેના પગલે જિલ્લા કલેક્ટરે દોડી આવવાની ફરજ પડી હતી. દરમિયાનમાં સામે આવતી વિગતો અનુસાર બાલાસિનોરથી પાંચ-છ કિલોમીટરના અંતરે આવેલા રાજપૂર ગામમાં પણ ડિસેમ્બર મહિના દરમિયાન કમળાના ૭ કેસ નોંધાયા છે. અધિક જિલ્લા આરોગ્ય અધિકારીએ આ બાબતે જણાવ્યું છે કે, અત્યારે સ્થિતિ કાબૂમાં છે. ક્લોરિનેશન સહિતની કામગીરી કરવામાં આવી રહી છે. રાજપૂર ગામમાં જે કેસ નોંધાયેલા છે, તે પૈકી કેટલાક લોકો બાલાસિનોરમાં નોકરી-ધંધા માટે આવે છે. જ્યારે કેટલાક લોકો કોઈ કામ સબબ સગા-સંબંધીને ત્યાં આવ્યા હતા. બાલાસિનોરમાં પાણી પીવાના કારણે આ લોકોને કમળો થયો હોવાનું પ્રાથમિક અનુમાન છે.

આક્રોશ

ડભોઇ થી પોર માઇનોર કેનાલમાં ગંભીર બેદરકારી

# અધિકારીઓની નિષ્ક્રિયતાથી છેવાડાના ખેડૂતો મુશ્કેલીમાં મૂકાયા

### વહેલીતકે પાણી પહોંચાડવા ખેડૂતોને હૈયાધારણ આપી

• _ફકીરા ખત્રી ડભોઈ

ડભોઈ વિધાનસભા તાલુકાના મેગા કુઈ. સલાડ. ડાંગીકુવા. કંકોઈ. સમસ્ત પુરા વિગેરે વિસ્તારમાંથી પસાર થતી નર્મદા માઈનોર કેનાલ (નર્મદા નહેર) માં મોટા પ્રમાણમાં ઝાડી-જાખરા ઉગી નીકળ્યા છે, જેના કારણે નહેરની પાણી વહન કરવાની ક્ષમતા લગભગ સમાપ્ત થઈ ગઈ છે. ચોમાસું સમાપ્ત થઈ ગયું હોવા છતાં અને નર્મદા નિગમના અધિકારીઓ પાસે કેનાલની સફાઈ માટે ઉપલબ્ધ સમય હોવા છતાં, કોઈ પણ પ્રકારની સફાઈ કામગીરી જોવા મળી રહી નથી.

આ ગંભીર બેદરકારીને કારણે છેવાડાના ખેડૂતોને શિયાળુ પાક માટે સિંચાઈના પાણીથી વંચિત રહેવાનો ભય સતાવી રહ્યો છે, જેને લઈને ખેડૂતોમાં ભારે રોષ સાથે વહેલી તકે સફાઈની સાથે પાણી છોડવામાં આવે તેવી માંગ ઉઠી છે.

પાણીનો પ્રવાહ રોકાયો: ખેડૂતોની ચિંતા વધી કેનાલમાં ઉગી નીકળેલા ગાઢ ઝાડી-જાખરાને કારણે આગળથી આવતું પાણી આગળ વધી શકતું નથી. આ ઝાડીઓ પાણીના પ્રવાહને રોકી રાખે છે, જેના પરિણામે છેવાડાના વિસ્તારોમાં જ્યાં પાણી પહોંચવું જોઈએ ત્યાં પાણી પહોંચતું નથી તેમ નર્મદા નિગમના




અધિકારી સામે ખેડૂતોની રજૂઆત હાલ જો નહેરની સફાઈ અત્યારે નહીં થાય, તો શિયાળુ પાક લેવામાં ભારે મુશ્કેલી પડશે. જ્યારે કે શિયાળુ ખેતી માટે પાણીની જરૂરિયાત ઊભી થઈ, ત્યારે આ ઝાડીઓ પાણીને આગળ વધવા દેશે નહીં અને અમારો પાક નિષ્ફળ જશે તેમ ખેડૂતોએ નર્મદા નિગમના અધિકારીઓના કામકાજની પદ્ધતિ પર ગંભીર આક્ષેપો કર્યા છે.

તેમના મતે, સામાન્ય રીતે કેનાલની નિયમિત સફાઈ થતી નથી. જો કોઈ મંત્રી કે અગ્રણી નેતા નો પ્રવાસ કાર્યક્રમ હોય, તો માત્ર તેમના પ્રવાસ માર્ગના આગળ અને પાછળના નજીવા ભાગની જ આઈ-વોશિંગ સફાઈ કરવામાં આવે છે, પરંતુ સમગ્ર કેનાલને સાફ કરવામાં આવતી નથી. આ ભેદભાવભરી નીતિનો ભોગ છેવાડાનો ખેડૂત બની રહ્યો છે.

કમોસમી વરસાદનો માર અને હવે નર્મદા સિંચાઈનું સંકટખેડૂતોએ પહેલેથી જ કમોસમી વરસાદનો મોટો માર સહન કર્યો છે, જેના કારણે તેમને ભારે નુકસાન થયું છે. હવે તેમને આશા છે કે શિયાળુ પાક સારી રીતે લઈ શકાય, પરંતુ નર્મદા નિગમની નિષ્ક્રિયતા તેમના આ પ્રયાસો પર પાણી ફેરવી શકે તેમ છે.

ડભોઇ વિધાનસભા વિસ્તારના ખેડૂતોએ નર્મદા નિગમના લાગતા-વળગતાઅધિકારીઓ અને સરકારને અપીલ કરી છે કે, ખેડૂતોની મુશ્કેલીઓને સમજીને તાત્કાલિક ધોરણે આ માઈનોર કેનાલની સંપૂર્ણ સાફ-સફાઈની કામગીરી હાથ ધરવામાં આવે, જેથી સમયસર છેવાડાના ખેતરો સુધી પૂરતું પાણી પહોંચી શકે અને આગામી પાકનું ઉત્પાદન સુનિશ્ચિત થઈ શકે. ત્યારે નર્મદા નિગમના અધિકારી સી એ રાઠવા એ વહેલી ટકે પાણી પહોંચાડવા ખેડૂતોને હૈયાધારણ આપી હતી.

પાલિકાતંત્ર અને પ્રથમેશ એન્ટરપ્રાઇઝના સયૂક્ત ઉપક્રમે

# ગોધરા ખાતે ભારતના સર્વ પ્રથમ આલ્કલાઈન એટીએમનો પ્રારંભ કરાયો

સુવિધામાં વધારો

### જનતા આ એટીએમનો લાભ લે તેવી અપીલ કરુ છુ : ધારાસભ્ય સી.કે. રાઉલજી




• અમદાવાદ

સામાન્ય રીતે પીવાનુ પાણી બધે જ ઉપલબ્ધ છે. પણ તેની ગુણવત્તા અને ચોખ્ખાઈને લઈને સવાલો ઉભા થાય છે. લોકો આર.ઓ. પ્લાન્ટ થકી પીવાનુ પાણીનો ઉપયોગ કરે છે. ત્યારે ગોધરા નગરપાલિકા અને નાસિકની પ્રથમેશ એન્ટરપ્રાઈઝના સહિયારા પ્રયાસથી હવે ગોધરાનગર વાસીઓએ ઓછી કિમંતે પીવાનુ શુધ્ધ અને ચોખ્ખુ પાણી વોટર એટીએમ થકી મળશે. આ પાણીનો લાભ એ છે તેનાથી અનેક રોગો સામે રક્ષણ પણ મળશે. ગોધરામાં ભારતનો પ્રથમ સાર્વજનિક આલ્કલાઈન વોટર એ.ટી.એમ. પ્રોજેક્ટનું લોકાર્પણ કરાયુ હતુ. આ પ્રોજેક્ટ ગોધરા નગરપાલિકા અને નાસિક સ્થિત પ્રથમેશ એન્ટરપ્રાઈઝના સંયુક્ત ઉપક્રમે શરૂ કરવામાં આવ્યો હતો ગોધરાના અટલ ઉદ્યાન ખાતે ગોધરાના ધારાસભ્ય સી.કે. રાઉલજી મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહીને આ વોટર એટીએમની શરુઆત કરાવી હતી. કાર્યક્રમમાં ગોધરા નગરપાલિકાના ચીફ ઓફિસર આર.એચ. પટેલ, પ્રમુખ જયેશભાઈ ચૌહાણ, ઉપપ્રમુખ સુનિલભાઈ લાલવાણી અને નગરપાલિકાના તમામ સભ્યો હાજર રહ્યા હતા. આ પ્રોજેક્ટ દ્વારા ગોધરાના નાગરિકોને શુદ્ધ આલ્કલાઈન પાણી ઉપલબ્ધ થશે, જે સ્વાસ્થ્ય માટે લાભદાયી માનવામાં આવે છે. પ્રથમેશ એન્ટરપ્રાઇઝના સીઈઓ હરીશ જૈને જણાવ્યુ હતુ કે ભારતના પ્રથમ આલ્કલાઈન વોટર એટીએમનો પ્રારંભ ગોધરા ખાતે શરુ કરાયો છે. કંપની દ્વારા ગોધરા નગરપાલિકા સાથે એમઓયુ કરવામા આવ્યા છે. 6 એટીએમ ગોધરામા રહેશે. બે એટીએમ ગાડી ગોધરા શહેરમા ફરતી રહેશે. જેથી લોકોને ઘર આગણે ચોખ્ખુ પાણી મળશે. આ પાણીથી રોગોની સામે રક્ષણ પણ મળશે. કંપની અને ગોધરા નગરપાલિકા દ્વારા અમે રેટ પણ વાજબી નક્કી કર્યા છે.1 રુપિયામાં 500 એમએલ,5 રૂપિયામા ચાર લિટર,10 રૂપિયામા 8 લીટર,એટીએમ કાર્ડથી 20 રૂપિયામા 25 લીટર રાખવામા આવ્યા છે.અને 25 રુપિયામાં 20 લીટર પાણી મળશે. આ અહી લોકો પોતાના ઘરેથી બોટલ લાવીને પાણી ભરી શકશે. વધુમા પ્લાસ્ટિકની ગંદકી થતી પણ અટકશે. ધારાસભ્ય સીકે રાઉલજીએ જણાવ્યુ હતુ કે પીવાના શુધ્ધ પાણી માટે એટીએમ દ્વારા આલ્કાલાઈન વોટર લોકોને આપવામા આવશે.ગોધરા શહેરના નાગરિકોને આવનાર દિવસોમાં પીવાનુ શુધ્ધ પાણી મળી રહશે.

જનતા આ એટીએમનો લાભ લે તેવી અપીલ કરુ છુ.મે પાણીનો ટેસ્ટ લીધો છે. પાણી સારુ છે. કાર્યક્રમમાં ગોધરા નગરપાલિકાના ચીફ ઓફિસર આર.એચ. પટેલ, પ્રમુખ જયેશભાઈ ચૌહાણ, ઉપપ્રમુખ સુનિલભાઈ લાલવાણી અને નગરપાલિકાના સભ્યો હાજર રહ્યા હતા.

# ગાદલાની આડમાં છુપાવેલ દારૂને ખાંભામાં સ્ટેટ મોનિટરિંગ સેલે પકડી પાડ્યું

### રૂપિયા 60 લાખનું વિદેશી દારૂનું કટિંગ

• ખાંભા (અમરેલી)



સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ની ટીમે અમરેલી જિલ્લાના ખાંભા પંથકમાં નાણા વિસાવદર ગામની સીમમાં ચાલતા દારૂના કટિંગ પર દરોડો પાડી પોલીસે કુલ 1,04,69,390/- (એક કરોડ ચાર લાખથી વધુ) નો મુદ્દામાલ કબજે કર્યો છે.

SMC ના PSI એસ.વી. ગલચર અને તેમની ટીમને મળેલી બાતમીના આધારે નાણા વિસાવદર ગામના ખુલ્લા ખેતરમાં રેડ પાડવામાં આવી હતી. અહીં પંજાબની ડિસ્ટિલરીઓમાંથી મંગાવવામાં આવેલી રોયલ સ્ટેગ સહિતની બ્રાન્ડેડ દારૂની 12,726 બોટલો ટ્રક અને પીકઅપ ડાલામાં ભરીને ઉતારવામાં આવી રહી હતી. આ વિદેશી દારૂની બજાર કિંમત અંદાજે 59,64,390/- આંકવામાં આવી છે.

દરોડા દરમિયાન પોલીસે દારૂના જથ્થા ઉપરાંત, 04 વાહનો (ટ્રક અને 3 પીકઅપ ડાલા - કિંમત 44,00,000/-), દારૂ છુપાવવા માટે વપરાતી 70 નંગ ગાદલાની પથારીઓ (કિંમત 1,05,000/-) મળી કુલ 1,04,69,390/- નો મુદ્દામાલ કબજે કર્યો છે.

પોલીસે સ્થળ પરથી ભાવનગર જિલ્લાના ગારીયાધારના રહેવાસી તન્વીર નાસીરહુસૈનને ઝડપી લીધો છે. જ્યારે ગારીયાધારનો મુખ્ય સૂત્રધાર મુસીમ તૈલી, સોહેલ સૈયદ, નાણા વિસાવદરનો દારૂ મંગાવનાર શખ્સ, દારૂ સપ્લાયર તેમજ વિવિધ વાહનોના ચાલકો સહિત કુલ 16 શખ્સોને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

SMC એ આ મામલે ખાંભા પોલીસ મથકે પ્રોહિબિશન એક્ટ અને ભારતીય ન્યાય સંહિતા(BNS) ની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરી તપાસનો ધમધમાટ તેજ કર્યો છે.

# ડભોઈ ખાતે હીચકા રાઉન્ડ વિગેરે સાધનો તૂટી જવા પામ્યા હતા

• _ફકીરા ખત્રી ડભોઈ

સરકાર ની અમૃત યોજના અંતર્ગત 2 .75 કરોડ ના ખર્ચે તૈયાર થયેલ વર્ષો પછી નવનિર્માણ તૈયાર થયેલા ડભોઈ સરદાર બાગ નું ધારાસભ્ય શૈલેષભાઇ મહેતા ના હસ્તે તાજેતરમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું.નવીન બનેલ સરદાર બાગમાં બાળકો માટે આધુનિક રમતગમતના સાધનો, , વોક સ્ટ્રીટ અને કસરત માટેના સાધનો જેવી સુવિધાઓ વહીવટી તંત્રની દેખરેખ હેઠળ ઉપલબ્ધ કરવામાં આવી હતી પરંતુ ચારથી પાંચ દિવસમાં બગીચામાં નાખેલા સાધનો જે કોન્ટ્રાક્ટર દ્વારા તકલાદી નાખવામાં આવ્યા હોય જે પૈકીના કેટલાક તૂટી જતા બગીચાના કામમાં મોટો ભ્રષ્ટાચાર થયો હોવાનું નગરની પ્રજામાં ચર્ચાઈ રહ્યું હતું...

ડભોઈ નગરમાં વર્ષોથી બાગ બગીચા ની હાલત તદન બિસ્માર હાલતમાં હતી ત્યારે વિકાસ પુરુષ એવા ધારાસભ્ય શૈલેષ મહેતા દ્વારા નવા બગીચા બનાવવા માટે સરકારની અમૃત યોજના અંતર્ગત માતબર રકમ બે કરોડ ૭૫ લાખના ખર્ચે વિવિધ સાધનોની સજ્જડ બાગ ના નવ નિર્માણ નુ ઉદ્ઘાટન ચાર પાંચ દિવસ પહેલા જ કરવામાં આવ્યું હતું ત્યારે નગર જનો માં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને પહેલા જ દિવસે લોકાર્પણ સમયે મોટી સંખ્યા માં બાળકો ,યુવાનો તથા વડીલો ગાર્ડન ખાતે ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ લોકાર્પણ પ્રસંગે ડભોઈ ના ધારાસભ્ય શૈલેષ મહેતાએ પોતાના ઉદ્બોધનમાં નગરજનોને બાગનો સદુપયોગ કરવા, સ્વચ્છતા જાળવવા અને તેને જીવંત રાખવા અપીલ કરી હતી. પરંતુ કોન્ટ્રાક્ટર દ્વારા અને નગરના વહીવટી તંત્ર ની દેખરેખ હેઠળ આટલી મોટી માતબર રકમથી બનેલા બગીચામાં ચાર પાંચ દિવસમાં જ હીચકા રાઉન્ડ વિગેરે સાધનો તૂટી જવા પામ્યા હતા ત્યારે કોન્ટ્રાક્ટર દ્વારા તકલાદી કામમાં લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર હોવાનું નગરજનોમાં ચર્ચાઈ રહ્યું હતું ત્યારે નગરમાં નગરજનોમાં બોલાઈ રહ્યું છે કે આ કોન્ટ્રાક્ટરને ડભોઈ નગરના વિકાસના મોટાભાગના કામો રોડ રસ્તા બ્લોક દિવાલ ગટર તેમજ સીસી રોડ વિગેરે નગરપાલિકા વહીવટી તંત્ર દ્વારા કોન્ટ્રાક આપવામાં આવ્યા હતા તેમાં પણ કેટલો ભ્રષ્ટાચાર થયો હોય એ તપાસો વિષય છે ત્યારે નગર નિયામક સહિત ઉચ્ચ

## ડાંગ જિલ્લા આઈ.સી.ડી.એસ.શાખા દ્વારા જિલ્લાની કુલ - ૪૪૨ આંગણવાડી કેન્દ્રોમાં "વીર બાલ દિવસ-૨૦૨૫" ની ઉજવણી કરાઇ

• આહવા-ડાંગ

રાજ્યમાં ઉજવાઈ રહેલ 'વીર બાલ દિવસ' ની ઉજવણી અન્વયે ડાંગ જિલ્લાની કુલ - ૪૪૨ આંગણવાડી કેન્દ્રોમાં પ્રોગ્રામ ઓફિસર શ્રીમતી જ્યોત્સનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ તારીખ ૨૬ ના રોજ "વીર બાલ દિવસ-૨૦૨૫" ની ઉજવણી કરવામાં આવી હતી. જેમા આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા આંગણવાડી કેંન્દ્રમાં બાળકોને ચિત્રકામ, ચિત્રમાં ચિટકકામ, બાળવાર્તા થીમ મુજબની પ્રવ્રુતિ, તેમજ અંદર-બહાર ની રમતો રમાડવામાં આવી હતી. બાળકો દ્વારા વેશભુષા કરાવવામાં આવી. આ ઉજવણીમાં બાળકોએ ઉત્સાહ થી ભાગ લીધો હતો. સાથે જ કાર્યક્રમમા બાળકોના વાલીગણ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ અંતર્ગત જિલ્લા વિકાસ અધિકારી શ્રી કે. એસ. વસાવા દ્વારા આંગણવાડી કેન્દ્ર- લહાન ચર્યા અને મોટાચર્યા ની વિઝિટ કરવામાં આવી. સાથે જ પ્રોગ્રામ ઓફિસર શ્રીમતી જ્યોત્સનાબેન પટેલ, મુખ્યસેવિકા, આઈ.સી.ડી.એસ.શાખાના કર્મચારીઓ દ્વારા વિઝિટ કરી આ કાર્યક્રમમા સહભાગી બન્યા હતાં.

રાજ્ય કક્ષાએ આયોજિત સ્વામી વિવેકાનંદ ક્વિઝ સ્પર્ધામાં

# ડાંગ જિલ્લાની કન્યા સાક્ષરતા નિવાસી શાળા, સાપુતારાની વિદ્યાર્થીની ત્રીજા નંબરે

• આહવા-ડાંગ




રામકૃષ્ણ આશ્રમ રાજકોટ દ્વારા આયોજિત જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી સંચાલિત ડાંગ જિલ્લા કક્ષાની સ્વામી વિવેકાનંદ ક્વિઝ સ્પર્ધામાં ડાંગ જિલ્લાની કન્યા સાક્ષરતા નિવાસી શાળા, સાપુતારાના સમરતીબેન કૈલાશભાઈ ગાયકવાડ ડાંગ જિલ્લામાં પ્રથમ નંબર તથા ગુજરાત રાજ્ય કક્ષાએ ત્રીજા નંબરે વિજેતા થઈ ડાંગ જિલ્લાને ગૌરવ અપાવ્યું છે. આ સાથે જ એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ સ્કૂલ ગારખડીના નાયક અંજલબેન જીતેન્દ્ર જેઓ ડાંગ જિલ્લા કક્ષાએ આયોજિત સ્પર્ધામાં બીજા નંબરે તથા ચિંચલીના વિપુલભાઈ અરવિંદભાઈ વાડેકર ત્રીજા નંબરે વિજેતા થયા છે. ડાંગ જિલ્લા ત્રણે વિજેતા અને રાજ્યકક્ષાના વિજેતાને ડાંગ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી જીગ્નેશ ત્રિવેદી તરફથી અભિનંદન પાઠવ્યા છે.


# 'રૂપ'નું અભિમાન કરનારી યુવતીઓ માટે એક અરીસો મહામહિમ દ્રૌપદી મુર્મુજી

• દર્શના પટેલ નેશનલ મેડાલિસ્ટ

આજના આધુનિક યુગમાં સુંદરતાની વ્યાખ્યા માત્ર 'ગોરા રંગ' અને 'બાહ્ય દેખાવ' સુધી સીમિત થઈ ગઈ છે. શું બાહ્ય સુંદરતા જ સફળતાની એકમાત્ર ગેરંટી છે? આ પ્રશ્નનો સચોટ જવાબ આપણને ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુના જીવનમાંથી મળે છે.

**રંગ કરતા વ્યક્તિત્વનું કદ મોટું**

જે યુવતીઓને પોતાના ગોરા રંગનું અભિમાન છે, તેમણે એકવાર દ્રૌપદી મુર્મુજીના જીવન સંઘર્ષ પર નજર નાખવી જોઈએ. એક સામાન્ય આદિવાસી પરિવારમાં જન્મેલા મુર્મુજીએ ક્યારેય દેખાવની ચિંતા નથી કરી. તેમણે પોતાના જ્ઞાન, સંસ્કાર અને મક્કમતાને જ પોતાનું ઘરેણું બનાવ્યું છે. આજે જ્યારે તેઓ કોઈ સભામાં પ્રવેશે છે, ત્યારે દેશના વડાપ્રધાન પણ આદરમાં ઊભા થઈ જાય છે. આ સન્માન તેમના રંગ માટે નથી, પણ તેમની વર્ષોની તપસ્યા અને પદની ગરિમા માટે છે. સુંદરતા ક્ષણિક છે, સિદ્ધિ અમર છેરૂપનું અભિમાન કરનારાઓએ સમજવું જોઈએ કેવખત જતાં રૂપ કરમાઈ જાય છે ઉંમર વધવાની સાથે ચહેરાની ચમક જતી રહેશે, પણ તમારા કર્મોની સુવાસ કાયમ રહેશે. આત્મવિશ્વાસ એ અસલી મેકઅપ છેદ્રૌપદી મુર્મુજીએ અનેક અંગત દુઃખો સહન કર્યા હોવા છતાં, ક્યારેય હાર નથી માની. તેમનો આત્મવિશ્વાસ જ તેમને વિશ્વના સૌથી શક્તિશાળી મહિલાઓની હરોળમાં લાવ્યા છે. સફળતા રંગની મહોતાજ નથી ઈતિહાસ સાક્ષી છે કે દુનિયા બદલનારા લોકોએ ક્યારેય 'બ્યુટી પાર્લર' ના સહારે જીત નથી મેળવી, પણ 'પરસેવાની સુંદરતા' થી મેદાન માર્યું છે.



**જ્યારે પ્રોટોકોલ પણ નમે છે**

એક દ્રશ્ય યાદ કરો જ્યારે ભારતના સર્વોચ્ચ હોદ્દા પર બિરાજમાન એક અશ્વેત સ્ત્રી સામે આખું મંત્રીમંડળ અને દિગ્ગજ નેતાઓ શિષ્ટાચાર સાથે ઊભા રહે છે. આ દ્રશ્ય એ તમામ લોકો માટે લપડાક છે જેઓ માણસને તેના ચામડીના રંગથી માપે છે. મુર્મુ દેવીનું ઉદાહરણ સાબિત કરે છે કે જો તમારી પાસે યોગ્ય લાયકાત અને મજબૂત ચારિત્ય હોય, તો દુનિયાનું સર્વોચ્ચ શિખર તમારા કદમોમાં હોય છે.યુવતીઓએ સમજવાની જરૂર છે કે અસલી સુંદરતા 'સ્કીન' (ત્વચા) માં નહીં, પણ 'સ્કીલ' (આવડત) માં હોય છે. ગોરા રંગનું અભિમાન કરવાને બદલે, મુર્મુજી જેવી સાદગી અને મક્કમતા કેળવવી જોઈએ. યાદ રાખો, ચહેરો જોઈને લોકો રસ્તો આપી શકે, પણ વ્યક્તિત્વ જોઈને તો દેશના વડાપ્રધાન પણ ઊભા થઈ જાય છે જે સુંદરતા પર તમને આજે ગર્વ છે, તે કુદરતની ભેટ છે, તમારી કમાણી નથી. પણ દ્રૌપદી મુર્મુજી એ જે સ્થાન મેળવ્યું છે તે તેમની પોતાની કમાણી છે.

**ઈતિહાસની ઝલક** ' રાજકારણ અને જૈન ફિલોસોફીના હાંસિયા પર ગાંધી આત્મામાં જડિત'

# 'નામના અનુયાયીઓના પ્રયાસો અને વિચારોની અમરતા: ગાંધી, રાજચંદ્ર અને શાશ્વત જૈન ધર્મ.'



• પ્રો. મયંક જૈન

આજના રાજકીય અને સામાજિક વાતાવરણમાં એક વિચિત્ર ઉથલપાથલ છે. આજના સમયમાં ઈતિહાસના મહાન વ્યક્તિઓનું પુનર્મૂલ્યાંકનના નામે, ક્યારેક તેમની ક્ષમતાઓ અને યોગદાનને ભૂલી જવાનો પ્રયાસ કરવામાં આવે છે. મહાત્મા ગાંધી પણ પહેલા આવા નહોતા. મિત્ર, શું કોઈ વિચારને સૂવા દેવાનું સરળ છે? હું 'અહિંસા પરમો ધર્મ' ના મૂળ મંત્રમાં સંપૂર્ણપણે ડૂબી ગયો છું. ગાંધીજી કોઈ વ્યક્તિ નથી, પરંતુ એક વ્યક્તિ છે. આ અનોખી રચના રણની આધ્યાત્મિક સુગંધમાંથી બનેલી છે, જેને શ્રીમદ રાજચંદ્રએ સંતની જેમ ફેલાવી હતી. આજે, જ્યારે સત્ય અને અહિંસા 'નબળાઈ' તરીકે જોવામાં આવે છે, ત્યારે ગાંધીજીના મૂળભૂત સિદ્ધાંતો તરફ પાછા ફરવું અને તેમને 'મોહન' થી 'મહાત્મા' માં રૂપાંતરિત કરવું જરૂરી છે. ગાંધીજીનું જીવન ઘણા પુરાણો અને ભારતીય વિચારકોથી પ્રભાવિત હતું, જેમાં ટોલ્સટોય, રસ્કિન અને થોરોનો સમાવેશ થાય છે. પરંતુ તેમના આધ્યાત્મિક સંકટ દરમિયાન તેમને શક્તિ આપનાર વ્યક્તિ શ્રીમદ્ રાજચંદ્ર હતા (જેમને ગાંધીજીના માનમાં 'રાયચંદ ભાઈ' કહેવામાં આવતા હતા). દક્ષિણ આફ્રિકાની મુલાકાત દરમિયાન, જ્યારે ગાંધીજી તેમની ધાર્મિક માન્યતાઓ વિશે મૂંઝવણમાં હતા, ત્યારે શ્રીમદ્જીએ તેમને જૈન ધર્મ, સ્યાદ ધર્મ અને અનેકાંતવાદના રહસ્યવાદ દ્વારા સત્યનું દર્શન સમજાવ્યું. ગાંધીજીએ પોતે સ્વીકાર્યું: 'હું લોકોના જીવનમાંથી ઘણું શીખું છું, પરંતુ તેમના પર મારો જે પ્રભાવ છે તે બીજા કોઈ પાસેથી નથી. તેમનો અવાજ સીધો હૃદય સુધી પહોંચતો હતો.' શ્રીમદ્ રાજચંદ્રએ ગાંધીજીને શીખવ્યું કે અહિંસા ફક્ત હત્યા વિશે નથી, પણ અહિંસા વિશે પણ છે. ગાંધીજીએ સ્વતંત્રતા સંગ્રામમાં 'અપરિગ્રહ' (અ-કબજો) અને 'માફી' (ક્ષમા) ની જૈન ભાવનાનો ઉપયોગ પોતાના સૌથી મોટા શસ્ત્ર તરીકે કર્યો હતો. ગાંધીજીનું સમગ્ર દર્શન જૈન ધર્મના 'પાંચ મહાન પ્રતિજ્ઞાઓ' (સત્ય, અહિંસા, અ-ચોરી, અ-કબજો અને બ્રહ્મચર્ય) નું આધુનિક સંસ્કરણ છે. અહિંસા (અહિંસા): જૈન ધર્મમાં, અહિંસા એ નાનામાં નાના જીવો પ્રત્યે પણ કરુણા દર્શાવવા વિશે છે. ગાંધીજીએ તેને સામાજિક અને રાજકીય વિરોધ (સત્યાગ્રહ) માં પરિવર્તિત કર્યું. તેમણે સાબિત કર્યું કે અહિંસા બહાદુરોનું આભૂષણ છે, કાયરોનું નહીં. સત્યઃ ગાંધી માટે, સત્ય ભગવાન હતું. જૈન દર્શનનો 'સ્યાદ્વાદ' (વાસ્તવિકતાના સાપેક્ષતાનો સિદ્ધાંત) તેમને સમજવામાં મદદ કરે છે કે સત્યના અનેક સિદ્ધાંતો હોઈ શકે છે, અને આપણા દ્રષ્ટિકોણનો પણ આદર કરવો જોઈએ. અપરિગ્રહ (સત્તાવાદ નહીં): આજના ઉપભોક્તાવાદી યુગમાં ગાંધીજીનો અપરિગ્રહ ખૂબ જ ઓછો છે. જૈન ધર્મમાં પોતાની જરૂરિયાતોને મર્યાદિત રાખવાનો ઉપદેશ ગાંધીજીના 'સ્વદેશી' અને 'ટ્રસ્ટીશીપ' ના સિદ્ધાંતોનો આધાર બન્યો. ગાંધીજીનું પુનરાગમન માનવતાનું ગીત છે.' વર્તમાન રાજ અને ગાંધીઃ અનામીતા વિરુદ્ધ વિનાશક અમરત્વના પ્રયાસો આજકાલ, આપણે પ્રતીકોને રાજકારણ પર કબજો કરતા જોઈ રહ્યા છીએ. ખ્રિસ્તી ધર્મ તેનું નામ સંપ્રદાય અને સંપ્રદાયમાં બદલવાનો ટ્રેન્ડ બની ગયો છે. ગાંધીજીના નામમાં પણ તેને નબળા પાડવાના પ્રયાસોના નિશાન છે. પરંતુ પ્રશ્ન એ છે કેઃ શું ગાંધીજીનો ફક્ત એક ફોટો કે નોંધ દૂર કરી શકાય? જ્યાં સુધી દુનિયા ખલનાયકોથી ભરેલી રહેશે, ત્યાં સુધી શ્રદ્ધાની અહિંસા ચાલુ રહેશે. જ્યાં સુધી અસત્ય અસ્તિત્વમાં રહેશે, ત્યાં સુધી સત્યની મશાલ સળગતી રહેશે. ગાંધીજીનો વિરોધ કરવો સરળ છે, પરંતુ તેમનો વિરોધ કરવો અશક્ય છે. જો વર્તમાન સરકાર ગાંધીજીને શારીરિક રીતે ખતમ કરી દે, તો પણ તેઓ ભારતીયતાના આત્મા એવા અવશેષો સાથે જોડાયેલા રહેશે. અને ભારતીયતાની ભાવના જૈન ધર્મની કરુણા અને ગાંધીજીની સેવાથી રચાય છે. દાર્શનિક રીતે, મહાત્મા ગાંધી કોઈ સામાન્ય વ્યક્તિત્વ નથી, પરંતુ એક જીવંત, મહાકાવ્ય રચના છે, જેનો નાયક પોતાની વાર્તા બનાવે છે. જો સાહિત્ય સત્યની અભિવ્યક્તિ છે, તો ગાંધી તે સત્યનું મૂર્ત સ્વરૂપ છે. જૈન ચિકિત્સકો અને આચાર્યોએ તેમની કવિતામાં 'વિતરાગ' (ક્રોધ અને દ્વેષથી મુક્તિ) ની ભાવનાની કલ્પના કરી હતી, જેને ગાંધીએ 20મી સદીની શરૂઆતમાં તેમના 'વિતરાગ' રાજકારણમાં રજૂ કર્યું હતું. રાજકારણમાં આધ્યાત્મિકતાવાદી અને 'વિતરાગ' ના સક્રિય કાર્યકર્તા

સામાન્ય રીતે 'કપટ' ના પર્યાય માનવામાં આવતા, ગાંધીએ જૈન ધર્મના 'અનેકાંતવાદ' અને 'સ્યાદ્વાદ' ના સિદ્ધાંતોને રાજકારણમાં લાવ્યા અને તેમને એક પવિત્ર ધાર્મિક વિધિ બનાવી. તેમણે શીખવ્યું કે સાચી જીત પોતાના વિરોધી પ્રત્યે પણ નફરત ન રાખવાનો છે. આ 'જિતેન્દ્રિય' (આત્મ-સંપત્તિ) ની એ જ ભાવના છે જે જૈન સાહિત્યનો મુખ્ય સિદ્ધાંત છે. જૈન સાધુઓ એકાંતમાં આત્મ-સાક્ષાત્કાર કરે છે, જ્યારે ગાંધીએ તીવ્ર રાજકારણ વચ્ચે 'વૈરાગ્ય' (અનસાસક્તિ) નો માર્ગ પસંદ કર્યો. તેમનો 'સત્યાગ્રહ' મૂળભૂત રીતે જૈન ધર્મના 'તપસ્યા' (તપસ્યા) નો સામાજિક વિસ્તરણ હતો. આધુનિક યુગનો 'પ્રતીકાત્મક દિગંબર' ગાંધીનું વ્યક્તિત્વ જૈન ધર્મના 'અપરિગ્રહ' (અસંબંધ) ની પરાકાષ્ઠા હતી. જેમ જૈન ધર્મમાં 'દિગંબર' શબ્દ સંપૂર્ણ ત્યાગ અને પ્રકૃતિ સાથે એકતાનું પ્રતીક છે, તેમ ગાંધીએ પણ પોતાના વસ્ત્રોને ઓછામાં ઓછા રાખ્યા અને ભારતના ગરીબ લોકો સાથે પોતાની ઓળખ બનાવી. ચાલવા માટે લાકડી, ઘડિયાળ અને ધોતી - આ સાદગી કોઈપણ સમ્રાટના મુગટ કરતાં ગમે ત્યાં પસંદ કરવામાં આવતી હતી. તે એક પ્રતીકાત્મક દિગંબરત્વ (દિગંબરત્વનું એક સ્વરૂપ) હતું જે તેમણે વિશ્વને દર્શાવ્યું.

# કડાણા તાલુકાના નાનીરાઠ મુકામે રાત્રિ સભાનું આયોજન કરવામાં આવ્યું

## સફીન હસન આદીવાસી નૃત્યમા જોડાયા

• દિલીપભાઈ બારીઆ

મહીસાગર જીલ્લાના પોલીસ વડા સફીન હસન , સાથે ASP યાદવ, પી આઈ પટેલ અને પી એસ આઈ ચૌધરી કડાણા સમગ્ર ટીમ આવી હતી રાત્રિ સભા દરમિયાન ગોધરા રેન્જ DIG અંસારીની સૂચનાથી દરેક જિલ્લાના વડા એસ પી ને ગ્રામ્ય મુલાકાત લઈ ગામ લોકોને મળવાનું સૂચન કરેલ. હોય પોલીસ અને પ્રજા વચ્ચે સંવાદ થાય તે હેતુથી આ સૂચન કરેલ હતું. પછી મહીસાગર જિલ્લાના માનનીય સફીન હસન દ્વારા આ પ્રોગ્રામ કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં ત્રણ પ્રોગ્રામ થયા.

પ્રથમ નાનીરાઠ પ્રાથમિક શાળાના બાળકોને રમત રમાડી પ્રોત્સાહન ઈનામ આપ્યા. જેમાં તેમની હાજરીમાં બાળકોની સાથે રમતો રમ્યા. ત્યારબાદ સફીન હુસેન બાળકોને પ્રેરક પ્રવચન આપ્યું.બીજા કાર્યક્રમમાં ગામની મુલાકાત દરમિયાન




રામાભાઈના ઘરની મુલાકાત લીધી. જેમાં તમને પડતી મુશ્કેલીઓ જાણી. સાથે ત્યાંના પ્રશ્નોને જિલ્લા લેવલે રજૂઆતની ખાતરી આપી. ત્યારબાદ માજી સરપંચ ઝવરાભાઈ બામણિયાજીના ઘરે મુલાકાત લીધી. તેઓએ સફીન હુસેન અને સાથે આવેલ સૌનું સમ્માન કર્યું. ત્યારબાદ ગામલોકો સાથે જમવાનો પ્રોગ્રામ થયો. આ દરમિયાન પણ ગામલોકોને સાંભળ્યા. ત્રીજા કાર્યક્રમમાં જાહેર સભાનો હતો, જે નદી કિનારે કાળુભાઈ ખાંટના ઘર પાસે. જેમાં ગામલોકોની સાથે કડાણા તાલુકાના અન્ય ગામોમાંથી પણ આગેવાનો આવ્યા હતા. મોટી સંખ્યામાં લોકો હાજર રહી સફીન હુસેન જોડે કડાણા વિસ્તારના પ્રશ્નોની ચાચા કરી, આ વિસ્તારના પ્રશ્નો સાંભળ્યા. અને જરૂરી માર્ગદર્શન આપ્યું. ખાસ ચર્ચા શિક્ષણ વિશે થઈ. સાથે સાથે જરૂરી સામાજિક જાગૃતિ લાવવા પણ ભાર મૂક્યો. આ સાથે પોસ્કો કાયદાની વિશદ છણાવટ કરી અને વધુ જાગૃતિ લાવવા ભાર મૂક્યો. દીકરીઓ વધુ અભ્યાસ કરે. અને તેમના લગ્ન અભ્યાસ પૂર્ણ થયા બાદ કરવા જોઈએ. તે સામજાવ્યું. આદિવાસી સંસ્કૃતિને જાણવાની કોશિશ કરી, જેમાં આદિવાસી સમાજ માં થતા લગ્નની વિગતે જાણકારી મેળવી. સાથે સાથે આદિવાસી નાચ, ગાન અને ભજનનો લહાવો પણ લીધો.

# ફુલ ગુલાબી ઠંડીના આગમન વચ્ચે પંચમહાલ જીલ્લામાં ગરમ વસ્રો વેચનારા પરપ્રાન્તિય વેપારીઓમાં ધામા

• ગોધરા

પંચમહાલ જીલ્લામાં ઠંડીનો માહોલ ધીમે ધીમે જામી રહ્યો છે.વહેલી સવારે ફુલ ગુલાબી ઠંડીનો માહોલ જોવા મળી રહ્યો છે, જીલ્લામાંથી પસાર થતા સ્ટેટ હાઈવે અને નેશનલ હાઈવે માર્ગ પાસે ગરમ વસ્રો વેચનારા વેપારીઓએ ધામા નાખ્યા નાખ્યા છે.ગોધરા શહેરના વિવિધ વિસ્તારોંમાં મધ્યપ્રદેશ,પંજાબ, સહિતના રાજ્યોમાંથી આવેલા વેપારીઓ પોતાના સ્ટોલ નાખી ગરમ વસ્ત્રોનું વેચાણ કરી રહ્યા છે. પંચમહાલ જીલ્લામાં ધીમેધીમે શિયાળાનો માહોલ જામતો જાય છે. સવારથી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે, ઠંડીની બચવા માટે લોકો સવારે કસરત કરી રહ્યા છે. સાથે સાથે તાપણા તેમજ ગરમ વસ્ત્રોનો સહારો લઈ રહ્યા છે. જીલ્લામાંથી શામળાજી - હાલોલ સ્ટેટ હાઈવે તેમજ અમદાવાદ -ઈન્દોર નેશનલ હાઈવે પસાર થાય છે.ત્યા આસપાસ વેપારીઓએ ધામા નાખ્યા છે.



પંચમહાલ જીલ્લામાં દર વર્ષે અન્ય રાજ્યોમાંથી ગરમ વસ્ત્રો વેચનારા વેપારીઓ ધામા નાખે છે. આ વર્ષે પણ અનેક જગ્યાઓ પર વેપારીઓએ ધામા નાખ્યા છે.ગરમ વસ્ત્રોમાં જેકેટ, સ્વેટર, મફલર,ટોપી, લેડિસ જેકેટ અને સ્વેટર તેમજ સાલ, ધાબળા સહિતનુ વેચાણ થઈ રહ્યુ છે. ગરમ વસ્ત્રોમા વિવિધ પ્રકારની વેરાયટીના અલગ અલગ ભાવમા વેચાણ થઈ રહ્યું છે. નાના બાળકોના ગરમ વસ્ત્રોનું પણ વેચાણ થઈ રહ્યું છે.જીલ્લાના શહેરા, ગોધરા ,હાલોલ,કાલોલ સહિતના નગરોમા તેમજ હાઈવે માર્ગ પર પણ વેપારીઓ દ્વારા ધામા નાખીને વેચાણ કરી રહ્યા છે. આ વેપારીઓ પંજાબ, દિલ્લી તેમજ મધ્ય પ્રદેશ અને રાજસ્થાનથી આવે છે . વેપારીઓ જણાવે છે કે અમે દર વરસે ગરમ વસ્ત્રોનુ વેચાણ કરવા આવીએ છે અમારો ગરમ વસ્ત્રોનો માલ લુધિયાણાથી લાવીએ છે. સાથે સાથે અમે ગ્રામ્ય વિસ્તારોમા પણ બાઈક પર ગરમ વસ્ત્રોનું વેચાણ કરવા જઈએ છે. અમે વિવિધ પ્રકારની ગરમ વસ્ત્રોમાં વેરાયટી રાખીએ છે.લોકો અમારી પાસેથી ગરમ વસ્ત્રો ખરીદે છે.જીલ્લામાં શિયાળાની શરુઆત ધીમધીમે થઈ રહી છે. ઠંડીથી બચવા માટે ગરમ વસ્ત્રોની ખરીદી જીલ્લાવાસીઓ કરી રહ્યા છે.

## રાશીફળ (તા.28-12-2025)

**મેષ**: આજનો દિવસ તમારા માટે ખાસ રહેશે. તમારા જીવનમાં ખુશીઓ રહેશે અને તમે આગળ વધી શકો છો. તમે તમારા વ્યવસાયમાં કેટલાક નવા લોકોને સામેલ કરશો.

**વૃષભ (બ.વ.ઉ)**: આજનો દિવસ તમારા માટે આળસ છોડીને વધવાનો રહેશે. તમારે કોઈપણ કાર્યના નિયમો પર સંપૂર્ણ ધ્યાન આપવું પડશે. તમારા માટે થોડી ધીરજ રાખીને કાર્ય કરવું વધુ સારું રહેશે.

**મિથુન**: આજનો દિવસ તમારી કલા અને કૌશલ્યમાં સુધારો લાવશે. આજે ઘરમાં સુખ અને સમૃદ્ધિ વધશે. ભાવનાત્મક બાબતો વધુ સારી રહેશે.

**કર્ક**: આજે, તમારા મનમાં પરસ્પર સહયોગની ભાવના રહેશે. બીજાના મામલામાં બિનજરૂરી રીતે દખલ ન કરો. તમે તમારા જીવનધોરણમાં સુધારો લાવશો.

**સિંહ**: આજનો દિવસ તમારા માટે સારો રહેવાનો છે. તમે ભાઈચારાને પ્રોત્સાહન આપશો. તમને કોઈ પૂર્વજોની મિલકત વારસામાં મળી શકે છે.

**કન્યા**: આજનો દિવસ તમારા માટે આનંદદાયક રહેશે. પરિવારમાં ચાલી રહેલી સમસ્યાઓનું નિરાકરણ આવશે અને બધા સભ્યો વ્યસ્ત રહેશે. આ સમય વિદ્યાર્થીઓ માટે ખાસ રહેશે.

**તુલા**: આજનો દિવસ તમને કેટલાક નવા સંપર્કોથી લાભ અપાવશે. તમે કેટલાક મહત્વપૂર્ણ લોકો સાથે મુલાકાત કરશો. તમે પરિવારના સભ્યો સાથે તમારી ખુશી શેર કરશો.

**વૃશ્ચિક**: પૈસા સંબંધિત બાબતોમાં આજનો દિવસ તમારા માટે સારો રહેવાનો છે. કોઈપણ કામ કરવામાં ઉતાવળ ન કરો.

**ધન**: આજનો દિવસ તમારા માટે ખૂબ જ સારો રહેવાનો છે. તમારી કોઈપણ ઈચ્છા પૂર્ણ થઈ શકે છે. તમારી કલા અને કૌશલ્યમાં સુધારો થશે. તમારા બોસ પણ તમારા કામથી ખૂબ ખુશ થશે.

**મકર**: આજનો દિવસ તમારા માટે એક મોટું લક્ષ્ય જાળવી રાખવાનો રહેશે. તમે તમારા કરિયરને લઈને કોઈ મોટો નિર્ણય લઈ શકો છો.

**કુંભ**: નાણાકીય દ્રષ્ટિએ આજનો દિવસ તમારા માટે સારો રહેવાનો છે. તમને ઈચ્છિત નફો મળશે તેથી તમે ખૂબ ખુશ રહેશો. તમારા પ્રભાવ અને પ્રતિષ્ઠામાં વધારો થશે. તમે ટૂંકા

**મીન**: આજનો દિવસ તમારા માટે મિશ્ર રહેશે. તમારા પર કામનો બોજ ઘણો રહેશે. ઉતાવળમાં કોઈપણ નિર્ણય લેવાથી તમને નુકસાન થઈ શકે છે.

# ભાવનગરથી બપોરના અઢી કલાક સુધી ઉમરાળાની બસ ન મળતા મુસાફરોને મુશ્કેલી



ઉમરાળા : ભાવનગર એસ.ટી. બસ સ્ટેશનમાંથી બપોરના એક વાગે ઉપડતી ઉમરાળાની ટ્રીપ તંત્ર દ્વારા કોઈ અકળ કારણસર બંધ કરાતા રોષ વ્યાપેલ છે. ત્યારબાદ મુસાફરોને છેક અઢી વાગ્યા સુધી ઉમરાળાની બસ મળતી ન હોય પંથકના લોકો કફોડી હાલતમાં મુકાઈ ગયા છે.ઉમરાળા પંથકમાંથી દરરોજ સવારે કોલેજમાં ઉચ્ચ અભ્યાસ માટે ભાવનગર જતા અને બપોરે કોલેજથી છૂટયા પછી સમયસર ઘેર પરત પહોંચવા માટે વિદ્યાર્થી ભાઈ-બહેનોને ખૂબ જ ઉપયોગી બપોરના એકની બસ બંધ કરાઈ છે બાદ વિદ્યાર્થીઓ તેમજ મુસાફરોને છેક અઢી વાગ્યા સુધી ઉમરાળાની બસ મળતી નથી. આથી બપોરના સમયે મુસાફરોને પારાવાર હેરાનગતિ વેઠવી પડે છે. તેમની મુશ્કેલીના હલ માટે બંધ અમરેલી બપોરના એકની બસ ફરીથી ચાલુ કરવાની અત્યંત આવશ્યકતા છે.આ ગંભીર બાબતે ઉમરાળા તાલુકા પંચાયતના પ્રમુખ હંસાબેન માંગુકિયાએ એસ.ટી.ભાવનગર ડિવિઝનમાં એક પત્ર પાઠવીને ભાવનગરથી બપોરના એક વાગ્યે ઉપડતી ઉમરાળાની બસ પુન ચાલુ કરવા માંગ ઉઠાવી છે. તેઓએ પત્રમાં વધુમાં લખ્યું છે કે,હાલ કેટલીક ટ્રેનો બંધ હોવાથી ભાવનગરથી ઉમરાળામાં આવવા-જવા ઈચ્છતા લોકો તેમજ ટીંબીની પ્રખ્યાત હોસ્પિટલ ખાતે આવતા દર્દીઓની સુવિધા માટે ભાવનગર-ઉમરાળાથી ધોળા વચ્ચે બસના ફેરા વધારવાની અત્યંત આવશ્યકતા પણ ધ્યાને લેવી જરૂરી છે.



## સંક્ષીપ્ત સમાચાર

### ગોધરાની ચંદુલાલ વકીલની ચાલી પાસે ઇમેજીગ સેન્ટરને 30 દિવસમાં તોડી પાડવા હુકમ કરાયો

ગોધરા

ગોધરાના ચંદુલાલની ચાલી પાસેની સરકારી જમીન 1920માં 50 વર્ષ માટે ભાડા પટ્ટે રહેણાંક હેતુસર આપી હતી. આ ભાડાપટ્ટાની જમીનમાં હેમીનાબેન દિપક પરીખની વિધવા અને તેજસ પરીખના નામે ચાલે છે. ઘર બનાવવા માટે આપેલી ભાડા પટ્ટા જમીનની મુદત પૂર્ણ થઇ છતા રહેણાંક હેતુસરની જમીન પર વાણીજ્ય હેતુસર ઈમેજીંગ્ સેન્ટર ચાલી રહ્યું છે. તેમજ આ મિલ્કતની ઈમ્પેકટ ફી ભરીને ગેરકાયદે બાંધકામને કાયદેસર કરેલ છે. તે હુકમને રદ કરવા કલેકટરમાં અરજી કરી હતી. કલેકટરે રેકર્ડની તપાસ કરતાં આ જમીનનો 2007માં રજીસ્ટ્રારમાં ભાડા હક્ક પ્રદિપ લુહાણાને ટ્રાન્સફર તથા વેચાણ દસ્તાવેજ કરેલ હતો. હેમીના પરીખ વિગેરે ભાડા પટ્ટાની જમીનને કાયમી માલિકી કરવા માટે અરજી કરી હતી. તેને કલકેટર કચેરીએ નામંજુર કરી હતી. કલેકટરે હકીકતો ધ્યાને લઈને 30 દિવસમાં સરકારી જમીન પરનું બાંધકામ દૂર કરવાનો હુકમ કરી જમીનને શ્રી સરકાર કરવાનો આદેશ આપ્યો હતો.

### ઠગાઈ:જૂની ગાડીના બહાને અમદાવાદીએ દાહોદના વેપારીના 1.98 લાખ ઠગ્યા

દાહોદ

દાહોદમાં જૂની ગાડીઓની લે-વેચનો વ્યવસાય કરતા એક વેપારી સાથે અમદાવાદના વેપારીએ વિશ્વાસઘાત કરી રૂ.1,98,000ની ઠગાઈ છે.દાહોદના ગોધરા રોડ પર 'ડ્રીમ મોટર' નામની ઓફિસ ધરાવતા અસ્લમખાન પઠાણનો સંપર્ક છ માસ અગાઉ અમદાવાદના કાંકરીયા રોડ સ્થિત વાણિજ્ય ભવનમાં વ્યવસાય કરતા પ્રવિણકુમાર જૈન સાથે થયો હતો.આરોપીએ વોટ્સએપ પર એક ઈનોવા અને એક સ્વિફ્ટ ડિઝાયર ગાડીના ફોટા મોકલી કુલ રૂ. 1.98 લાખમાં સોદો નક્કી કર્યો હતો. અસ્લમખાન પઠાણએ વિશ્વાસમાં આવી ગત માર્ચ મહિનામાં બે હપ્તામાં કુલ રૂ.1,98,000 ઓનલાઈન ટ્રાન્સફર કર્યા હતા.પૈસા ચુકવ્યા બાદ ફરિયાદી ચાર વખત વાહનોનો કબજો લેવા અમદાવાદ ગયા હતા, પરંતુ પ્રવીણકુમારે દરેક વખતે ખોટા વાયદા કરી વાહનો આપ્યા નહોતા. અંતે પ્રવીણકુમારે ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું અને અન્ય નંબર પરથી સંપર્ક કરતા 'હવે વાહનો કે પૈસા પરત નહીં મળે, થાય તે કરી લો' તેવી ધમકી આપી હતી. આથી અસ્લમખાન પઠાણએ દાહોદ કોર્ટમાં અરજી કરી હતી.

### શહેરામાં 5.25 લાખનો 10.5 કિલો લીલો ગાંજો જપ્ત

ગોધરા પંચમહાલ

પંચમહાલ-ગોધરા SOG અને શહેરા પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ ધરી 24 ડિસેમ્બરના રોજ શહેરા તાલુકાના ભોટવા ગામમાંથી રૂ. 5.25 લાખની કિંમતના 10.5 કિલોગ્રામ લીલા ગાંજાના છોડ સાથે એક આરોપીને ઝડપી પાડ્યો છે. આ કાર્યવાહી ગામના નાયક ફળિયામાં આવેલા એક ખેતરમાંથી કરવામાં આવી હતી.પોલીસ મહાનિરીક્ષક આર.વી. અસારી અને પોલીસ અધિક્ષક ડૉ. હરેશભાઈ દુધાત દ્વારા પંચમહાલ જિલ્લામાં નાર્કોટિક્સ ડ્રગ્સની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અટકાવવા સૂચનાઓ અપાઈ હતી. આ સૂચનાના આધારે SOG ઈન્સ્પેક્ટર આર.એ. પટેલે ટીમને કાર્યવાહી કરવા નિર્દેશ આપ્યો હતો.ટીમે ભોટવા ગામના નાયક ફળિયામાં રહેતા કુદાભાઈ શંકરભાઈ નાયકાના કબજા હેઠળના ખેતરમાં તપાસ કરતા ચાર લીલા ગાંજાના છોડ મળી આવ્યા હતા. FSL અધિકારીને સ્થળ પર બોલાવી છોડનું પરીક્ષણ કરાવતા તેનું કુલ વજન 10.500 કિલોગ્રામ અને કિંમત રૂ. 5,25,000/- આંકવામાં આવી હતી.

## ગોધરાના અંબાલિમાં જિલ્લા વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

# સાંસદ, ધારાસભ્યો સહિત મહાનુભાવોએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા

**ગોધરા તાલુકાના અંબાલિ શિક્ષણ ભવન ખાતે જિલ્લા કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનનું આયોજન કરાયું હતું**

ગોધરા,પંચમહાલ

ગોધરા તાલુકાના અંબાલિ શિક્ષણ ભવન ખાતે જિલ્લા કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનનું આયોજન કરાયું હતું. આ પ્રદર્શન ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT), ગાંધીનગર, પંચમહાલ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET) તથા જિલ્લા શિક્ષણ સમિતિ, પંચમહાલ દ્વારા યોજવામાં આવ્યું હતું.પ્રદર્શનનો મુખ્ય વિષય 'વિકસિત અને આત્મનિર્ભર ભારત માટે સ્ટેમ (STEM)' હતો. રાજ્યસભા સાંસદની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં જિલ્લાના 7 તાલુકાની કુલ 35 શાળાના





વિદ્યાર્થીઓએ પોતાની કૃતિઓ રજૂ કરી હતી.આ પ્રસંગે રાજ્યસભાના સાંસદ જશવંતસિંહ પરમાર, ગોધરાના ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાની હિસાબ સમિતિના અધ્યક્ષ સી.કે.રાઉલજી, કાલોલના ધારાસભ્ય ફતેસિંહજી ચૌહાણ, જિલ્લા શિક્ષણ અધિકારી ગાયત્રીબેન પટેલ, ચેરમેન અરવિંદસિંહ પરમાર, પ્રાચાર્ય બી.પી.ગઢવી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણ સંઘના હોદ્દેદારો સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.મહાનુભાવોએ બાળકો દ્વારા રજૂ કરાયેલી કૃતિઓ નિહાળી તેમને પ્રોત્સાહિત કર્યા હતા. આ વિજ્ઞાન મેળાનું આયોજન મહાન ગણિતજ્ઞ શ્રીનિવાસ રામાનુજનના જન્મદિવસ, જેને ગણિત દિવસ તરીકે ઉજવવામાં આવે છે, તેની યાદમાં કરવામાં આવ્યું હતું. તેમણે ડૉ. અબ્દુલ કલામ અને ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન જેવા શિક્ષણવિદોને પણ યાદ કર્યા હતા.મહેમાનોએ બાળ વૈજ્ઞાનિકોને ઝોન, રાજ્ય અને દેશ કક્ષાએ સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે બાળકોમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસે તે માટે શિક્ષકો દ્વારા પૂરતું માર્ગદર્શન અને પ્રેરણા આપવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. પ્રદર્શનમાં રજૂ થયેલી તમામ કૃતિઓનું મૂલ્યાંકન મૂલ્યાંકનકારો દ્વારા પારદર્શક રીતે કરવામાં આવ્યું હતું.સમારંભના અંતે, તમામ ભાગ લેનાર બાળકોને સ્કૂલ બેગ, પ્રમાણપત્રો, શૈક્ષણિક કીટ અને સ્મૃતિચિહ્નો અર્પણ કરવામાં આવ્યા હતા.

# ગામ ગામની વાત:પાણિયામાં હાઈવે પર અકસ્માતનો ભય અને નલ સે જલ યોજના માત્ર કાગળ પર

## પાણિયા ગામ આશરે 3500ની વસ્તી ધરાવતું એક મહત્વનું ગામ

દાહોદ

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકામાં આવેલું પાણિયા ગામ આશરે 3500ની વસ્તી ધરાવતું એક મહત્વનું ગામ છે. આશરે 46થી 56 ટકા સાક્ષરતા ધરાવતા આ ગામમાં કુલ 2584 નોંધાયેલા મતદારો છે. જેમાં 1628 પુરુષો અને 956 મહિલા મતદારોનો સમાવેશ થાય છે. ગામના લોકોનું જીવન મુખ્યત્વે ખેત મજૂરી પર નિર્ભર છે. ગામના જાહેર માળખાની વાત કરીએ તો અહીં શિક્ષણ અને શ્રદ્ધાનો સુંદર સમન્વય જોવા મળે છે.ગામમાં બાળકોના પાયાના શિક્ષણ માટે 4 આંગણવાડીઓ અને 2 પ્રાથમિક શાળાઓ કાર્યરત છે. આ ઉપરાંત, ઉચ્ચ અભ્યાસ માટે 1 માધ્યમિક શાળા




અને 2 આશ્રમ શાળાઓની સુવિધા ઉપલબ્ધ છે. ગામમાં વહીવટી કામકાજ માટે 1 પંચાયત ઘર અને આરોગ્યની સુવિધા માટે 1 સીએચસી (CHC) દવાખાનું કાર્યરત છે. ગ્રામજનોની અતૂટ આસ્થાનું કેન્દ્ર પ્રસિદ્ધ કાર્ય સિદ્ધ હનુમાનજી મંદિર અહીં આવેલું છે. જે ગામની એક આગવી ઓળખ છે.

## દાહોદમાં ચાઈનીઝ દોરીથી બાઈક સવાર યુવકનું ગળું કપાયું

# લોહીલુહાણ હાલતમાં રોડ પર પટકાયો, ગળાના ભાગે 50 ટાંકા લેવા પડ્યાં, સમયસર સારવારથી જીવ બચી ગયો

દાહોદ

દાહોદ શહેરના ગરબાડા ચોકડી વિસ્તારમાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરી ફરી એકવાર જીવલેણ સાબિત થઈ છે. બાઈક લઈને ઘરે જઈ રહેલા યુવકના ગળામાં અચાનક ચાઈનીઝ દોરી ફસાઈ જતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં યુવકના ગળાના ભાગે દોરી વાગતા નસ અને ચામડી કપાઈ ગઈ હતી અને યુવક લોહીલુહાણ હાલતમાં રોડ પર પટકાયો હતો. ઘટનાને લઈ વિસ્તારમાં થોડીવાર માટે અફરાતફરી મચી ગઈ હતી.સ્થાનિક લોકોએ તાત્કાલિક મદદરૂપ થઈ ઈજાગ્રસ્ત યુવકને નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યો હતો. યુવકની હાલત ગંભીર હોવાનું જોતા તબીબોએ તાત્કાલિક સારવાર શરૂ કરી હતી.આ ઘટનાને લઈ યુવકના મામા ઈરફાનભાઈએ જણાવ્યું હતું કે, તેમનો ભાણેજ કામ



પૂર્ણ કરીને પોતાના ઘરે જઈ રહ્યો હતો. તે સમયે ગરબાડા ચોકડી વિસ્તારમાં પતંગની ચાઈનીઝ દોરી ગળામાં આવી જતા ગળું કપાઈ ગયું હતું અને ભારે રક્તસ્ત્રાવ થયો હતો. સદનસીબે સ્થાનિક લોકોએ સમયસર ખાનગી હોસ્પિટલમાં ખસેડતાં યુવકનો જીવ બચી ગયો છે.યુવકના મામા ઈરફાનભાઈએ વધુમાં જણાવ્યું કે, દાહોદ શહેરમાં પ્રતિબંધ હોવા છતાં પણ ચાઈનીઝ દોરી ખૂબ સહેલાઈથી મળી રહી છે, તો તેની જવાબદારી કોની? તેમણે સરકાર અને તંત્ર પાસે માંગ કરી છે કે, ચાઈનીઝ દોરી વેચતા વેપારીઓ સામે તાત્કાલિક અને કડક કાર્યવાહી કરવામાં આવે, જેથી ભવિષ્યમાં નિર્દોષ લોકોના જીવ જોખમમાં ન મુકાય.આ બાબતે સારવાર આપનાર ડૉ. હિતેન્દ્રસિંહ ઠાકોરે જણાવ્યું હતું કે, યુવક બાઈક પર જઈ રહ્યો હતો, તે દરમિયાન ગરબાડા ચોકડી પાસે ચાઈનીઝ દોરી ગળામાં ફસાઈ ગઈ હતી, જેના કારણે ગળાની નસો અને ચામડી કપાઈ ગઈ હતી. યુવકના ગળાના ભાગે અંદાજે 50 જેટલા ટાંકા લેવામાં આવ્યા છે અને હાલ તેની હાલત સ્થિર છે.આ ઘટનાએ ફરી એકવાર ચાઈનીઝ દોરીના ખતરા સામે તંત્રની કામગીરી પર પ્રશ્નચિહ્ન ઊભું કર્યું છે.

## પંચમહાલના શહેરામાં ફિલ્મી સ્ટોરીને ટક્કર મારે એવો બનાવ

# સ્કોર્પિયોએ ઈકો કારને ટક્કર મારી 30 ફૂટ ફંગોળી પલટાવી, ડીઝલ છાંટી સળગાવવાનો આરોપ, 5 સામે રાયોટિંગ અને એટ્રોસિટીની ફરિયાદ

શહેરા પંચમહાલ

પંચમહાલ જિલ્લાના શહેરામાં ફિલ્મી દ્રશ્યોને પણ ઝાંખા પાડી દે તેવી સનસનાટીભરી ઘટના સામે આવી છે. શહેરાની જે.જી. હાઈસ્કૂલ પાસે જૂની અદાવતની રીસ રાખીને એક સ્કોર્પિયો ચાલકે ઈકો કારને જોરદાર ટક્કર મારી હવામાં ફંગોળી દીધી હતી. આટલેથી ન અટકતા, હુમલાખોરોએ ઈકોમાં સવાર લોકો પર ડીઝલ છાંટી તેમને જીવતા સળગાવવાનો પ્રયાસ કરતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.

મળતી વિગત મુજબ, ફરિયાદી જયદીપસિંહ અભેસિંહ બામણીયા (રહે. બોરીયાવી, તા. શહેરા) શહેરા પોલીસ સ્ટેશનમાં એક અરજીના કામે આવ્યા હતા. ત્યાંથી તેઓ પોતાની ઈકો કાર (નંબર GJ-15-CF-1631) લઈને પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન શહેરા-લુણાવાડા હાઈવે પર જે.જી. હાઈસ્કૂલ નજીક સામેથી પૂરઝડપે આવી રહેલી સ્કોર્પિયો કાર (નંબર GJ-06-KP-7446)ના ચાલક મહેન્દ્ર



ડાભીએ જાણી જોઈને ઈકો કારને ટક્કર મારી હતી. ટક્કર એટલી ભયાનક હતી કે ઈકો કાર રોડ પર 30થી 40 ફૂટ જેટલી ફંગોળાઈને પલટી મારી ખાડામાં પડી હતી. આ અકસ્માતમાં કારમાં સવાર લોકોને ઈજાઓ પહોંચી હતી.

## મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના હેઠળ આયોજન

# દાહોદ જિ.માં 10 ગૌશાળાના 1,144 પશુઓ માટે 31.57 લાખની સહાય

દાહોદ

''મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના'' અંતર્ગત દાહોદ જિલ્લા કક્ષાની સમિતિની મહત્વપૂર્ણ બેઠક કલેક્ટરના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આ બેઠકમાં ગૌશાળાઓમાં આશ્રિત પશુઓના નિભાવ અને પોષણ માટે અપાતી નાણાકીય સહાયની સર્વગ્રાહી સમીક્ષા કરાઇ હતી. એપ્રિલથી જૂન-2025 દરમિયાન જિલ્લાની સંસ્થાઓમાં આશ્રિત 1223 પશુઓ માટે કુલ રૂા.33,38,970ની રકમ સીધી બેંક ખાતામાં RTGS મારફતે જમા કરાવી દેવાઇ છે.વધુમાં, જુલાઈથી સપ્ટેમ્બર-2025ના આગામી તબક્કા માટે 1144 પશુઓના નિભાવ પેટે રૂા.31,57,440ની સહાય ચૂકવવા માટે કલેક્ટર દ્વારા બહાલી આપવામાં આવી હતી. આ સહાયનો લાભ દાહોદ, દેવગઢ બારીયા, ઝાલોદ, ફતેપુરા અને લીમખેડા તાલુકાની કુલ 10 ગૌશાળાઓ અને ટ્રસ્ટોને મળશે. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી સ્મિત લોઢા, નાયબ પશુપાલન નિયામક ડૉ. કમલેશ ગોસાઈ, નાયબ વન સંરક્ષક, વિવિધ નગરપાલિકાના ચીફ ઓફિસરો તથા ગૌરક્ષક મિત્રો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લાની ગૌશાળાઓને પશુઓના લાલન-પાલનમાં મોટી આર્થિક મદદ મળી રહેશે.દાહોદ અનાજ મહાજન ગૌશાળા, દાહોદ - 9,49,440 ■ શ્રી સુરભી સેવા ટ્રસ્ટ, દાહોદ - 5,05,080 ■ શ્રી કામધેનું ગૌસેવા ટ્રસ્ટ, દે.બારિયા - 3,83,640 ■

# પ્રોટેક્શન વોલની કામગીરીમાં કુદરતી અવરોધ ઊભો થયો:ગોધરા લીંબા તળાવ પ્રોટેક્શન વોલના ખોદકામ ટાણે જ પાણી ફૂટી નીકળ્યું

ગોધરા

ગોધરા શહેરના સિગ્નલ ફળીયા રેલવે ગરનાળા પાસે આવેલ ઐતિહાસિક લીંબા તળાવની પ્રોટેક્શન વોલ બનાવવાની કામગીરીમાં કુદરતી અવરોધ ઉભો થયો છે.તળાવની પ્રોટેક્શન વોલ જર્જરિત થઈને તૂટી પડતા નગરપાલિકા દ્વારા નવી દીવાલ બનાવવાનું આયોજન કરાયું હતું.જોકે, કામગીરી દરમિયાન જમીનમાંથી સતત પાણી આવતા હાલ કામગીરીમાં અનેક વિઘ્નો આવી રહ્યા છે.ગોધરા શહેરના સિગ્નલ ફળીયા રેલવે ગરનાળા પાસે આવેલ ઐતિહાસિક લીંબા તળાવની પ્રોટેક્શન વોલ બનાવવાની કામગીરી ને લઈ ને ખોદકામ દરમિયાન જમીનમાંથી મોટા પ્રમાણમાં પાણી ફૂટી નીકળ્યું હતું.જેને કારણે કામગીરીમાં અનેક વિઘ્નો ઉભા થવા પામેલ હતા. સિગ્નલ ફળીયા વિસ્તારમાં આવેલા લીંબા તળાવની સુરક્ષા દીવાલ લાંબા સમયથી જર્જરિત હાલતમાં હતી અને કેટલીક જગ્યાએથી તૂટી ગઈ હતી.જેને પગલે સ્થાનિકોની સલામતી અને તળાવના રક્ષણ માટે નગરપાલિકા દ્વારા અંદાજે 100 મીટર જેટલી નવી પ્રોટેક્શન વોલ બનાવવાની મંજૂરી આપી કામગીરી શરૂ કરવામાં આવી હતી.પરંતુ પાયાના ખોદકામ દરમિયાન જમીનમાંથી મોટા પ્રમાણમાં પાણી ફૂટી નીકળ્યું હતું.ભૂગર્ભમાંથી સતત પાણી આવવાને કારણે કોંક્રીટ ભરવા કે પાયાની કામગીરી કરવામાં એન્જિનિયરો અને મજૂરોને ભારે મુશ્કેલી પડી રહી છે.પાલિકા દ્વારા પાણી ના નિકલા માટે કામગીરી હાથ ધરવામા આવેલછે.



# માલિકની સંમતિ વિના ભાડુઆત બાંધકામ કરે તો મિલકતનો કબજો પાછો સોંપવો પડે

### હાઇકોર્ટે અરજી ધરાર ફગાવી દીધી : ભાડુઆતના ઇરાદાને ધ્યાને લેવાયો

• અમદાવાદ

ગુજરાત હાઈકોર્ટે એક મહત્વના ચુકાદો આપ્યો છે, જે મુજબ જો કોઈ ભાડુઆતે ટીપી એકટની કલમ-108ની અનુચ્છેદ (ઓ)ની જોગવાઈ વિરૂધ્ધ કૃત્ય કર્યું હોય તો મકાનમાલિક વિવાદીત મિલકતના સ્થળની સ્થિતિ પાછી મેળવવા માટે હકદાર રહે છે. જસ્ટિસ જે.સી.દોશીએ પોતાના ચુકાદામાં સ્પષ્ટ કર્યું હતું કે, ભાડા કાયદા(રેન્ટ એકટ) ની કલમ-23 એ મુજબ, ભાડુઆત તેના ખર્ચે વીજળી મેળવવા હકદાર છે, એ સિવાય જો ભાડુઆત મકાનમાલિકની લેખિત સંમતિ વિના કોઈ કાયમી માળખુ કે બાંધકામ કરે છે તો તે ભાડાની જગ્યાનો શાંતિપૂર્ણ અને ખાલી કબજો સોંપવા માટે જવાબદાર છે અને તેને ભાડુઆતની શરતોનો ભંગ કહેવાય. આ સાથે વર્ષોથી ગોડાઉનની મિલકત ભાડે ધરાવતા ભાડુઆતને ચાર સપ્તાહમાં મિલકતનો શાંતિપૂર્ણ અને ખાલી કબજો મકાન માલિકને સોંપી દેવા હાઈકોર્ટે આદેશ કર્યો હતો.

પ્રસ્તુત કેસમાં હાઈકોર્ટે રેકોર્ડ પરના પુરાવાઓના આધારે સ્પષ્ટ કર્યું હતું કે, ભાડુઆત દ્વારા ગોડાઉનની મિલકતમાં દિવાલના પાકા બાંધકામ પરથી સ્પષ્ટ થાય છે કે, ભાડુઆતે આ માળખાનો ઉપયોગ લાંબા સમયના ભાડાપટ્ટાને ધ્યાનમાં રાખીને મકાન માલિકની સંમતિ વિના કર્યો છે. હાઈકોર્ટે વર્ષોથી મિલકતમાં ભાડાપટ્ટે રહેતા ભાડુઆતની રિવીઝન (અપીલ) અરજી ધરાર ફગાવી દીધી હતી અને મિલકતનો શાંતિપૂર્ણ અને ખાલી કબજો મકાન માલિકને સોંપી દેવા ફરમાન કર્યું હતું. હાઈકોર્ટે ભાડુઆતને અગાઉ અપાયેલી વચગાળાની રાહત પણ પાછી ખેંચી લીધી હતી.

હાઈકોર્ટે વધુમાં જણાવ્યું હતું કે, જો ભાડુઆતનો ઈરાદો ચોખ્ખો હોત તો તેણે અન્ય કોઈપણ સામગ્રીનો ઉપયોગ કરીને પાર્ટીશન દિવાલ(કાચી દિવાલ)બનાવી હોત. પરંતુ ભાડુઆત દ્વારા મકાનમાલિકની સંમંતિ વિના બાંધી દેવાયેલી સિમેન્ટના પાયા પર ઉભી કરાયેલી દિવાલ દૂર કરવાથી પરિસરને પણ ગંભીર નુકસાન થાય તેમ છે. ભાડુઆતના ઈરાદાની વાત કરીએ તો, ભાડુઆત લેખિત અને મૌખિક નિવેદનમાં મૌન રહ્યો છે.

તેણે પાકી દિવાલના બાંધકામના બચાવમાં એમ જણાવ્યું કે, લોખંડના પતરાથી બનેલા પાર્ટીશનમાં કાટ લાગતો હતો અને તેથી દિવાલ બનાવી છે. પરંતુ પાકી દિવાલના બાંધકામ પરથી ભાડુઆતનો ઈરાદો સ્પષ્ટ થાય છે કે, તે આ મિલકતનો ઉપયોગ લાંબા સમય સુધી કરવા માંગતો હતો. ભાડુઆત એ સમજાવમાં સંદતર નિષ્ફળ રહ્યો છે કે, તેણે કેમ આ પાર્ટીશન દિવાલ ઈંટોથી અને મોર્ટારથી બનાવી હતી. એ પણ એટલી જ હકીકત છે કે, ભાડુઆતે મકાનમાલિકની લેખિત સંમંતિ વિના જ આ પાક્કું બાંધકામ કરી દીધુ છે. જે ભાડુઆત શરતોના ભંગ સમાન ગણાય. આમ, જો કોઈ ભાડુઆતે ટીપી એકટની કલમ-108ની અનુચ્છેદ (ઓ)ની જોગવાઈ વિરૂધ્ધ કૃત્ય કર્યુ હોય તો મકાનમાલિક વિવાદીત મિલકતના સ્થળની સ્થિતિ પાછી મેળવવા માટે હકદાર રહે છે.

**હુમલો**

### કથિત રીતે ઈંટો ફેંકવામાં સ્થિતિ વણસી

# અમદાવાદના પાલડીમાં રખડતા શ્વાન મુદ્દે પડોશીઓ બાખડ્યા, પથ્થરમારો અને લાકડીઓ ઉછળતા 3 લોહીલુહાણ

### પાલડીમાં રખડતા શ્વાન મામલે પડોશી વચ્ચે અથડામણમાં ત્રણને ઈજા

• અમદાવાદ

અમદાવાદના પાલડી વિસ્તારમાં રખડતા શ્વાનને લઈને પડોશી વચ્ચે હિંસક અથડામણ સર્જાઈ હતી. 26 ડિસેમ્બરની રાત્રે થયેલા ઝઘડામાં પથ્થરમારો અને લાકડીઓ ઉછળતા એક પરિવારના ત્રણ સભ્યોને ઈજા પહોંચી હતી. સમગ્ર મામલે પાલડી પોલીસ સ્ટેશનમાં ચાર વ્યક્તિઓ સામે ફરિયાદ નોંધવામાં આવી છે.

પ્રાથમિક માહિતી અહેવાલ (FIR) મુજબ, આ ઘટના રાત્રે 10:15 વાગ્યાની આસપાસ પાલડી ગામમાં હનુમાજી મંદિર પાસેના એક નિવાસસ્થાનની બહાર બની હતી. ફરિયાદી કોમ્પ્યુટર ઓપરેટર ધુવિલ વાઘેલાએ આરોપ લગાવ્યો કે, તે તેમના ઘરની બહાર ઉભો હતો ત્યારે એક રખડતો શ્વાન પરિસરમાં ઘૂસી આવ્યો હતો. શ્વાનને ભગાડવા માટે ધુવિલે બૂમો પાડતા પાડોશી અમરત વાઘેલા કથિત રીતે ગુસ્સે થયા હતા અને ફરિયાદ પર લાકડી ઉગામી હતી.

FIRમાં જણાવાયું છે કે, શાબ્દિક ઝઘડો ટૂંક સમયમાં શારીરિક બન્યો હતો. જેમાં ધુવિલે આરોપ લગાવ્યો કે અમરતે તેની સાથે દુર્વ્યવહાર કર્યો અને લાકડીથી માર મારવાનો પ્રયાસ કર્યો હતો. મારથી બચવા માટે ફરિયાદીને ડાબી કોણીમાં નાની ઈજા થઈ હતી. આ દરમિયાન અવાજ સંભળાતા ધુવિલના માતા-પિતા, પ્રકાશભાઈ અને ગાયત્રીબેન ઘરની બહાર આવી ગયા, જેના કારણે વિવાદ વધુ વધ્યો હતો.

પોલીસે જણાવ્યું હતું કે, અમરતના પુત્રોમાં હિરેન અને કેવલ અને તેમની પુત્રી ડિમ્પલ પણ ઝઘડામાં જોડાયા હતા. હિરેને કથિત રીતે ઈંટ ઉપાડી ફરિયાદીને મારવાનો પ્રયાસ કર્યો હતો, જે દરમિયાન ફરિયાદીના ઘરે લગાવેલા વીજળી મીટરને નુકસાન થયું હતું. કેવલ પર ફરિયાદી પર હુમલો કરવાનો આરોપ છે, જ્યારે ડિમ્પલે ગાયત્રીબેનના જમણા પગ પર લાકડી વડે માર માર્યો હતો, જેના કારણે તેમને સામાન્ય ઈજા થઈ હતી.

પરિસ્થિતિ વધુ વણસી ગઈ કારણ કે કથિત રીતે ઈંટો ફેંકવામાં આવી હતી, જેમાંથી કેટલીક ઈંટો ફરિયાદીના ઘરની છત પર પડી હતી. ફરિયાદીની માતા દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી, જેના પગલે હુમલાખોરો ભાગી ગયા હતા.

ફરિયાદી ધુવિલ તેના માતા-પિતા, પત્ની અને નાના ભાઈ સાથે રહે છે. જ્યારે એજ વિસ્તારમાં રહેતા અમરત વાઘેલા, હિરેન વાઘેલા, કેવલ વાઘેલા અને ડિમ્પલ વાઘેલા સામે પોલીસે ફરિયાદ નોંધી છે. ફરિયાદના આધારે પાલડી પોલીસે હુમલો, ઈજા પહોંચાડવા અને ગુનાહિત ધાકધમકી આપવા બદલ બીએનએસની સંબંધિત કલમો હેઠળ ગુના નોંધ્યા છે અને ઘટના દરમિયાન નોંધાયેલા નિવેદનો નોંધવા અને મિલકતના નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે વધુ તપાસ ચાલી રહી છે.

### ધૂળની ડમરીઓથી રાહદારીઓ અને વેપારીઓ બેહાલ

# સરદાર ભુવનનો કાટમાળ હટાવવાના કામમાં મનપાના જ નિયમોના ધજાગરા

### શહેરમાં વાયુ પ્રદૂષણ રોકવા સાઇટ પર નેટ બાંધવાના આદેશ આપનારું તંત્ર પોતાની જ કામગીરીમાં તકેદારી રાખવાનું ભૂલ્યું



• નડિયાદ

નડિયાદ શહેરના વ્યસ્ત ગણાતા સંતરામ રોડ પર સ્થિત સરદાર ભુવનને તોડી પાડયા બાદ છેલ્લા ૪ દિવસથી કાટમાળ હટાવવાની કામગીરી ચાલી રહી છે, પરંતુ આ કામગીરી આસપાસના રહેવાસીઓ અને વેપારીઓ માટે આફત સાબિત થઈ રહી છે. ડિમોલિશન સ્થળેથી મોટા પ્રમાણમાં ધૂળની ડમરીઓ ઉડી રહી છે.

જેના કારણે સમગ્ર વિસ્તારમાં વાયુ પ્રદૂષણ ફેલાયું છે અને શ્વાસ લેવામાં તકલીફ પડતી હોવાની ફરિયાદો ઉઠી છે. આશ્ચર્યની વાત એ છે કે, સામાન્ય નાગરિકોને બાંધકામ સમયે નિયમોનું પાલન કરવાની સૂચના આપતું તંત્ર પોતે જ પોતાના જારી કરેલા નોટિફિકેશનનું ઉલ્લંઘન કરી રહ્યું છે.

નડિયાદ મનપાએ થોડા સમય અગાઉ જ શહેરમાં પ્રદૂષણ નિયંત્રણ માટે બાંધકામ કે ડિમોલિશનની સાઈટ પર લીલીનેટ બાંધવી ફરજિયાત હોવાનો નિયમ બનાવ્યો હતો. જોકે, સરદાર ભુવનના કિસ્સામાં મનપાએ પોતે જ આ નિયમ નેવે મૂક્યો છે. કાટમાળ ભરતી વખતે અને ટ્રકોની અવરજવર દરમિયાન હવામાં ઉડતી ધૂળને કારણે આસપાસના દુકાનદારોનો માલસામાન બગડી રહ્યો છે. વેપારીઓનો આક્ષેપ છે કે, જો તંત્ર દ્વારા કામગીરી દરમિયાન સતત પાણીનો છંટકાવ કરવામાં આવે તો ધૂળ ઉડતી અટકી શકે તેમ છે, પરંતુ આવી સામાન્ય તકેદારી રાખવામાં પણ વહીવટી તંત્ર નિષ્ફળ નીવડયું છે.

તંત્રની આ પ્રકારની કામગીરીથી શહેરીજનોમાં રોષ જોવા મળી રહ્યો છે. લોકોનું કહેવું છે કે, જો મનપા પાસે મોંઘા મશીનોની સુવિધા ન હોય તો પણ ટેન્કર દ્વારા પાણીનો છંટકાવ જેવી પાયાની વ્યવસ્થા કરી શકાય તેમ હતી. સરદાર ભુવનનો કાટમાળ હજુ પણ મોટા જથ્થામાં સ્થળ પર પડયો હોવાથી આગામી દિવસોમાં ગંદકી અને પ્રદૂષણની સમસ્યા વધુ વકરે તેવી ભીતિ સેવાઈ રહી છે.

આ ગંભીર બેદરકારી અંગે નડિયાદ મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનર રુદ્રેશ હુદળે જણાવ્યું હતું કે, નડિયાદમાં આવી મોટા પાયે ડિમોલિશનની કામગીરી વર્ષોમાં એકાદ વખત જ થતી હોય છે. તેમણે મનપાનો બચાવ કરતા ઉમેર્યું હતું કે, મોટા શહેરોમાં ધૂળને ડામવા માટે વપરાતા ફોગ મશીનની કિંમત ૧ કરોડ રૂપિયાથી વધુ હોય છે, જે નડિયાદ જેવા શહેર માટે વસાવવું હાલના તબક્કે આથક રીતે શક્ય નથી. નડિયાદમાં સતત ડિમોલિશન થતા ન હોવાથી આવા મોંઘા સાધનોની ખરીદી અત્યારે કરી શકાય તેમ નથી.

# ચોટીલા ભાજપ અનુસુચિત જાતિ મોરચા મહામંત્રીનું કારમાં અપહરણ

### અપહરણકારો સાથે રાગદ્રેશના કારણે બનેલો બનાવ

• ચોટીલા

ચોટીલા ભાજપ અનુસુચિત જાતિ મોરચાના મહામંત્રીનું કારમાં અપહરણ કરી આરોપીઓએ પાત્રીસ જેટલી ઝાપટો મારી હતી. કાનજીભાઈ વાઘેલાને રાજકોટ સિવિલ હોસિપટલમાં ખસેડાયા હતા. પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી હતી.



ચોટીલા તાલુકાના ખરેડી ગામે રહેતા કાનજીભાઈ વીરાભાઈ વાઘેલા ગઈકાલે રાત્રે ૧૦ વાગ્યાં આસપાસ ચોટીલાના મારુતિનગર સોસાયટીમાં હતા ત્યારે મનોજ, વિપુલ અને તેની સાથેના મહિલા સહિત લોકોએ ઝઘડો કરી ઈંટ વડે અને મુંઢ માર મારતા સિવિલ હોસિપટલમાં દાખલ થયા હતા. તેઓએ પોલીસને આપેલી માહિતી મુજબ, અગાઉ મનોજ તેના વાહનમાં મહિલાને બેસાડીને નીકળ્યો હતો. જે તેઓ જેઈ ગયા હતા.

જે બાબતે રાગદ્રેષ ચાલતો હતો. દરમિયાન મનોજ ઉર્ફે માધાએ કાનજીભાઈને ફોન કરી મળવા માટે બેલાવતાં ગયા હતા. અહીં તેની સાથે મારકુટ કરાઈ હતી.

મહિલાઓએ પણ મારકુટ કરી હતી. બાદમાં મનોજ અને વિપુલ કારમાં બેસાડી નગરપલિકાના સ્મશાન પાસે લઈ ગયા હતા. માથામાં પાંત્રીસ જેટલી ઝાપટો મારી હતી. આ મામલે હોબાળો થતાં હુમલાખોરો ભાગી ગયા હતા. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## સુરેન્દ્રનગર મનપાએ 1800 કિલોથી વધુ પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કર્યું

• સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર મહાનગરપાલિકા દ્વારા વિવિધ દુકાનોમાંથી પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરાયો છે અને દુકાનદારોને ૩૦ હજારનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે.

મહાનગરપાલિકાની સેનીટેશન વિભાગની ટીમે પ્રતિબંધિત પ્લાસ્ટિક અંગે ચેકિંગ હાથ ધર્યું છે. જેમાં ઈન્ડિયા એજન્સી કારખાના અને દુકાનમાંથી એક હજાર કિલોથી વધુ, જય અંબે પ્લાસ્ટિકમાંથી ૭૦૦થી ૮૦૦ કિલો, મહેતા માર્કેટમાં સપ્લાય કરનાને ત્યાંથી ૧૦ કિલો પ્લાસ્ટિક, પ્રિન્સ માવા, જોરાવરનગરથી ૩૦ કિલો માવાના કાગળ જપ્ત કરીને ૧૦ હજારનો દંડ કરાયો હતો. જયારે વિકાંત ચૂનાવાળાને ત્યાંથી ૨૦ કિલો સિંગલ યુઝ પ્લાસ્ટિક જપ્ત કરીને ૨૦ હજારનો દંડ વસૂલાયો છે. જ્યારે મનપા તંત્ર દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિકના વેચાણ અને ઉપયોગ અંગે આગામી દિવસોમાં પણ કડક કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે.

### વાસદ-બગોદરા સિક્સલેન હાઇવે પરના

# બોદાલ ગામની સીમમાં કારની ટક્કરથી યુવાનનું મોત નિપજ્યું

• આણંદ

વાસદ-બગોદરા સિક્સલેન હાઈવે ઉપર આવેલા બોરસદના બોદાલ ગામની સીમમાં પૂરપાટ ઝડપે જઈ રહેલી એક કારના ચાલકે રોડ ક્રોસ કરી રહેલા એક ખેતમજૂરને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થવાના કારણે તેનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે બોરસદ શહેર પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

બોરસદ તાલુકાના બોદાલ ગામે રહેતા મહેન્દ્રભાઈ છગનભાઈ ચાવડાનો ભત્રીજો દીપકભાઈ ગોતાભાઈ ચાવડા (ઉં. વ. ૩૮) શુક્રવારની સાંજના ખેત મજૂરી કરી બોદાલ ગામની સીમમાંથી પસાર થતા વાસદ-બગોદરા સિક્સલેન હાઈવે ક્રોસ કરી રહ્યો હતો. આ દરમિયાન બગોદરા તરફથી પુરપાટ ઝડપે આવી ચડેલી એક કારે યુવાનને ટક્કર મારતા તેને માથા તેમજ શરીરના અન્ય ભાગોએ ગંભીર ઈજાઓ




પહોંચી હતી. અકસ્માતને પગલે આસપાસના સ્થાનિકો ઘટના સ્થળે એકત્ર થઈ ગયા હતા અને ૧૦૮ને જાણ કરતા ૧૦૮ની ટીમ પણ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. જ્યાં ૧૦૮ની ટીમે દીપક ચાવડાને તપાસીને મૃત જાહેર કર્યો હતો. આ બનાવ અંગે બોરસદ શહેર પોલીસે મહેન્દ્રભાઈ ચાવડા ની ફરિયાદ ના આધારે કારચાલક વિરુદ્ધ અકસ્માત નો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે

# અમદાવાદના ૭૬ રોડ ઉપર દબાણ દુર કરવા ચોકકસ પોલીસી બનાવો

• અમદાવાદ

ગુજરાત હાઈકોર્ટમાં ચાલી રહેલી જાહેરહીતની અરજી સંદર્ભમાં છેલ્લા એક મહિનાથી પણ વધુ સમયથી કોર્પોરેશનના શહેરના માત્ર સાત રોડ જ હોય એમ તેમ આરસ્તાઓ ઉપરથી ટ્રાફિકની સમસ્યા ઉકેલવાના નામે દબાણો દુર કરી રહયા છે. આ બાબતને લઈ ટી.પી. કમિટીની બેઠકમાં ઘેરા પ્રત્યાઘાત પડયા હતા. એક તબકકે કમિટીમાં એસ્ટેટના અધિકારીઓને કહેવાયુ, તમે કામગીરી કરો છો તેવુ બતાવવા માંગો છો તો શહેરના ૭૬ રોડ ઉપર દબાણના કારણે ટ્રાફિકની સમસ્યા છે. તમામ રોડ ઉપરથી દબાણ દુર કરી ટ્રાફિકની સમસ્યા દુર કરવા ચોકકસ પોલીસી બનાવો.

શહેરના મોટાભાગના મુખ્ય રસ્તાઓ તથા ફૂટપાથ ઉપરના દબાણના કારણે ટ્રાફિકની સમસ્યા સતત વધતી જાય છે. બીજી તરફ કોર્પોરેશનના એસ્ટેટ વિભાગ જયારે જયારે આ જાહેરહીતની અરજીની સુનવણી કોર્ટમાં હાથ ધરાવાની હોય એ પહેલા અચાનક એકશનમાં આવી લારી, ગલ્લા સહિતના દબાણો દુર કરવા ઝૂંબેશ શરૂ કરી દે છે. આ બાબતની ટી.પી. કમિટીમાં ટીકા પણ થઈ હતી. એક સભ્યે એસ્ટેટના અધિકારીને ત્યાં સુધી કહયુ, હાઈકોર્ટ કહે પછી જ તમને શહેરના વિવિધ રસ્તાઓ ઉપર દબાણ વધી ગયા હોવાનુ દેખાય છે. આ સમસ્યા તો ઘણાં વર્ષોથી શહેરીજનો સહન કરી રહયા છે. એકને ગોળ અને બીજાને ખોળ એવી કામગીરી કરવાની ના હોય. તમારે શહેરના દબાણો દુર કરી ટ્રાફિકની સમસ્યા હળવી જ કરવી તો તમામ ૪૮ વોર્ડ માટે તેનુ પ્લાનિંગ કરી કરવી જોઈએ.

### મોટા મોટા કરદાતાઓના ઈન્કમટેક્સના રિફંડ કેમ અટકી ગયા

# પ્રામાણિક કરદાતાઓને પણ આવકવેરાની નોટિસ મળતા મૂંઝાયા

• અમદાવાદ

છેલ્લા કેટલાક દિવસોમાં દેશભરના હજારો કરદાતાઓને ઈન્કમ ટેક્સ વિભાગ તરફથી અચાનક નોટિસ મોકલીને કે ઈ-મેઈલ મોકલીને તેમણે કરેલો રિફંડ દાવો 'રિસ્ક મેનેજમેન્ટ પ્રક્રિયા હેઠળ આવતો હોવાનું જણાતા તેમના રિફંડ અટકાવી દેવાયા હોવાની જાણ કરતો ઈ-મેઈલ પણ પાઠવી દેવામાં આવ્યો છે. તેથી જ તેમના રિફંડની પ્રક્રિયા હાલ માટે હોલ્ડ પર મૂકવામાં આવી હોવાની જાણ કરવામાં આવી છે. આ નોટિસ મેળવનારાઓમાં ઈમાનદાર કરદાતાઓને પણ સમાવી લેવામાં આવ્યા છે.

પરિણામે ગુજરાત સહિત દેશભરમાં હજારો કરદાતાઓના રિફંડ લાંબા સમયથી અટકી ગયા છે. તેમ જ ૩૧મી ડિસેમ્બર સુધીમાં તેના આવકવેરાના રિટર્નને સુધારીને નવેસરથી ટેક્સની જવાબદારી પોતે જ નક્કી કરી કે કરાવીને બાકીનો આવકવેરો ૩૧મી ડિસેમ્બર સુધીમાં જમા કરાવી દેવાની સૂચના આપતી પ્રેસનોટ પણ બહાર પાડવામાં આવી છે. આ એલર્ટથી એટલા માટે વધુ ચિંતા ફેલાઈ છે કારણ કે અનેક લોકો માને છે કે તેમણે કંઈ ખોટું કર્યું નથી, છતાં તેમની સાથે ઘણા કિસ્સાઓમાં આ માન્યતા સાચી પણ હોઈ શકે છે. નિયમિત રીતે રિફંડની અપેક્ષા રાખનારા પગારધારક કરદાતાઓ માટે આ મેસેજ અસ્વસ્થ કરી દેનારો છે. કારણ કે નોટિસમાં ક્યાંય લખેલું નહોતું કે ભૂલ શું છે, કઈ કાર્યવાહી ફરજિયાત છે કે રિફંડ કેટલા સમય સુધી અટકશે. કરદાતાઓ સવાલ કરે છે કે આ સ્ક્રૂટિની કે પછી દંડ કે કોઈ ઔપચારિક નોટિસ છે? આ સમગ્ર ઘટનાના કેન્દ્રમાં ટેક્સ વિભાગની ઓટોમેટેડ ચકાસણી સિસ્ટમ છે. છેલ્લા કેટલાક વર્ષોમાં વિભાગે એવી સિસ્ટમ વિકસાવી છે જે રિટર્નમાં દર્શાવેલી આવક અને નોકરીદાતા, બેન્ક, મ્યુચ્યુઅલ ફંડ વગેરે પાસેથી મળતા ડેટાની સરખામણી કરે છે. આ માહિતી ફોર્મ ૧૬, ફોર્મ ૨૬-એએસ અને એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટ મારફતે મળે છે. તેમાં વિસંગતતા દેખાય ત્યાં રિફંડ રોકી દેવામાં આવે છે અને રિફંડની રકમ છોડતા પહેલાં રિટર્નની સમીક્ષા કરવામાં આવે છે. ટેક્સ કન્સલ્ટન્ટનું કહેવું છે કે 'આ પરંપરાગત નોટિસ નથી. રિફંડ છોડતાં પહેલાં કરદાતાઓને તેમનો દાવો ફરી તપાસવા માટેનો સંકેત છે,' ટેક્સ વ્યાવસાયિકોના મતે આ પગલું દંડાત્મક નહીં પરંતુ દંડમાંથી બચાવવા માટે નોટિસ આપવામાં આવી છે. ખોટી રકમ રિફંડ આપી પછી વસૂલવા કરતાં ભૂલ પહેલેથી જ પકડી લેવાનો પ્રયાસ છે. આ નોટિસ મેળવનારા ઘણા કરદાતાઓને લાગે છે કે તેમણે કંઈ ખોટું કર્યું નથી અને ઘણા કિસ્સામાં આ સાચું પણ હોય છે. ઉદાહરણ આપીને વાત કરીએ તો નોકરિયાત તરફથી દસ્તાવેજ મોડા કે અધૂરા હોવાથી વેરા બાદની માગેલી રકમ મંજૂર ન થાય તેવી શક્યતા છે. તેમ છતાં કરદાતા પાસે સાચા પુરાવા હોય તો તેઓ રિટર્ન ફાઈલ કરતી વખતે કાયદેસર રીતે વેરામાંથી બાદ મેળવી શકે છે. પરંતુ સિસ્ટમને કંપનીના માલિકો દ્વારા અપલોડ કરવામાં આવેલા ડેટા અને રિટર્ન વચ્ચે તફાવત દેખાય છે, જેના કારણે રિફંડ અટકાવી દેવામાં આવ્યું છે. તેમના રિફંડના ક્લેઈમ સાચા હોય તો પણ તેમણે સ્પષ્ટતા તો કરવી જ પડશે.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

રણબીર કપૂર અને આલિયા ભટ્ટે તેમના પરિવાર અને નજીકના લોકો સાથે આ તહેવારની ઉજવણી કરી હતી

# રણબીર કપૂરે તેના પરિવાર સાથે ક્રિસમસની ઉજવણી કરી; આલિયા ભટ્ટની ભાભીએ પાર્ટીના ફોટા પોસ્ટ કર્યા

જ્યારે બોલિવૂડ સ્ટાર્સ દર વર્ષે ૨૫ ડિસેમ્બરે ક્રિસમસ પાર્ટીઓનું આયોજન કરે છે, ત્યારે કેટલાક આ ખાસ દિવસ પરિવાર અને મિત્રો સાથે ઉજવે છે. તેવી જ રીતે, રણબીર કપૂર અને આલિયા ભટ્ટે તેમના પરિવાર અને નજીકના લોકો સાથે આ તહેવારની ઉજવણી કરી હતી. કપૂર પરિવાર આલિયા ભટ્ટની માતા સોની રાઝદાનના ઘરે એક ખાસ ક્રિસમસ ડિનર માટે ભેગા થયો હતો. આ લોકપ્રિય પાવર કપલ ઉપરાંત, નીતુ કપૂર, રિદ્ધિમા કપૂર સાહની અને તેમની પુત્રી, સમારા સાહની પણ આ કૌટુંબિક મેળાવડામાં હાજર હતા.



રિદ્ધિમા કપૂરે સોશિયલ મીડિયા પર તેમના ગેટ-ટુગેધરનો એક કૌટુંબિક ફોટો શેર કર્યો અને રાત્રિભોજન માટે સોની રાઝદાનનો આભાર માન્યો. તેણીએ તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર લખ્યું, "ક્રિસમસ એ ઝાડ નીચે ભેટો વિશે નથી, પરંતુ તેની આસપાસ ભેગા થયેલા લોકો વિશે છે. હું મારા પરિવારના સભ્યોનો આભારી છું કે આવી ક્ષણો દરેક ઋતુને અદ્ભુત બનાવે છે! આભાર,

શેર કરેલા ફોટામાં, રણબીર કપૂર અને રિદ્ધિમા કપૂર સિગ્નેચર બ્લેક પોશાક પહેરેલા હતા. નીતુ કપૂરે ગ્લોસી શર્ટ પહેર્યો હતો, જ્યારે સમરાએ કેઝ્યુઅલ લુક પસંદ કર્યો હતો. આ ખાસ પ્રસંગે આલિયા ભટ્ટ પણ હાજર રહી હતી. "એનિમલ" ફિલ્મના અભિનેતાએ તેની બહેનની પુત્રી સમારાના ખભા પર હાથ રાખીને અને આલિયાએ બીજા હાથે તેનો ખભા પકડીને પોઝ આપ્યો હતો.

કામની વાત કરીએ તો, રણબીર કપૂર અને આલિયા ભટ્ટ હાલમાં "લવ એન્ડ વોર" ના નિર્માણમાં વ્યસ્ત છે. સંજય લીલા ભણસાલીની ફિલ્મ ૨૦૨૬ માં રિલીઝ થવાની છે. આ બીજી વખત હશે જ્યારે રણબીર અને આલિયા સાથે સ્ક્રીન શેર કરશે. તેઓએ અગાઉ "બ્રહ્માસ્ત્ર: પાર્ટ વન - શિવ" માં સાથે કામ કર્યું હતું. "લવ એન્ડ વોર" ઉપરાંત, બંને સ્ટાર્સ પાસે પાઈપલાઈનમાં ઘણા અન્ય રોમાંચક પ્રોજેક્ટ્સ છે. આલિયા ભટ્ટની આગામી રિલીઝ "આલ્ફા" હશે, જે રૂઈઃ ની પ્રથમ મહિલા-પ્રમુખ જાસૂસ ફિલ્મ છે, જ્યારે રણબીર કપૂર પાસે "એનિમલ પાર્ક," "ધૂમ ૪," અને "રામાયણ" જેવી ફિલ્મો પાઈપલાઈનમાં છે.

ગ્વાલિયરમાં કૈલાશ ખેરનો સંગીત કાર્યક્રમ શોની વચ્ચે જ બંધ કરવો પડ્યો હતો


# ગ્વાલિયર શો દરમિયાન ભીડે હોબાળો મચાવ્યો હતો, કૈલાશ ખેરને શોની વચ્ચે જ છોડી દેવાની ફરજ પડી હતી



ગ્વાલિયરમાં કૈલાશ ખેરનો સંગીત કાર્યક્રમ શોની વચ્ચે જ બંધ કરવો પડ્યો હતો. ભૂતપૂર્વ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીની જન્મજયંતિ નિમિત્તે ગ્વાલિયર મેળા મેદાનમાં આયોજિત કોન્સર્ટમાં ગૃહમંત્રી અમિત શાહ દિવસ દરમિયાન હાજર રહ્યા હતા. કૈલાશ ખેરનો સંગીત કાર્યક્રમ સાંજે યોજાવાનો હતો. પરંતુ ભીડે એટલો હોબાળો મચાવ્યો કે કૈલાશ ખેરને તેમનો કોન્સર્ટ અટકાવવો પડ્યો. તેમણે સ્ટેજ પરથી ભીડને અપીલ પણ કરવી પડી, કૃપા કરીને પ્રાણીઓ જેવું વર્તન ન કરવા કહ્યું.તેમના ગીત પછી થોડા સમય પછી, કૈલાશ ખેર હંગામો અને લોકોને સ્ટેજ તરફ આવતા જોઈને ગુસ્સે થઈ ગયા. તેમણે ભીડને અપીલ કરી, કૃપા કરીને સભ્યતા બતાવવા કહ્યું. ગાયકે પોલીસને સ્ટેજ પર કલાકારોને સુરક્ષા પૂરી પાડવાની પણ વિનંતી કરી. જોકે, તેની કોઈ અસર થઈ નહીં. વધુમાં, જ્યારે લોકો કૈલાશ ખેરની નજીક ગયા, ત્યારે તેમણે તેમના કોન્સર્ટમાં વિક્ષેપ પાડ્યો. આ કાર્યક્રમ સ્વર્ગસ્થ ભૂતપૂર્વ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયીની જન્મજયંતિ નિમિત્તે યોજવામાં આવ્યો હતો. અગાઉ દિવસે, અમિત શાહે પણ તે જ સ્થળની મુલાકાત લીધી હતી અને ભીડ સાથે વાતચીત કરી હતી. દિવસ દરમિયાન સુરક્ષા વ્યવસ્થા સારી રીતે ગોઠવવામાં આવી હતી, પરંતુ કૈલાશ ખેરના સંગીત કોન્સર્ટ દરમિયાન આ ખામી હતી.અહીં ગ્વાલિયર મેળા મેદાનમાં, તેમના પ્રિય ગાયક કૈલાશ ખેરને મળવા માટે ભીડ એકઠી થઈ હતી. શો હાઉસફુલ હતો અને ભીડ રોકી શકાતી નહોતી. કેટલાક ઉપસ્થિતોએ સ્ટેજ તરફ આગળ વધવાનું નક્કી કર્યું, જેના કારણે હોબાળો થયો અને શો બંધ કરવો પડ્યો. કૈલાશ ખેર ઘણીવાર સંગીત સમારોહમાં જોવા મળે છે, તેમના ગીતોથી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરે છે. જોકે, ક્યારેક ભીડ બેકાબૂ થઈ જાય છે.

"જેલર" ના પહેલા હપ્તાએ ૨૦૨૩ માં બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી હતી

# જેલર ૨ માં શાહરૂખની ધમાકેદાર એન્ટ્રી કન્ફર્મ




બોલીવુડ અને દક્ષિણ સિનેમાની દુનિયામાં એક મોટો ધમાકો થવાનો છે. નેલ્સન દિલીપકુમારની ખૂબ જ રાહ જોવાતી ફિલ્મ "જેલર ૨" માં શાહરૂખ ખાનની એન્ટ્રીના સમાચાર હવે કન્ફર્મ થઈ ગયા છે. મિથુન ચક્રવર્તીએ પોતે આ વાતની પુષ્ટિ કરી છે. રજનીકાંતની ફિલ્મમાં શાહરૂખનો સમાવેશ માત્ર એક મોટું આશ્ચર્ય જ નથી પણ સમગ્ર ભારત સિનેમા માટે એક નવી દિશા પણ દર્શાવે છે. નેલ્સનની અનોખી શૈલી સાથેની આ ફિલ્મ વધુ ભવ્ય બનવાની તૈયારીમાં છે."જેલર" ના પહેલા હપ્તાએ ૨૦૨૩ માં બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી હતી. રજનીકાંતના શક્તિશાળી અભિનય, નેલ્સનના રમૂજી દિગ્દર્શન અને મલ્ટી-સ્ટારર કાસ્ટે તેને સુપરહિટ બનાવી દીધી. હવે, શાહરૂખ ખાનની સિક્વલમાં સંડોવણી ફિલ્મને વધુ ઊંચાઈએ લઈ જશે. ફિલ્મમાં ખલનાયકની ભૂમિકા ભજવતા મિથુન ચક્રવર્તીએ તાજેતરમાં આ વાતની પુષ્ટિ કરી છે. એક ઈન્ટરવ્યુમાં તેમણે કહ્યું હતું કે, "હા, શાહરૂખ ખાન ફિલ્મનો ભાગ છે. આ નેલ્સનનું પરફેક્ટ કાસ્ટિંગ છે.કાસ્ટિંગની ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે. રજનીકાંત મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે, જ્યારે શાહરૂખ ખાનની ભૂમિકા હજુ ગુપ્ત રાખવામાં આવી છે. સૂત્રો કહે છે કે તે એક ખાસ ભૂમિકા હોઈ શકે છે, પરંતુ નેલ્સનની શૈલીને જોતાં, તે મહત્વપૂર્ણ રહેશે. ફિલ્મમાં મોહનલાલ, શિવરાજકુમાર, સંથાનમ, એસજે સૂર્યા, વિજય સેતુપતિ, સૂરજ વેંજારામુડુ, મિથુન ચક્રવર્તી અને વિદ્યા બાલન અભિનય કરશે. નેલ્સનના સિગ્નેચર ફીચર્સવાળા નવા પાત્રો અને યુટ્યુબર્સ પણ જોવા મળશે.પહેલો ભાગ, "જેલર", એક એક્શન-કોમેડી હતો જેમાં રજનીકાંત એક નિવૃત્ત જેલર તરીકે અભિનય કરતા હતા. આ ફિલ્મે વિશ્વભરમાં ૬૦૦ કરોડથી વધુની કમાણી કરી હતી અને નેલ્સનને સ્ટાર ડિરેક્ટર બનાવ્યો હતો. સિક્વલની જાહેરાત થઈ ત્યારથી અટકળો ચાલી રહી છે. ૨૦૨૩ માં "પઠાણ," "જવાન," અને "ગધેડો" સાથે પોતાના સુપરસ્ટારડમને નવા સ્તરે લઈ જનાર શાહરૂખ ખાન હવે દક્ષિણ સિનેમામાં પ્રવેશ કરી રહ્યો છે.તેમણે અગાઉ "રોકેટરી" માં નાનકડી ભૂમિકા ભજવી હતી, પરંતુ "જેલર ૨" માં તેમની ભૂમિકા મોટી હોઈ શકે છે. આ કાસ્ટિંગ અખિલ ભારતીય સિનેમામાં એક ટ્રેન્ડને અનુસરે છે તેવું લાગે છે. કેજીએફ," "પુષ્પા," અને "આરઆરઆર" જેવી ફિલ્મોએ ક્રોસ-ઈન્ડસ્ટ્રી કાસ્ટિંગની સફળતા દર્શાવી છે. હવે, જોવાનું એ રહે છે કે આટલી મોટી સ્ટાર કાસ્ટ સાથે ફિલ્મ શું જાદુ હાંસલ કરશે.

# કાર્તિક આર્યન અને અનન્યા પાંડેની ફિલ્મ "તુ મેરી મેં તેરા મેં તેરા તુ મેરી" એ પહેલા દિવસે ૭.૫૦ કરોડ કલેક્શન કર્યુ

કાર્તિક આર્યન અને અનન્યા પાંડેની ફિલ્મ "તુ મેરી મેં તેરા મેં તેરા તુ મેરી" ગઈકાલે સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. ફિલ્મે તેના પહેલા દિવસે બોક્સ ઓફિસ કલેક્શનથી નિર્માતાઓને નિરાશ કર્યા, ફક્ત ૭.૫૦ કરોડ (આશરે ૧.૫ બિલિયન) ની કમાણી કરી. દરમિયાન, ધુરંદરનું બોક્સ ઓફિસ પર વર્ચસ્વ ચાલુ રહ્યું,૨૬ કરોડ (આશરે ૨.૬ બિલિયન) ની કમાણી કરી. કાર્તિક અને અનન્યાની જોડી માટે ઘણી અપેક્ષાઓ હતી, અને સમીક્ષાઓ સકારાત્મક હતી. આ છતાં, "તુ મેરી મેં તેરા મેં તેરા તુ મેરી" ફિલ્મનું કલેક્શન તેની સપ્તાહના કમાણીથી નિર્માતાઓને પ્રભાવિત કરવામાં નિષ્ફળ ગયું. નોંધનીય છે કે કાર્તિક અને અનન્યા પાંડેની જોડીને સારો પ્રતિસાદ મળ્યો હતો. સમીર વિદ્વાંસ દ્વારા દિગ્દર્શિત, આ ફિલ્મ છેલ્લા કેટલાક દિવસોથી હેડલાઈન્સમાં રહી છે. લોકોને તેની વાર્તા ખૂબ ગમી છે. ફિલ્મના ગીતો પણ ખૂબ જ લોકપ્રિય થયા છે અને હિટ બન્યા છે. ફિલ્મમાં કાર્તિક અને અનન્યા સાથે નીના ગુપ્તા પણ મુખ્ય ભૂમિકા ભજવે છે. કાર્તિક રેની ભૂમિકા ભજવે છે અને અનન્યા રૂમીની ભૂમિકા ભજવે છે. હવે, જોવાનું એ રહે છે કે ફિલ્મ સપ્તાહના અંતે બોક્સ ઓફિસ પર સારો દેખાવ કરી શકે છે કે નહીં. આ જોડીને દર્શકોએ ખૂબ પસંદ કરી હતી અને ફિલ્મ સુપરહિટ રહી હતી. હવે, છ વર્ષ પછી, આ જોડી મોટા પડદા પર પાછી ફરી છે. હવે, કાર્તિક અને અનન્યાની જોડી બોક્સ ઓફિસ પર સારો દેખાવ કરી શકે છે કે નહીં તે જોવાનું બાકી છે.

સપ્તાહના અંતે ફિલ્મનું ભવિષ્ય નક્કી થશે. જોકે, તેને ધુરંધર તરફથી સખત સ્પર્ધાનો સામનો કરવો પડી રહ્યો છે, જેમણે ગુરુવારે, ૨૧મા દિવસે ૨૬ કરોડ કલેક્શન કર્યા હતા, જે ફિલ્મ 'તુ મેરી મેં તેરા મેં તેરા મે મેરી' કરતા લગભગ ત્રણ ગણી વધારે છે. નોંધનીય છે કે કાર્તિક અને અનન્યાએ અગાઉ ૨૦૧૯ માં આવેલી ફિલ્મ 'પતિ પત્ની ઔર વો' માં સાથે કામ કર્યું હતું. આ જોડીને દર્શકોએ ખૂબ પસંદ કરી હતી અને ફિલ્મ સુપરહિટ રહી હતી. હવે, છ વર્ષ પછી, આ જોડી મોટા પડદા પર પાછી ફરી છે. હવે, કાર્તિક અને અનન્યાની જોડી બોક્સ ઓફિસ પર સારો દેખાવ કરી શકે છે કે નહીં તે જોવાનું બાકી છે. સપ્તાહના અંતે ફિલ્મનું ભવિષ્ય નક્કી થશે.



શ્રદ્ધા કપૂર વિરાટ કોહલી પછી ભારતની બીજી સૌથી વધુ ફોલોઅર્સ ધરાવતી અભિનેત્રી

# શ્રદ્ધા કપૂરની ફી આલિયા ભટ્ટ કરતાં પણ વધારે છે!



બોલીવુડમાં અત્યારે જે અભિનેત્રીઓના નામનો સિક્કો પડે છે, તેમાં શ્રદ્ધા કપૂરનું નામ મોખરે છે. શ્રદ્ધા કપૂર ભલે પડદા પર ઓછી ફિલ્મોમાં દેખાય છે, પરંતુ તેની લોકપ્રિયતા અને ડિમાન્ડ અન્ય અભિનેત્રીઓની સરખામણીએ ખૂબ જ વધુ છે. આ વાતની પુષ્ટિ ખુદ તેના પિતા અને દિગ્ગજ અભિનેતા શક્તિ કપૂરે કરી છે. તેણે તાજેતરમાં એક ઈન્ટરવ્યૂમાં શ્રદ્ધા કપૂરની પ્રોફેશનલ લાઈફ અને તેની વધતી ફી વિશે ચોંકાવનારા ખુલાસા કર્યા છે.એક પોડકાસ્ટ દરમિયાન શક્તિ કપૂરે ગર્વ સાથે જણાવ્યું હતું કે શ્રદ્ધા ઈન્ડસ્ટ્રીની તેની સાથી કલાકારો કરતા પણ વધુ ફી વસૂલે છે. તેણે સ્પષ્ટપણે આલિયા ભટ્ટ અને અનન્યા પાંડે જેવા મોટા નામોનો ઉલ્લેખ કરતા કહ્યું કે શ્રદ્ધા ખૂબ જ ઓછી ફિલ્મો કરે છે, પરંતુ તે સૌથી સારા પ્રોજેક્ટ્સની જ પસંદગી કરે છે. તે આલિયા અને અનન્યા જેવી અભિનેત્રીઓ કરતા પણ વધુ ચાર્જ લે છે." આ નિવેદને સોશિયલ મીડિયા પર ફેન્સમાં ચર્ચા જગાવી છે.શક્તિ કપૂરને પૂછવામાં આવ્યું કે એવી અફવાઓ છે કે શ્રદ્ધા પાસે હાલમાં કામ નથી, ત્યારે તેઓ હસી પડ્યા હતા. તેણે આ અફવાઓને નકારતા કહ્યું કે શ્રદ્ધાની ડિમાન્ડ માર્કેટમાં ખૂબ ઊંચી છે, પરંતુ તે પોતાની મરજીથી વર્ષમાં માત્ર એક કે બે જ ફિલ્મ કરવાનું પસંદ કરે છે. તે માત્ર કામ કરવા ખાતર કામ કરવામાં માનતી નથી, પરંતુ કામની ક્વોલિટી પર ધ્યાન આપે છે.દીકરીના વ્યક્તિત્વ વિશે વાત કરતા શક્તિ કપૂરે જણાવ્યું કે શ્રદ્ધા સ્વભાવે થોડી જિદ્દી છે અને તે હંમેશાં પોતાના દિલનું કરે છે. તે પોતાના સિદ્ધાંતો પર જ ચાલે છે. પિતા-પુત્રીના સંબંધો વિશે તેણે ઉમેર્યું કે અમારા વચ્ચે ક્યારેક વિવાદ થાય છે તો ક્યારેક અમે બંને સાથે બેસીને હોલિ-ડે પ્લાન કરીએ છીએ. એક પિતા તરીકે તેને શ્રદ્ધાની એક્ટિંગ અને તેની મહેનત પર ખૂબ જ ગૌરવ છે.ઉલ્લેખનીય છે કે ફિલ્મો ઉપરાંત શ્રદ્ધા કપૂર સોશિયલ મીડિયા પર પણ સુપરસ્ટાર છે. ઈન્સ્ટાગ્રામ પર તેના ૯૪.૨ મિલિયનથી વધુ ફોલોઅર્સ છે. ઉલ્લેખનીય છે કે શ્રદ્ધા કપૂર વિરાટ કોહલી પછી ભારતની બીજી સૌથી વધુ ફોલોઅર્સ ધરાવતી અભિનેત્રી છે. આ બાબતમાં તે પીએમ નરેન્દ્ર મોદી અને ગ્લોબલ સ્ટાર પ્રિયંકા ચોપરાને પણ પાછળ છોડી ચૂકી છે.



કરિયરમાં પહેલીવાર ખલનાયિકાના રોલમાં જોવા મળશે

# ૫૫ વર્ષની શબાના આઝમી હવે આવારાપન ટુમાં નેગેટિવ રોલ કરશે

૫૫ વર્ષીય અભિનેત્રી શબાના આઝમી કારકિર્દીમાં પ્રથમ વખત 'આવારાપન ટુ'માં ખલનાયિકાના રોલમાં જોવા મળશે. શબાના હાલ અન્ય એક પ્રોજેક્ટ માટે લંડનમાં શૂટિંગ કરી રહી છે. ત્યાં એક વાતચીત દરમિયાન તેણે જણાવ્યું હતું કે કારકિર્દીમાં ક્યારેય મેં ખલનાયિકાનો રોલ કર્યો ન હતો. કોઈ નેગેટિવ કેરેક્ટર ભજવવાની મારી વર્ષોથી ઈચ્છા હતી. તે હવે આ ફિલ્મ સાથે પૂર્ણ થઈ રહી છે. શબાનાએ કહ્યું હતું કે તેણે વર્ષો પહેલાં બી. આર. ઈશારાની એક ફિલ્મમાં પોતાના સાવકા પુત્રની હત્યા કરતી માતાનો રોલ ભજવ્યો હતો. પરંતુ, તે ખલનાયિકાનો રોલ ન હતો. ઉલ્લેખનીય છે કે શબાના થોડા સમય પહેલાં 'ડબ્બા કાર્ટેલ' નામની ઓટીટી સીરિઝમાં ડ્રગના ધંધામાં સંડોવાયેલી વૃદ્ધાનો રોલ કરી ચૂકી છે. તે હવે આ ફિલ્મ સાથે પૂર્ણ



થઈ રહી છે. શબાનાએ કહ્યું હતું કે તેણે વર્ષો પહેલાં બી. આર. ઈશારાની એક ફિલ્મમાં પોતાના સાવકા પુત્રની હત્યા કરતી માતાનો રોલ ભજવ્યો હતો. પરંતુ, તે ખલનાયિકાનો રોલ ન હતો. ઉલ્લેખનીય છે કે શબાના થોડા સમય પહેલાં 'ડબ્બા કાર્ટેલ' નામની ઓટીટી સીરિઝમાં ડ્રગના ધંધામાં સંડોવાયેલી વૃદ્ધાનો રોલ કરી ચૂકી છે.

ફરહાન અખ્તર લાંબા સમય પછી ડિરેક્ટર તરીકે કમબેક કરી રહ્યો છે

# બોલિવૂડ સુપરસ્ટાર રણવીર સિંહે 'ડોન-૩' છોડી નથી પણ મેકર્સે તેને કાઢી મૂક્યો!

બોલિવૂડ સુપરસ્ટાર રણવીર સિંહ હાલમાં તેની ફિલ્મ 'ધુરંધર'ની બ્લોકબસ્ટર સફળતાની ઉજવણી કરી રહ્યો છે. પરંતુ તેની ખુશીઓ વચ્ચે ફેન્સ માટે એક આઘાતજનક સમાચાર આવ્યા છે. અહેવાલો મુજબ, રણવીર સિંહ હવે ફરહાન અખ્તરની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'ડૉન-૩'નો હિસ્સો નથી. જોકે, ચોંકાવનારી વાત એ છે કે રણવીરે આ ફિલ્મ સ્વેચ્છાએ છોડી નથી, પરંતુ તેને કાઢી મુકવામાં આવ્યો છે.મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સૂત્રોએ દાવો કર્યો છે કે રણવીર સિંહને તેની અયોગ્ય માંગણીઓને કારણે પ્રોજેક્ટમાંથી બહાર કરવામાં આવ્યો છે. અગાઉ એવી અફવા હતી કે રણવીરે પોતે ફિલ્મમાંથી વૉકઆઉટ કર્યું છે, પરંતુ નવી અપડેટ મુજબ મેકર્સ રણવીરના વલણથી નારાજ હતા.સૂત્રોએ વધુમાં જણાવ્યું કે, જ્યારે રણવીરની સતત ૩ ફિલ્મો ફ્લોપ ગઈ હતી અને સંજય લીલા ભણસાલી જેવા દિગ્ગજોએ 'બૈજુ બાવરા' જેવો પ્રોજેક્ટ કેન્સલ કર્યો હતો, ત્યારે રિતેશ સિધવાની અને ફરહાન અખ્તર તેની પડખે ઉભા રહ્યા હતા. ફરહાન એકમાત્ર મેકર હતો જેણે રણવીર પર ભરોસો મૂકીને તેને અમિતાભ બચ્ચન અને શાહરૂખ ખાન પછીનો નવો 'ડૉન' બનાવવાનું નક્કી કર્યું હતું.ચર્ચા એવી પણ છે કે 'ધુરંધર' હિટ થયા પછી રણવીર પોતાના રોલ અને પ્રોજેક્ટ્સને લઈને વધુ પડતો 'સિલેક્ટિવ' થઈ ગયો છે. તે હવે માત્ર ભણસાલી, લોકેશ કનગરાજ અને એટલી જેવા મોટા ડિરેક્ટર્સ સાથે જ કામ કરવા માંગે છે. રિપોર્ટ્સ મુજબ, રણવીર અને મેકર્સ વચ્ચે સર્જાયેલા ક્રિએટિવ ડિફરન્સ આ વિવાદનું મુખ્ય કારણ બન્યા છે.



વીડિયોમાં ત્રણેયનું બોન્ડિંગ જોરદાર જોવા મળી રહ્યું છે, વીડિયો જોઇને યૂઝર્સે કોમેન્ટ્સ પણ કરી

# ભાઇનાં લગ્નમાં હૃતિક રોશને મહેફિલ જમાવી

હૃતિક રોશને કઝિન ભાઈ ઈશાન રોશનનાં લગ્નમાં ડાન્સ કરીને ધૂમ મચાવી દીધી છે. જો કે લગ્નનાં સેલિબ્રેશનની અનેક તસવીરો અને વીડિયો સામે આવ્યાં છે. હૃતિક રોશન પૂરાં પરિવાર સાથે જોવા મળ્યો. જો કે એક્ટરનાં ડાન્સનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે.બોલિવૂડ અભિનેતા હૃતિક રોશન હાલમાં એની કઝિન ઈશાન રોશનનાં લગ્નને એન્જોય કરી રહ્યાં છે. પૂરા પરિવાર સાથે હૃતિક રોશન જોવા મળ્યો. જો કે આ લગ્નમાં હૃતિક રોશન કંઈક અલગ જ અંદાજમાં જોવા મળ્યો. એક્ટરે ડાન્સ કરીને ધમાલ મચાવી દીધી છે. આ ખાસ અવસર પર હૃતિક રોશનની સાથે એનો દીકરો રેહાન રોશન અને ઋદાન રોશન પણ જોવા મળ્યાં હતા.આટલું જ નહીં એક્ટરની ગર્લફ્રેન્ડ અને અભિનેત્રી સબા આઝાદ પણ આ ફેમિલી સેલિબ્રેશનનો હિસ્સો બની. એક્ટરની એક્સ વાઈફ પણ એનાં બોયફ્રેન્ડની સાથે લગ્નમાં પહોંચી હતી. લગ્નનાં ફંક્શનનાં અનેક વીડિયો અને તસવીરો સોશિયલ મીડિયામાં વાયરલ થઇ રહી છે જેમાં રોશન પરિવારની મસ્તી અને ખુશીઓ સ્પષ્ટ રીતે દેખાઈ રહી છે. આ વચ્ચે હૃતિક રોશને એનાં દીકરા સાથે ડાન્સ કર્યો તો લોકો જોતાં રહી ગયા.સોશિયલ મીડિયામાં સામે આવેલા એક વીડિયોમાં હૃતિક રોશન એનાં દીકરા અને સબા આઝાદની સાથે ડાન્સ કરતો જોવા મળી રહ્યો છે. હૃતિક રોશનની સાથે એની ભત્રીજી સુરાનિકા સોની અને કઝિન પશ્મીના રોશન પણ ડાન્સમાં જોવા મળી રહ્યાં છે. જો કે આ બધાએ મળીને સ્ટેજ પર દમદાર પરફોર્મન્સ આપ્યું. પરિવારનાં લોકોએ ૧૯૯૯નું ફેમસ સોન્ગ તેરા તડપાવે પર જોરદાર ડાન્સ કર્યો. જો કે આ વાત દરેક લોકો જાણે છે કે હૃતિક રોશન એક સારો ડાન્સર છે અને એનાં બન્ને દીકરા પણ આ બાબતમાં અવ્વલ છે. પિતાની તાલમાં તાલ મિલાવતા હંમેશા જોવા મળતા હોય છે. કેટલાક લોકોએ તો ગુડ લુક્સથી લઈને પપ્પાની કાર્બન કોપી પણ કહી દીધું છે.આ ઈવેન્ટમાં હૃતિક રોશને બ્લેક આઉટફિટ પહેર્યું હતું જેમાં એક્ટર હંમેશાની જેમ સ્ટાઈલિશ લાગી રહ્યો હતો. મોટો દીકરો રેહાન વ્હાઈટ એથનિક આઉટફિટમાં જોવા મળ્યો, જ્યારે નાનો દીકરો ઋદાન એનાં પિતાની જેમ બ્લેક આઉટફિટમાં જોવા મળ્યો હતો. આટલું જ નહીં આ વીડિયોમાં ત્રણેયનું બોન્ડિંગ જોરદાર જોવા મળી રહ્યું છે. આ વીડિયો જોઈને યુઝર્સે કોમેન્ટ્સ પણ કરી છે.



### રાષ્ટ્રપતિ દ્વારા રમતગમતમાં સિદ્ધિઓ હાંસલ કરવા બદલ નવ બાળખેલાડીને સન્માનિત કરવામાં આવ્યા

# રાષ્ટ્રપતિ મુર્મુના હસ્તે સુરતની પ્રજ્ઞિકા વાંકાને એવોર્ડ એનાયત

## રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા નવી દિલ્હી વિજ્ઞાનભવનમાં ભારતના બાળકો માટેનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર, પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા

• નવી દિલ્હી,તા.૨૭

ધીનિધિ દેશિંગુએ ૧૪ વર્ષની ઉંમરે ૨૦૨૪ પેરિસ ઓલિમ્પિકમાં ભાગ લેનારી સૌથી નાની ઉંમરની ભારતીય ખેલાડી બનીને દુનિયાને પોતાની પ્રતિભાથી વાકેફ કરાવ્યું. ભારતીય સ્વિમિંગ પ્રતિભાશાળી ખેલાડી હાલમાં ત્રણ રાષ્ટ્રીય રેકોર્ડ ધરાવે છે અને ૪૨ આંતરરાષ્ટ્રીય મેડલ મેળવ્યા છે. શુક્રવારે બેંગ્લોરના આ તરવૈયાને નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા ભારતના બાળકો માટેનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર, પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા. ૧૮ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના કુલ ૨૦ બાળકોને આ સન્માન આપવામાં આવ્યું હતું, જેમાંથી નવ બાળકોને રમતગમતના ક્ષેત્રમાં તેમની સિદ્ધિઓ બદલ માન્યતા આપવામાં આવી હતી. અનુષ્કા કુમારી, ફૂટબોલ અનુષ્કા ઝારખંડના રાંચીની એક ઉત્કૃષ્ટ ફૂટબોલ પ્રતિભા છે અને એક સામાન્ય પરિવારમાંથી આવે છે કારણ કે તે એક દૈનિક મજૂરની પુત્રી છે, અને તેના પિતા હાલમાં બીમાર છે. માત્ર ૧૪ વર્ષની ઉંમરે, તેણીએ સાફ અં.૧૭ મહિલા ચેમ્પિયનશિપમાં સાત આંતરરાષ્ટ્રીય મેચોમાં ૧૦ ગોલ કરીને ફૂટબોલના દ્રશ્ય પર નોંધપાત્ર અસર પાડી છે. આ જ ટુર્નામેન્ટમાં, તેણીએ ભૂટાન સામે આશ્ચર્યજનક ૧૯ મિનિટમાં તેની પ્રથમ હેટ્રિક નોંધાવી.



પ્રજ્ઞિકા વાકા, ચેસ ગુજરાતના સુરતની આ ૭ વર્ષીય ચેસ પ્રતિભાશાળી છોકરીએ સર્બિયામાં વર્લ્ડ સ્કૂલ અંડર-૭ ગર્લ્સ ચેસ ચેમ્પિયનશિપ ૨૦૨૫માં વિશ્વ ચેમ્પિયનનો ખિતાબ મેળવ્યો. પ્રાગ્નિકાએ નવમાંથી નવ પોઈન્ટ મેળવ્યા અને તમામ વય જૂથોમાં ગોલ્ડ મેડલ જીતનાર એકમાત્ર ભારતીય હતી. રસપ્રદ વાત એ છે કે, ફાઈનલ રાઉન્ડ રમાય તે પહેલાં જ તેણે ટાઈટલ જીતી લીધું હતું. શિવાની ઉપ્પારા, પેરા એથ્લીટ ૧૭ વર્ષીય શિવાની આંધ્રપ્રદેશના કુર્નૂલની એક પ્રખ્યાત પેરા-એથ્લીટ છે. શાકભાજી વેચનારાઓની પુત્રી, શિવાનીનો જન્મ જમણા હાથ વગર થયો હતો. તે એફ ૪૫ માં શોટ-પુટ અને ભાલા ફેંકમાં તેની સિદ્ધિઓ માટે જાણીતી છે. તે ૨૦૨૩ માં થાઈલેન્ડમાં વર્લ્ડ એબિલિટી સ્પોર્ટ્સ ગેમ્સમાં અં.૨૦ ચેમ્પિયન બની હતી. શિવાનીએ ૨૦૨૪ માં બેંગલુરુમાં નેશનલ જુનિયર અને સબ-જુનિયર પેરા એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં અં.-૧૭ ૧૦૦ મીટર દોડ, ભાલા ફેંક અને શોટ-પુટમાં ત્રણ ગોલ્ડ મેડલ પણ મેળવ્યા હતા. નીરજ ચોપરા ક્લાસિકથી ચેસ વર્લ્ડ કપ - ૨૦૨૫માં ભારત દ્વારા આયોજિત મુખ્ય આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટ જ્યોતિ, પેરા એથ્લીટ એક પગ બીજા કરતા ટૂંકા પગ સાથે જન્મેલી જ્યોતિએ પડકારોનો સામનો કરીને પેરા-સ્પોર્ટ્સમાં ઉભરતી સ્ટાર બની છે. ૧૭ વર્ષીય જ્યોતિ, હરિયાણાના સિરસાથી સંબંધિત છે અને તેણે શોટ પુટ, ડિસ્કસ થ્રો અને ભાલા ફેંકમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ૧૨ મેડલ જીત્યા છે. ૨૦૨૩ સુધીમાં, જ્યોતિના અતૂટ સમર્પણના પરિણામો દેખાવા લાગ્યા જ્યારે તેણીએ થાઈલેન્ડમાં ભાલા ફેંક અને શોટ પુટમાં સિલ્વર મેડલ સાથે ડિસ્કસ થ્રોમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો. યોગિતા માંડવી, જુડો યોગિતા માંડવી છત્તીસગઢની ૧૪ વર્ષની જુડોકા છે. યોગિતાએ તેના માતા-પિતા બંને ગુમાવ્યા છે અને રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે મેડલ જીત્યા છે. મહારાષ્ટ્રના રમતગમત મંત્રી માણિકરાવ કોકાટેએ રાજીનામું આપ્યું; અજિત પવારે કાર્યભાર સંભાળ્યો યોગિતાએ હૈદરાબાદમાં યોજાયેલી સબ-જુનિયર અને કેડેટ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ જીત્યો. વિશ્વનાથ કાર્તિકેય પદકાંતિ, પર્વતારોહણ ૨૭ મે, ૨૦૨૫ ના રોજ, હૈદરાબાદનો કિશોર સુપ્રસિદ્ધ સેવન સમિટ ચેલેન્જ પૂર્ણ કરનાર સૌથી નાની ઉંમરનો ભારતીય અને વિશ્વનો બીજો સૌથી નાની ઉંમરનો વ્યક્તિ બન્યો. આ પરાક્રમમાં દરેક ખંડના સૌથી ઊંચા શિખર પર ચઢાણનો સમાવેશ થતો હતો અને તેને વૈશ્વિક પર્વતારોહણમાં સૌથી પ્રતિષ્ઠિત પરાક્રમોમાંનો એક માનવામાં આવે છે. જ્યોષ્ના સાબર, વેઈટલિફ્ટિંગ ઓડિશાના ગજપતિ જિલ્લાના ૧૭ વર્ષીય વેઈટલિફ્ટરે આંતરરાષ્ટ્રીય સ્તરે નોંધપાત્ર સફળતા હાંસલ કરી છે. તેણીએ ૨૦૨૩ માં અલ્બેનિયામાં એશિયન યુથ જુનિયર વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

---

### શરદ પવાર જૂથના ફરી MVAમાં જોડાવાથી પુણેમાં ત્રિપાંખિયો જંગ જોવા મળી શકે છે

# મહારાષ્ટ્રમાં કાકા શરદને 68 બેઠક આપવા તૈયાર નથી અજિત પવાર, ગઠબંધનની વાતચીત ફેલ!

• પૂણે

પુણે મ્યુનિસિપલ કોર્પોરેશન (PMC)ની ચૂંટણીમાં એકસાથે લડવાના શરદ પવાર અને અજિત પવારના પ્રયાસો નિષ્ફળ રહ્યા છે. બેઠકોની વહેંચણી અને પક્ષના ચિહ્ન મુદ્દે સર્જાયેલા ગજગ્રાહ બાદ બંને જૂથો વચ્ચેનું સંભવિત જોડાણ તૂટી ગયું છે. હવે શરદ પવારની NCP (શરદ પવાર જૂથ)એ ફરી એકવાર 'મહાવિકાસ આઘાડી' (MVA)ના સાથી પક્ષો સાથે હાથ મિલાવવાનો નિર્ણય કર્યો છે.

અહેવાલો અનુસાર, છેલ્લા સાત દિવસથી બંને જૂથો વચ્ચે ચાલી રહેલી મેરેથોન બેઠકોમાં મુખ્ય બે મુદ્દાઓ અવરોધ બન્યા હતા. જેમાં શરદ પવાર જૂથે પુણેમાં 68 બેઠકોની માંગણી કરી હતી. અજિત પવારે આ માંગને 'અવ્યવહારુ' ગણાવી ફગાવી દીધી હતી. જ્યારે અજિત પવારનો આગ્રહ હતો કે ગઠબંધનના તમામ ઉમેદવારો માત્ર NCPના અધિકૃત 'ઘડિયાળ' ચિહ્ન પર જ ચૂંટણી લડે. શરદ પવાર જૂથને લાગ્યું કે જો તેઓ આ શરત માને તો પુણેમાં તેમનું સ્વતંત્ર અસ્તિત્વ જોખમમાં મુકાઈ શકે છે.

અજિત પવારે બેઠકો ન આપવા પાછળ તર્ક આપ્યો હતો કે, વર્ષ 2017ની PMC ચૂંટણીમાં જ્યારે NCP અખંડ હતી, ત્યારે પણ પાર્ટી માત્ર 43 બેઠકો જીતી શકી હતી. આવી સ્થિતિમાં અત્યારે જ્યારે પક્ષ બે ભાગમાં વહેંચાયેલો છે, ત્યારે 68 બેઠકોની માંગણી તાર્કિક નથી.

અજિત પવાર સાથેની વાતચીત નિષ્ફળ જતાં, સુપ્રિયા સુલે અને જયંત પાટીલ સહિતના વરિષ્ઠ નેતાઓએ તાત્કાલિક બેઠક બોલાવી હતી. જેમાં સર્વાનુમતે નક્કી કરાયું કે, NCP (શરદ પવાર જૂથ) હવે કોંગ્રેસ અને શિવસેના (ઉદ્ધવ જૂથ) સાથે મળીને PMC ચૂંટણી લડશે. ત્રણેય પક્ષો વચ્ચે બેઠકોની વહેંચણી માટે નવી વાટાઘાટો શરૂ કરી દેવામાં આવી છે. જો કે, રસપ્રદ વાત એ છે કે પિંપરી-ચિંચવડમાં બંને NCP જૂથો હજુ પણ સાથે મળીને ચૂંટણી લડે તેવી શક્યતા સેવાઈ રહી છે.

શરદ પવાર જૂથના ફરી MVAમાં જોડાવાથી પુણેમાં ત્રિપાંખિયો જંગ જોવા મળી શકે છે. એક તરફ ભાજપ-શિવસેના (શિંદે જૂથ)ની મહાયુતિ, બીજી તરફ અજિત પવારની NCP અને ત્રીજી તરફ કોંગ્રેસ-UBT-NCP (શરદ પવાર જૂથ)નું મહાવિકાસ આઘાડી ગઠબંધન આમને-સામને હશે.

---

# સીતાપુરમાં પિતા અને પુત્રની ગોળી મારીને હત્યા

## બંને થોડા દિવસ પહેલા જ જેલમાંથી છૂટયા હતા

• લખનૌ,તા.૨૭

ઉત્તર પ્રદેશના સીતાપુર જિલ્લામાં એક સનસનાટીભરી ઘટના બની છે, જ્યાં બેવડી હત્યાથી ખળભળાટ મચી ગયો છે. ગુનેગારોએ પિતા અને પુત્રની ગોળી મારીને હત્યા કરી હોવાનું જણાવવામાં આવી રહ્યું છે.

અખ્તર અને મૈસરને જૂની દુશ્મનાવટને કારણે ગોળી મારી દેવામાં આવી હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. પિતા અને પુત્ર થોડા દિવસ પહેલા જ જેલમાંથી મુક્ત થયા હતા. બંને હત્યાના કેસમાં જેલમાં હતા. આ ડબલ મર્ડર બાદ સીતાપુરના ફતેહપુર ગામમાં તણાવ ફેલાયો છે. ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

પિતા અને પુત્રની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી, જેના કારણે ગામમાં સનસનાટી મચી ગઈ હતી. આ ઘટના જૂની દુશ્મનાવટને કારણે બની હતી. અત્યાર સુધી, ૨૪ કલાક પહેલા થયેલા વિવાદમાં પોલીસે કાર્યવાહીના નામે માત્ર વાક્ય બોલ્યા છે.

બે સમુદાયો વચ્ચે થયેલા ગોળીબારને કારણે અનેક પોલીસ સ્ટેશનની પોલીસ ઘટનાસ્થળે છે. આ ઘટના સીતાપુરના ઈમાલિયા સુલતાનપુર પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવતા ફતેહપુર ગામમાં બની હતી. ઘટના પહેલા પિતા અને પુત્રનો હુમલાખોરો સાથે વિવાદ થયો હતો. પીડિત પરિવારનો આરોપ છે કે પોલીસે કલમ ૧૫૧ હેઠળ કાર્યવાહી કરીને માત્ર વાક્ય બોલ્યા છે. પોલીસ કેસની તપાસ જે રીતે કરવી જોઈએ તે રીતે કરી રહી નથી. પોલીસ વિભાગે આરોપોને નકારી કાઢ્યા છે.

---


### જેમ્સ અને તેમના બેન્ડના સભ્યોને સુરક્ષા ઘેરામાં સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા

# બાંગ્લાદેશની સ્કૂલ કોન્સર્ટમાં ભીડનો હુમલો : ઈંટ-પથ્થર અને ખુરશીઓ ફેંકી, વિદ્યાર્થીઓ સહિત લોકો ૨૦ ઘાયલ

• ઢાકા, તા.૨૭

બાંગ્લાદેશના ફરીદપુર જિલ્લામાં શુક્રવારે રાત્રે ડિસ્ટ્રિક્ટ સ્કૂલની ૧૮૫મી વર્ષગાંઠના સમાપન સમારોહ દરમિયાન હિંસા થઈ. સમારોહમાં પ્રખ્યાત રોક સિંગર જેમ્સ (નાગર બાઉલ)નો કોન્સર્ટ યોજાવાનો હતો, પરંતુ તે પહેલાં જ ભીડે પથ્થરમારો શરૂ કરી દીધો.

આ ઘટના રાત્રે લગભગ ૯:૩૦ વાગ્યે બની, જ્યારે જેમ્સ મંચ પર આવવાના હતા. આયોજકોના મતે, કેટલાક બહારના લોકો બળજબરીથી કાર્યક્રમ સ્થળમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા. રોકવા પર, તેઓએ ઈંટ-પથ્થર અને ખુરશીઓ ફેંકવાનું શરૂ કર્યું અને મંચ તરફ આગળ વધવા લાગ્યા. ત્યારબાદ, વહીવટીતંત્રના નિર્દેશ પર કોન્સર્ટ રદ કરવામાં આવ્યો. ઘટનામાં ૨૦ લોકો ઘાયલ થયા. મોટાભાગના ઘાયલ શાળાના વિદ્યાર્થીઓ છે, જેમને માથા અને હાથ-પગમાં ઈજાઓ થઈ. ઘટનાસ્થળે



હાજર વિદ્યાર્થીઓ અને સ્વયંસેવકોએ પરિસ્થિતિને સંભાળવાનો પ્રયાસ કર્યો, જેના પછી હુમલાખોરો પાછા હટયા. સ્થિતિ બેકાબૂ બનતી જોઈને ફરીદપુર જિલ્લા પ્રશાસને તરત હસ્તક્ષેપ કર્યો. રાત્રે લગભગ ૧૦ વાગ્યે, આયોજન સમિતિના સંયોજક ડૉ. મુસ્તફિઝુર રહેમાન શમીમે મંચ પરથી જાહેરાત કરી કે કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા માટે જિલ્લા કમિશનરના નિર્દેશ પર જેમ્સનો કોન્સર્ટ રદ કરવામાં આવી રહ્યો છે. જેમ્સ અને તેમના બેન્ડના સભ્યોને સુરક્ષા ઘેરામાં સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા. કોઈ કલાકારને ઈજા થઈ ન હતી. પ્રસિદ્ધ ભારતીય સરોદ વાદક શિરાજ અલી ખાન (ઉસ્તાદ અલી અકબર ખાનના પૌત્ર અને મૈહર ઘરાના સાથે સંકળાયેલા) ૧૯ ડિસેમ્બરે છાયનાટમાં પ્રદર્શન કરવાના હતા. હુમલાના સમાચાર મળતા જ કાર્યક્રમ રદ થઈ ગયો.

---

# સત્ય નદેલા-સુંદર પિચાઈને પાછળ છોડી દુનિયાની સૌથી ધનિક ભારતીય મૂળની CEO બની જયશ્રી ઉલ્લાલ

## અરિસ્ટા નેટવર્ક્સની સફળતા અને ઉલ્લાલની ભૂમિકા

• નવી દિલ્હી

વૈશ્વિક ટેકનોલોજી ઉદ્યોગમાં જ્યારે પણ ભારતીય મૂળના સૌથી ધનિક CEOની વાત થતી, ત્યારે વર્ષોથી માઈક્રોસોફ્ટના સત્યા નદેલા અને ગૂગલના સુંદર પિચાઈનું નામ સૌથી પહેલા આવતું હતું. પરંતુ હવે આ તસવીર સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે. હુરુન ઈન્ડિયા રિચ લિસ્ટ 2025એ આ યાદીમાં એક નવું અને ઐતિહાસિક નામ જોડ્યું છે - અરિસ્ટા નેટવર્ક્સના અધ્યક્ષ અને CEO જયશ્રી ઉલ્લાલ. Hurunના રિપોર્ટ મુજબ, જયશ્રી ઉલ્લાલની કુલ સંપત્તિ 50,170 કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. આ આંકડો તેમને માત્ર સત્યા નદેલા અને સુંદર પિચાઈથી આગળ નથી લઈ જતો, પરંતુ તેમને દુનિયાના સૌથી ધનિક ભારતીય મૂળના પ્રોફેશનલ CEO બનાવે છે. સરખામણી કરીએ તો, સત્યા નદેલાની સંપત્તિ લગભગ 9,770 કરોડ રૂપિયા અને સુંદર પિચાઈની સંપત્તિ લગભગ 5,810 રૂપિયા કરોડ આંકવામાં આવી છે. જયશ્રી ઉલ્લાલ 2008થી અરિસ્ટા નેટવર્ક્સનું નેતૃત્વ કરી રહ્યા છે. ક્લાઉડ નેટવર્કિંગ અને હાઈ-પર્ફોર્મન્સ ડેટા સેન્ટર્સના ક્ષેત્રમાં આ કંપની આજે વૈશ્વિક લીડર તરીકે ઓળખાય છે. ફોર્બ્સ અનુસાર, 2024માં અરિસ્ટા નેટવર્ક્સની વાર્ષિક આવક લગભગ 7 બિલિયન ડોલર રહી હતી, જે પાછલા વર્ષની સરખામણીમાં લગભગ 20 ટકાનો મજબૂત વધારો દર્શાવે છે. કંપનીની આ સફળતામાં ઉલ્લાલની વ્યૂહાત્મક વિચારસરણી અને ટેક્નિકલ સમજની મોટી ભૂમિકા માનવામાં આવે છે. તેમની પાસે અરિસ્ટા નેટવર્ક્સના લગભગ 3 ટકા શેર છે અને કંપનીના શેરમાં આવેલા જબરદસ્ત ઉછાળાએ તેમની નેટવર્થને નવી ઊંચાઈ પર પહોંચાડી દીધી છે. જયશ્રી ઉલ્લાલનો જન્મ 27 માર્ચ, 1961ના રોજ લંડનમાં એક ભારતીય મૂળના પરિવારમાં થયો હતો. ખૂબ જ નાની ઉંમરે તેઓ ભારત આવી ગયા અને તેમનો પ્રારંભિક અભ્યાસ નવી દિલ્હીમાં થયો. તેમના પિતા એક પ્રતિષ્ઠિત ભૌતિકશાસ્ત્રી હતા અને IITsની સ્થાપના સાથે સંકળાયેલા શૈક્ષણિક માળખામાં તેમનું મહત્વનું યોગદાન હતું.

---

### છોકરીઓને મોબાઈલ ફોન આપવાથી ખરાબ ટેવ પડી શકે છે

# 20 વર્ષની ઉંમર સુધી ફોન અને હાફ-પેન્ટ પર પ્રતિબંધ!

• લખનઉ

ઉત્તર પ્રદેશના બાગપત જિલ્લાની ખાપ પંચાયતે એક ફરમાન જાહેર કર્યું છે. ખાપ પંચાયતે કિશોરો માટે સ્માર્ટફોન અને છોકરા-છોકરીઓ બંને માટે હાફ-પેન્ટ પર પ્રતિબંધ લગાવવાનો નિર્ણય લીધો છે. પંચાયતે વેસ્ટર્ન પ્રભાવને રોકવા અને સાંસ્કૃતિક મૂલ્યોની સુરક્ષા માટે આ જરૂરી ગણાવ્યું છે. આ સાથે જ પંચાયતે લગ્ન માટે પણ નવી ગાઈડલાઈન લાગુ કરી છે. પંચાયતની ગાઈડલાઈન પ્રમાણે લગ્ન સમારોહ માત્ર ગામમાં અથવા ઘરે જ યોજાશે, લગ્ન મેરેજ હૉલમાં નહીં. આ સાથે જ મહેમાનોની યાદી મર્યાદિત રહેશે અને ખર્ચ નિયંત્રણમાં રાખવામાં આવશે. હવે લગ્નના આમંત્રણો વોટ્સએપ દ્વારા મોકલવામાં આવશે. 20 વર્ષથી ઓછી ઉંમરના કિશોરો માટે સ્માર્ટફોનનો ઉપયોગ પ્રતિબંધિત રહેશે.



છોકરાઓ-છોકરીઓ બંને માટે હાફ-પેન્ટ પર પ્રતિબંધ રહેશે. પંચાયતનું કહેવું છે કે આ પગલું પરંપરાગત મૂલ્યોને પ્રોત્સાહન આપવા અને અનિચ્છનીય પ્રથાઓને રોકવાના ઉદ્દેશ્યથી ઉઠાવવામાં આવ્યું છે. ખાપ સભ્ય ચૌધરી બ્રજપાલ સિંહે કહ્યું કે, 'સમાજનો નિર્ણય સર્વોપરી છે. રાજસ્થાનમાં લેવાયેલા નિર્ણયની અમે પણ પ્રશંસા કરીએ છીએ. બાળકોને પોતાના પરિવાર અને વડીલો સાથે બેસીને યોગ્ય શિક્ષણ અને સામાજિક માર્ગદર્શન મળવું જોઈએ.

---

# કેન્દ્ર સરકારે ગરીબોના પેટ પર લાત મારી CWC બેઠકમાં મનરેગા મુદ્દે ખડગેના પ્રહાર

## 'પીઠ પાછળ ખંજર ઘોપ્યું' : 'દુષ્પરિણામ લાંબા સમયે દેખાશે

• નવી દિલ્હી

મોદી સરકારે મનરેગાનું નામ બદલી નાખતા આજે કોંગ્રેસે કાર્યસમિતિની બેઠક યોજી હતી. જેમાં પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, સોનિયા ગાંધી, રાહુલ ગાંધી સહિત અનેક નેતાઓએ હાજરી આપી હતી. જેમાં ખડગેએ કેન્દ્ર સરકારની નીતિઓની ઝાટકણી કાઢતા કહ્યું હતું કે 'દેશ આ સમયે એવા સમયમાંથી પસાર થઈ રહ્યો છે જ્યાં લોકતાંત્રિક સંસ્થાઓને કમજોર કરવામાં આવી રહી છે, સંવિધાનની ભાવનાઓને ઠેસ પહોંચાડી સામાન્ય નાગરિકના અધિકારોને સંકુચિત કરવામાં આવી રહ્યા છે. ખડગેએ કોંગ્રેસ નેતાઓને ટકોર કરી કે આ ફક્ત સમીક્ષા કરવાનો સમય નથી, પરંતુ આવનારા સંઘર્ષની દિશા નક્કી કરવાનો નિર્ણાયક મોડ છે. '

ખડગેએ શિયાળુ સત્રનો ઉલ્લેખ કરતાં કહ્યું, કે 'મોદી સરકારે મનરેગા જેવી ઐતિહાસિક યોજનાને કમજોર કરી કરોડો ગરીબ, મજૂર અને ગ્રામીણ પરિવારોની રોજી-રોટી પર સીધો પ્રહાર કર્યો છે. તેમણે ગરીબોના પેટ પર પાટુ મારી, પીઠ પાછળ ખંજર ઘોપ્યું છે. ખડગેએ કહ્યું મનરેગાનો અંત કરવો એક યોજનાનો અંત નથી પણ મહાત્મા ગાંધીના વિચારો અને તેમના સન્માન પર હુમલો છે.'

કોંગ્રેસ અધ્યક્ષે અહીં સોનિયા ગાંધીના લેખનો પણ ઉલ્લેખ કર્યો હતો, 'મનરેગાએ ગાંધીજીના સર્વોદયના સપનાને જમીન પર ઉતારવાનું કામ કર્યું, આ યોજનાનો અંત સામૂહિક નૈતિક નિષ્ફળતાને દર્શાવે છે, જેના સામાજિક અને આર્થિક દુષ્પરિણામ લાંબા સમયે દેખાશે. ખડગેએ યાદ અપાવ્યું કે કામ કરવાનો અધિકાર બંધારણના નીતિ નિર્દેશક અધિકારોની આત્મા છે, જેને UPA સરકારે શિક્ષા, ભોજન, સ્વાસ્થ્ય અને રોજગારના અધિકારોના રૂપમાં મજબૂતી આપી હતી.'

---

### ભારત સરકાર દેશ છોડીને ભાગી ગયેલા અને કાયદાથી બચી ગયેલા તમામ ભાગેડુઓને પાછા લાવવા માટે કામ કરી રહી છેઃ વિદેશ મંત્રાલય

# બાંગ્લાદેશમાં હિંદુની હત્યા અવગણી શકાય નહીં:હત્યારાઓને જલ્દી સજા મળે : ભારત



• નવી દિલ્હી, તા.૨૭

ભારતે બાંગ્લાદેશમાં ચાલી રહેલી અશાંતિ અને લઘુમતીઓ પર થઈ રહેલા અત્યાચારો અંગે ચિંતા વ્યક્ત કરી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે શુક્રવારે સાપ્તાહિક પ્રેસ બ્રીફિંગમાં જણાવ્યું કે હિંદુ યુવક દીપુ ચંદ્ર દાસની નિર્મમ હત્યાને નજરઅંદાજ કરી શકાય નહીં.

જયસ્વાલે કહ્યું, 'અમે ઢાકામાં હિંદુ યુવકની હત્યાની નિંદા કરીએ છીએ અને આશા રાખીએ છીએ કે ગુનેગારોને વહેલી તકે સજા મળશે.' વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ એમ પણ કહ્યું કે સરકાર લલિત મોદી અને વિજય માલ્યાને પાછા લાવવા માટે કામ કરી રહી છે. તેમણે આ ઉપરાંત ઘણા સવાલોના જવાબ આપ્યા.

ભારત સરકાર દેશ છોડીને ભાગી ગયેલા અને કાયદાથી બચી ગયેલા તમામ ભાગેડુઓને પાછા લાવવા માટે કામ કરી રહી છે. આ સંબંધમાં ઘણા દેશો સાથે વાતચીત ચાલી રહી છે. હું તમને જણાવી દઉં કે અમે તેમને કોઈપણ ભોગે પાછા લાવીશું.

ભારત સરકારને ઘણા ભારતીય નાગરિકો તરફથી ફરિયાદો મળી છે કે તેમને વિઝા એપોઈન્ટમેન્ટના રિશેડયુલિંગમાં સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. વિઝા સંબંધિત મુદ્દાઓ કોઈપણ દેશના ખાનગી ક્ષેત્ર સાથે સંબંધિત હોય છે, અમે આ મુદ્દાઓ અને અમારી ચિંતાઓને અમેરિકા સમક્ષ નવી દિલ્હી અને વોશિંગ્ટન ડીસી બંને જગ્યાએ ઉઠાવી છે. આ વિલંબને કારણે લોકો અને તેમના પરિવારોને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડયો છે. સરકાર આ મુદ્દાને ઉકેલવા અને ભારતીય નાગરિકો પર તેની અસર ઘટાડવા માટે અમેરિકી પક્ષ સાથે સક્રિયપણે વાતચીત કરી રહી છે. ભારત-અમેરિકા દ્વિપક્ષીય વેપાર કરારની વાટાઘાટો પર બંને સરકારો એક નિષ્પક્ષ અને સંતુલિત વેપાર કરારને અંતિમ સ્વરૂપ આપવાના હેતુથી સતત વાતચીત કરી રહી છે. અમેરિકી ઉપ વેપાર પ્રતિનિધિ તાજેતરમાં ભારતમાં હતા. તેમણે અહીં ઘણા અધિકારીઓ સાથે મુલાકાત કરી. વધુ માહિતી તમને વેપાર મંત્રાલય આપશે. ભારત-યુરોપિયન ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (હ્લ્છ) પર કામ ચાલી રહ્યું છે. હ્લ્છનો ૧૪મો રાઉન્ડ ઓક્ટોબરમાં બ્રસેલ્સમાં આયોજિત કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ટીમે ભારતનો પ્રવાસ કર્યો અને પછી ડિસેમ્બરમાં અમેરિકી વેપાર આયુક્ત પણ અહીં આવ્યા હતા. તેમને અન્ય મુદ્દાઓ પર ચર્ચા કરવાની હતી. બંને પક્ષો વાતચીતમાં વ્યસ્ત છે અને અમે જોઈશું કે આ વાતચીતને કેવી રીતે આગળ વધારી શકાય. અમે તેમના પરિવારના સંપર્કમાં છીએ. આ અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે. અમે અમારી ઊંડી સંવેદના વ્યક્ત કરીએ છીએ. અમે સ્થાનિક અધિકારીઓ સાથે પણ સંપર્કમાં છીએ, જેથી મૃત્યુના કારણો જાણી શકાય. અમારું દૂતાવાસ પરિવારને શક્ય તમામ સહાય પૂરી પાડી રહ્યું છે. અમે ઓસ્ટ્રેલિયાના બોન્ડી બીચ આતંકી હુમલાથી વાકેફ છીએ.